
વર્ષ : ૬૬ ■ અંક : ૪ ■ તા.૧૬-૨-૨૦૨૬

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક



## ગુજરાતમાં મહોરતી વિકાસની વસંત

# ગુજરાત પાક્ષિક / ગુજરાત રોજગાર સમાચાર

# ONLINE પેમેન્ટ કેવી રીતે કરશો?

**STEP - 1** https://onlinesbi.sbi.bank.in/sbicollect/

SBI Collect પોર્ટલ ખોલ્યા બાદ Type of Institutionમાં પસંદ કરો.

**DIRECTOR OF INFORMATION**




**STEP - 2** ગુજરાત પાક્ષિક / ગુજરાત રોજગાર સમાચાર

જે લવાજમ ભરવાનું છે તે સિલેક્ટ કરો.

**STEP - 3** પેમેન્ટ વિગતો દાખલ કરો

Enter Payment Detailsમાં તમારું નામ, મોબાઈલ નંબર, સરનામું જેવી જરૂરી વિગતો દાખલ કરો અને દાખલ કરેલી તમામ માહિતી ધ્યાનથી ચકાસી લો

I have read and agreed to the Terms & Conditions પર ☑ ટીક કરી Proceed પર ક્લિક કરો

**STEP - 4** હવે, Complete Paymentમાંથી પસંદ કરો

- Net Banking
- Debit / Credit Card
- UPI
- NEFT / RTGS
- Branch Payment

**STEP - 5** રસીદ ડાઉનલોડ કરો

પેમેન્ટ થયા બાદ

Print Receipt / Reference Number મળશે

તેને ડાઉનલોડ કરીને સાચવી રાખો.

**મહત્ત્વની સૂચના**

OTP / PIN કોઈને ન આપશો • માત્ર ઓફિશિયલ વેબસાઈટનો જ ઉપયોગ કરવો

**Gujarat**

The Reliable fortnightly of Gujaratis

Year : 66 ■ Issue : 4 ■ Date : 16 - 2 - 2026

| | | |
|---|---|---|
| **તંત્રી** | : | કે. એલ. બચાણી |
| **સહતંત્રી** | : | અરવિંદ પટેલ |
| **કાર્યવાહક તંત્રી** | : | જયેશ દવે |
| **સંપાદક** | : | મનીષા વાઘેલા |
| **સહસંપાદક** | : | બેલા મહેતા, અરૂણા ડાવરા, નીરવ રાવલ |
| **કલાનિર્દેશક** | : | જસ્મીન દવે |
| **લેઆઉટ ડિઝાઇન** | : | મૌલિક એમ. રાજપૂત |
| **વિતરણ વિભાગ** | : | ગીતા દેસાઇ, મિલન બેરા, દિવ્યરાજસિંહ ઝાલા |

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

| | | |
|---|---|---|
| **વિતરણ વિભાગ** | : | ફોન : ૦૭૯ - ૨૩૨૫૩૪૪૨ |
| **ઈ-મેલ એડ્રેસ** | : | gujaratmagazine@gmail.com |
| **ફરિયાદ એડ્રેસ** | : | gujaratpaxik1@gmail.com |
| **ફેસબુક લિંક** | : | gujaratinformation.official |

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.

ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**



રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.



માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ દ્વારા મુદ્રિત

**48 + 4 Cover = Total 52 Pages**

આ અંક નીચેની વેબસાઈટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે

**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઈઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી કમિશનરશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.



# શબ્દશઃ



- વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ હંમેશાં સામાન્ય લોકોને પ્રાધાન્ય આપ્યું છે. તેમના નેતૃત્વમાં વિકસિત અને આત્મનિર્ભર ભારત માટે રિફોર્મ એક્સપ્રેસને આગળ ધપાવતું આ બજેટ છે.
- વડાપ્રધાનશ્રીએ કર્તવ્યનો મુખ્ય આધાર લઈને આપેલા બજેટમાં ગ્રામ વિકાસ પર વિશેષ ભાર આપ્યો છે.
- યશસ્વી વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારત અને અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલ એ વિશ્વને નવા ભારતની શક્તિનો પરિચય છે.
- મહાત્મા ગાંધીજીની ગ્રામ સ્વરાજની વિચારધારા આજે રાષ્ટ્રનિર્માણના સંકલ્પની પ્રેરણાસ્રોત બની છે.
- વડાપ્રધાનશ્રીએ પૂજ્ય બાપુનાં સામાજિક સમરસતાની વિભાવનાના મૂલ્યોને આત્મસાત્ કર્યાં છે.
- ગુજરાત રાજ્યને વડાપ્રધાનશ્રીની વિઝીનરી લીડરશિપનો મહત્તમ ફાયદો થઈ રહ્યો છે.
- વર્ષ-૨૦૦૨માં વડાપ્રધાનશ્રીએ ફાગવેલની પવિત્ર ધરતી પરથી જ ગુજરાત ગૌરવ યાત્રાનો પ્રારંભ કરી વિકાસનો પાયો નાખ્યો હતો.
- ઐતિહાસિક, આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ગૌરવરૂપ વિરાસત ધરાવતું જૂનાગઢ શહેર આજે વિકાસનું જીવંત ઉદાહરણ બન્યું છે.
- મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજનાથી ગ્રામીણ અને શહેરી વિકાસ વચ્ચેનું "સમગ્ર અને સંતુલિત વિકાસ"નું વિઝન સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્રથી સાકાર થશે.
- મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજનાં હેઠળ રાજ્યના ૧૧૪ ગામોને શહેર જેવી સુવિધાઓ અપાશે.
- ડાયમંડ અને ટેક્સટાઈલ કેપિટલ તરીકે ઓળખાતું સુરત સ્વચ્છતા, ગ્રીન મોબિલિટી અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટમાં પણ અગ્રેસર છે.
- પરીક્ષા એ જીવનની કસોટી નથી, પણ આપણી મહેનતનું પ્રતિબિંબ છે અને સ્ટ્રેસને સક્સેસમાં બદલવાનું પ્લૅટફૉર્મ છે.
- વિકાસકામોમાં સુરેન્દ્રનગર શહેર-જિલ્લાના લોકોના "ઈઝ ઓફ લિવિંગ"ને પ્રાથમિકતા અપાઈ છે.
- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત છેલ્લા દોઢ દાયકામાં રૂ. ૬૬ હજાર કરોડ ફાળવવામાં આવ્યા.

**(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યના અંશો)**

## આકર્ષણ

૬ પ્રતિભાવ




૭ અભિપ્રાય



૨૯ વિકાસયાત્રા



33 ફોટોફિચર



3૬ વિકાસ દર્પણ



3૭ સમાચાર વિશેષ

૮ કવર સ્ટોરી



૨૩ સંબંધ સેતુ



૨૪ સંવેદના



૨૫ ગૌરવ



૪૨ સ્વદેશી



3૮ સંક્ષિપ્ત સમાચાર

૪૦ સાફલ્ય ગાથા

૪3 નિર્ણય

૪૪ પ્રાકૃતિક કૃષિ

૪૫ અવનવું

૪૬ ઝૂમ-ઇન

૪૭ પ્રેરણા

૪૮ ક્વિઝ કોર્નર

૪૯ જાણકારી

૫૦ શબ્દ યાત્રા

# ગુજરાતમાં વસંતનું "વિકાસ ગાન"



વસંતનાં પગલાં પડતાં પ્રકૃતિ સોળે કલાએ ખીલી ઊઠે છે. વસંત ઋતુના આગમન સાથે પ્રકૃતિ નવપલ્લવિત થાય છે. ગુજરાતમાં વિકાસ અને વસંત બન્નેની ઋતુ પુરબહારમાં ખીલી છે. તાજેતરમાં જૂનાગઢ, આણંદ, સુરત, ખેડા, સુરેન્દ્રનગર અને બનાસકાંઠા જિલ્લાઓમાં યોજાયેલા વિકાસ કાર્યક્રમો એ માત્ર આંકડાકીય સિદ્ધિઓ નથી, પરંતુ ગુજરાતમાં વસંત જેવી તાજગી લાવતો 'વિકાસનો વસંતોત્સવ' છે.

જૂનાગઢમાં રૂ. ૨૧૫ કરોડનાં ૨૬ વિકાસકાર્યો, આણંદમાં રૂ. ૨૩૪ કરોડના ૪૯ પ્રકલ્પો અને સુરતમાં આંતરમાળખાકીય મજબૂતીનાં કાર્યો દ્વારા સરકારે સાબિત કર્યું છે કે, ગુજરાતમાં વિકાસની ગતિ અવિરત છે. જ્યારે ખેડામાં ફાગવેલથી ૩૪૮ કરોડનાં વિકાસકાર્યોની નાગરિકોને ભેટ મળી. કપડવંજમાં અત્યાધુનિક CHC અને આયુર્વેદિક હૉસ્પિટલનું લોકાર્પણ થતાં આરોગ્ય સુવિધાનો વ્યાપ વધ્યો. સાથે જ સુરેન્દ્રનગરમાં રૂ. ૫૩૯ કરોડનાં વિકાસકાર્યોથી ઝાલાવાડ પંથક સુવિધા સંપન્ન બન્યો. શક્તિપીઠ અંબાજીના વિકાસ માટે રૂ. ૯૫૦ કરોડનાં ખર્ચે અંબાજી કૉરિડૉર પ્રૉજેક્ટથી શ્રદ્ધાળુઓને લાભ થશે.

આર્થિક આયોજન એટલે કે અંદાજપત્ર વિના વિકાસને વાસ્તવિક બનાવી ન શકાય. કેન્દ્રિય બજેટમાં લોથલ અને ધોળાવીરાનો પુરાતત્ત્વીય વિરાસત ક્લસ્ટર ટૂરિઝમ ડેવલપમેન્ટમાં સમાવેશને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સહર્ષ આવકાર્યો છે.

વિકાસકાર્યોનો જ્યાં વિચાર થાય અને તેને અમલીકરણ સુધી લઈ જવાય છે તેવી મંત્રીમંડળની બેઠકમાં નાગરિકલક્ષી નિર્ણયો કરવામાં આવ્યાં. વિકાસની વસંતમાં પ્રાસ બેસાડતાં હોય એમ સુજલામ્ સુફલામ્ જળઅભિયાનને ૨૧ ફેબ્રુઆરીથી શરૂ કરવાનો નિર્ણય લેવાયો. તો પી.એમ.કિસાન પોર્ટલમાં ખેડૂતોના ૮૮ ટકા રજિસ્ટ્રેશનની કામગીરી પૂર્ણ કરીને ગુજરાતે યોજનાકીય અમલીકરણમાં કેન્દ્ર સરકારની રૂ.૨૦૬ કરોડ ગ્રાન્ટ પણ મેળવી.

કચ્છના છારી-ઢંઢને રામસર સાઇટનો દરજ્જો મળતાં વિકાસના વસંતોત્સવમાં અહીંના પક્ષીઓના કલરવે પણ સૂર પૂરાવ્યો.

એક વિશેષ અને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની ગરિમાને વધુ ઉન્નત કરતી ઘટના સંસ્કારનગરી વડોદરામાં બની. જ્યારે મુખ્યમંત્રીશ્રીએ ભગવાન બુદ્ધના અવશેષોને શ્રીલંકામાં ભાવિકોના દર્શનાર્થે મોકલવાની ગૌરવશાળી વિધિનું નેતૃત્વ કર્યું. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી તેમજ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી આ પવિત્ર અવશેષોને શ્રીલંકા સુધી પૂર્ણ માનભેર લઈને પહોંચ્યા હતા. આ સાથે રાજ્ય સરકારનાં નિર્ણયો, વિકાસકાર્યો, સંવેદના, જાણકારી ઘણું બધું વર્તમાન અંકમાં સાંકળી લેવાયું છે, જે વાચકોને ગમશે જ.

જય જય ગરવી ગુજરાત...

**- કે. એલ. બચાણી,** આઇ.એ.એસ.
**માહિતી કમિશનર**

# ઉઠાવો કલમ પ્રતિભાવ

આગામી અંક માટે વાચકોએ **'ગુજરાત' પાક્ષિક વિશેના મંતવ્યો** વિષય પર પોતાના વિચારો ૧૫૦થી ૨૦૦ શબ્દોમાં gujaratmagazine@gmail.com આ ઇમેલ આઇડી અથવા બ્લૉક નં. ૧૯/૧, માહિતી કમિશનરની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતે મોકલવાના રહેશે.

વસંત ઋતુનો સંસ્કૃત સાહિત્યમાં 'ઋતુરાજ' તરીકે ઉલ્લેખ મળી રહે છે. મહાકવિ કાલિદાસથી લઈને અનેક કવિઓએ વસંતનું મનભરીને સુંદર વર્ણન કર્યું છે. 'કુમારસંભવમ્'માં કવિ કાલિદાસે લખ્યું છે કે, "વસંત ઋતુમાં બધું જ અત્યંત સુંદર લાગે છે. વૃક્ષો ફૂલોથી લદાયેલાં છે, જળાશયો કમળોથી શોભી રહ્યાં છે, પવન સુગંધિત છે, સાંજ સુખદ છે અને દિવસો રળિયામણા છે." આમ વસંતના આગમન સાથે પ્રકૃતિમાં થતા સુંદર ફેરફાર વિશે કવિએ વર્ણન કર્યું છે. અન્ય એક સુભાષિતમાં કહેવાયું છે કે, કાગડો અને કોયલ બંને રંગમાં શ્યામ છે, તો બંને વચ્ચે શો તફાવત છે? જવાબ પણ સુભાષિતમાં જ છે કે, "જ્યારે વસંત ઋતુ આવે છે ત્યારે કોયલ તેના મધુર ટહુકાથી વાતાવરણ પ્રફુલ્લિત કરીને બંને વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરે છે અને ખબર પડે છે કે કાગડો એ કાગડો છે અને કોયલ એ કોયલ છે."

**- કૃપા રાવલ** (અમદાવાદ)

વસંતોત્સવ માત્ર ઋતુનો ઉત્સવ નથી, પરંતુ સમાજમાં સકારાત્મકતા અને સર્જનાત્મકતાનું પ્રતીક છે. વસંત આવે ત્યારે પ્રકૃતિ માત્ર રંગીન જ નથી બનતી, પણ માનવીના વિચારો પણ નવેસરથી ખીલવા લાગે છે. રાજ્ય સરકાર દ્વારા ઊજવાતો વસંતોત્સવ એ જ ભાવનાને લોકોત્સવમાં ફેરવે છે. આ ઉત્સવમાં ફૂલપ્રદર્શન સાથે સાથે પર્યાવરણ જાગૃતિ, ઑર્ગેનિક ખેતી, સ્વદેશી હસ્તકલા અને યુવા કલાકારોને મંચ આપવાની પહેલ કરવામાં આવે છે, જે આજના સમય માટે બહુ મહત્ત્વપૂર્ણ છે. વસંતોત્સવ પરંપરા અને આધુનિકતાનો સુંદર સંગમ છે. અહીં લોકો માત્ર મજા માણતા નથી, પરંતુ સંસ્કૃતિ સાથે જોડાઈને જવાબદાર નાગરિક બનવાનું શીખે છે. રવીન્દ્રનાથ ટાગોર કહે છે - "જે મનને ખીલવે તે જ સાચી વસંત." વસંતોત્સવ એ ખીલેલા મન અને ખીલેલી સંસ્કૃતિનો ઉત્સવ છે.

**– સરવૈયા ડીમ્પલબા** (કચ્છ)

ગુજરાત સરકાર દ્વારા આયોજિત 'વસંતોત્સવ' એ રાજ્યનો એક અત્યંત લોકપ્રિય સાંસ્કૃતિક ઉત્સવ સરીખો કાર્યક્રમ છે. વસંત ઋતુના આગમનને આવકારવા ગુજરાત સરકાર દ્વારા પ્રતિવર્ષ આ રંગારંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. ગાંધીનગરમાંથી પસાર થતી સાબરમતી નદીના કિનારે આવેલા 'સંસ્કૃતિ કુંજ'માં પ્રકૃતિ અને સંસ્કૃતિના ખોળામાં તે ઊજવાય છે. સામાન્ય રીતે દર વર્ષે ફેબ્રુઆરી મહિનાના અંતમાં આ મહોત્સવ યોજાય છે. આ મહોત્સવ સતત ૧૦ દિવસ સુધી ચાલે છે. માત્ર ગુજરાત જ નહીં, પણ ભારતનાં વિવિધ રાજ્યોનાં જાણીતા લોકનૃત્યો જેમકે પંજાબનું ભાંગડા, અસમનું બિહુ, રાજસ્થાનનું કાલબેલિયા અને ગુજરાતના પારંપરિક રાસ-ગરબા અહીં રજૂ કરવામાં આવે છે. દેશભરના કારીગરો દ્વારા હાથથી બનાવવામાં આવેલી ચીજવસ્તુઓ, કપડાં અને ઘર સજાવટની વસ્તુઓના આકર્ષક સ્ટૉલ્સ હોય છે. મુલાકાતીઓ વિવિધ પ્રાદેશિક વાનગીઓનો પણ આનંદ માણતા હોય છે. વિવિધતામાં એકતાનો સંદેશ આપતા 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના મંત્રને તે સાર્થક કરતો ઉત્સવ છે. આ ઉત્સવનું આયોજન ગુજરાત સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

**– ડિમ્પલ અધ્વર્યું** (વલસાડ)

વસંતોત્સવ ભારતીય સંસ્કૃતિમાં આનંદ, નવીનતા અને પ્રકૃતિના પુનર્જાગરણના ઉત્સવ તરીકે ઊજવાય છે. શિયાળાની નિષ્ક્રિયતા બાદ વસંત ઋતુ પ્રકૃતિમાં નવચેતનાનો સંચાર કરે છે. વૃક્ષો પર નવાં પાન ફૂટે છે, ફૂલો પોતાની સુગંધ અને રંગોથી ધરતીને શોભિત કરે છે અને આકાશમાં કોયલના મીઠા સ્વરો ગુંજે છે. આવા સૌંદર્યમય વાતાવરણમાં વસંતોત્સવ માનવીના જીવનમાં પણ આશા અને ઉત્સાહનો સંદેશ લાવે છે. ગુજરાત સરકાર દ્વારા વસંતોત્સવને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે. ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા દર વર્ષે સાપુતારામાં આયોજિત થતો "વસંત ઉત્સવ" રાજ્યની ઓળખ બની ગયો છે. આ ઉત્સવ દરમિયાન લોકનૃત્ય, લોકસંગીત, હસ્તકલા પ્રદર્શન, ફૂલ પ્રદર્શનો તથા સાહસિક પ્રવૃત્તિઓ દ્વારા ગુજરાતની લોકસાંસ્કૃતિક ધરોહરને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે રજૂ કરવામાં આવે છે. વસંતોત્સવ માત્ર ઉત્સવ નથી, પરંતુ પ્રકૃતિપ્રેમ, સાંસ્કૃતિક ગૌરવ અને સામાજિક એકતાની ભાવનાને મજબૂત બનાવતું માધ્યમ છે. ગુજરાત સરકારની આ પહેલ રાજ્યની સાંસ્કૃતિક પરંપરાને જીવંત રાખવામાં અને પ્રવાસનને પ્રોત્સાહન આપવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

**– તેજસ વાછાણી** (જૂનાગઢ)



# વિકસિત ભારત માટે
# ક્વૉન્ટમ જમ્પ આપતું કેન્દ્રીય બજેટ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિકસિત ભારતના નિર્માણ માટેની મજબૂત પીઠિકા તૈયાર કરનારું કેન્દ્રીય બજેટ-૨૦૨૬ ગણાવી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બજેટની ભૂમિકા આપી હતી. આર્થિક વૃદ્ધિને વેગ આપીને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ, લોકોની અપેક્ષા પૂર્ણ કરીને દેશની સમૃદ્ધિમાં સક્રિય જનભાગીદારી અને સૌના સાથ સૌના વિકાસને વધુ ગતિ આપવાની પ્રતિબદ્ધતા કેન્દ્રીય બજેટ-૨૦૨૬માં પ્રતિબિંબિત થઈ છે તેવી પ્રતિક્રિયા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ બજેટને રિફોર્મ એક્સપ્રેસને આગળ ધપાવનારું અને વિકસિત ભારત માટેનો કોન્ટમ જમ્પ આપનારું બજેટ ગણાવ્યું હતું. ભારત આજે ત્રીજી આર્થિક મહાસત્તા બનવા તરફ ગતિ કરી રહ્યું છે ત્યારે આ બજેટ વિકસિત અને આત્મનિર્ભર ભારતના લક્ષ્યને સિદ્ધ કરવા તરફનું મહત્ત્વનું કદમ બનશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

કેન્દ્રીય બજેટમાં ફાર્મા સેક્ટરમાં ૧૦ હજાર કરોડ રૂપિયાની ફાળવણી સાથેના 'બાયોફાર્મા શક્તિ' કાર્યક્રમ દ્વારા દેશને ગ્લોબલ બાયોફાર્મા મેન્યુફેક્ચરિંગ હબ બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. ગુજરાત ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં દેશનું લીડર છે અને બાયોફાર્મા શક્તિ કાર્યક્રમનો રાજ્યના ફાર્મા સેક્ટરને સીધો લાભ મળશે તેવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

ટેક્સટાઇલ સેક્ટર માટે ૬ જેટલી યોજનાઓનો લાભ રાજ્યના ટેક્સટાઇલ ક્ષેત્રને પણ મળશે. પીએમ ગતિશક્તિથી DMIC ફ્રેઈટ રૂટના નેટવર્કથી લોજિસ્ટિક સપોર્ટ સુદૃઢ થયો છે હવે પૂર્વના દાનકુનીથી ટેક્સટાઇલ સિટી સુરત સુધીના નવા ડેડિકેટેડ ફ્રેઇટ કૉરિડોરથી રાજયના વ્યાપાર-ઉદ્યોગ અને ઉત્પાદન ક્ષેત્ર માટે ઝડપી લોજિસ્ટિક્સ સેવાઓ મળતી થશે.

કેન્દ્ર સરકારના આ વર્ષના બજેટમાં "ચૅમ્પિયન MSME"ના નિર્માણ માટે ૧૦ હજાર કરોડના ફંડની જાહેરાત રાજ્યના ૪૨.૯ લાખથી વધુ MSME અર્થતંત્રને સશક્ત બનાવશે. ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન ૨.૦નો લાભ પણ ગુજરાતને સીધો મળશે. ટેક્સ હોલીડેને પરિણામે ગિફ્ટ સિટીમાં ઇન્વેસ્ટર્સ વધુ ભરોસાથી લાંબા ગાળાના રોકાણ માટે આકર્ષિત થશે તેમ જણાવી તેમણે દેશના ફિનટેક હબ ગિફ્ટ સિટીમાં દસ વર્ષના ટેક્સ હોલીડેને વધારીને ૨૦ વર્ષનો કરવાની જાહેરાતને આવકારી હતી.

આ બજેટમાં ૫ લાખથી વધુ વસ્તીવાળાં ટીયર-ટુ અને ટીયર-થ્રી શહેરોને સિટી ઇકોનોમિક રિજન તરીકે વિકસાવવાની જે જાહેરાત કરવામાં આવી છે તેના પરિણામે ગુજરાતનાં મોટાં શહેરોની સાથે નાનાં શહેરોનો વિકાસ પણ વેગવંતો બનશે તેવો મત મુખ્યમંત્રીશ્રીએ રજૂ કર્યો હતો. ગુજરાત આવનારા સમયમાં કૉમનવેલ્થ ગેઇમ્સની યજમાની કરવા સજ્જ થયું છે તેને બજેટમાં જાહેર થયેલા 'ખેલો ઇન્ડિયા મિશન' કાર્યક્રમથી વધુ પ્રેરણા અને બળ મળશે એમ પણ મુખ્યમંત્રીશ્રી ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત નૅશનલ ગ્રોથમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપે છે તેનો વિશેષ ઉલ્લેખ કરતાં કહ્યું કે, ૧૬માં નાણાપંચ અંતર્ગત ગુજરાત માટે સેન્ટ્રલ ડિવોલ્યુશન ૩.૪૮ ટકાથી વધારીને ૩.૭૫ટકા કરવામાં આવ્યું છે. આના પરિણામે રાજ્યમાં ગ્રામીણ ક્ષેત્રો સહિતના ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટને વેગ મળશે તેવો મત તેમણે દર્શાવ્યો હતો.

કેન્દ્રીય બજેટ-૨૦૨૬ રજૂ થયા બાદ યોજાયેલી પત્રકાર પરિષદમાં મુખ્યમંત્રીશ્રીની સાથે નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, નાણા વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી ટી. નટરાજન તેમજ મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર ઉપસ્થિત રહ્યા હતા.



**કર્તવ્ય ભવનમાં તૈયાર થયેલું બજેટ ત્રણ કર્તવ્યો પર આધારિત બજેટ છે. આ ત્રણ કર્તવ્યોમાં, પ્રથમ કર્તવ્ય આર્થિક વિકાસને વેગ આપીને તેને ટકાવી રાખવાનું, બીજું કર્તવ્ય લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરવા અને તેમની કૅપેસિટી બિલ્ડિંગનું છે. ત્રીજું કર્તવ્ય, સૌના સાથ, સૌના વિકાસના વિઝન સાથે સુસંગત છે અને કૃષિ, પશુપાલન-મત્સ્યોદ્યોગ, સ્વસહાય જૂથો, ગ્રામીણ અર્થતંત્ર, સૌના વિકાસને પ્રાધાન્ય આપે છે.**

# ગુજરાતમાં મહોરતી વિકાસની વસંત

# જનહૃદયમાં ઊતરતું નેતૃત્વ

## સાસણની સાદગી, અંબાજીમાં પર્વ, આણંદનો આનંદ, સુરતનો સંવાદ, ખેડાનો ખંત અને સુરેન્દ્રનગરની સંસ્કૃતિ



વસંત માત્ર એક ઋતુ નથી, તે નવસર્જનનો સંદેશ છે, જ્યાં ધરતી હરિયાળી ઓઢે છે, આશાઓ ફૂટે છે, સપનાઓ પાંગરતાં થાય છે અને પ્રગતિ નવી દિશા પામે છે. વસંત જેમ સુકાઈ ગયેલી ડાળીઓને નવજીવન આપે છે, તેમ સશક્ત નેતૃત્વ અને સ્પષ્ટ દ્રષ્ટિ ધરાવતો વિકાસ સમાજને નવી ઊંચાઈઓ તરફ લઈ જાય છે.

વર્ષ ૨૦૨૬ની શરૂઆત ગુજરાત માટે પણ એવી જ વસંત લઈને આવી છે - વિકાસની, વિશ્વાસની અને જનસંવાદની. નવા વર્ષના પ્રથમ મહિનામાં જ જૂનાગઢમાં રૂ. ૨૧૫ કરોડ, આણંદમાં રૂ. ૬૬૩ કરોડ, સુરતમાં રૂ. ૩૪૨ કરોડ, ખેડામાં રૂ. ૩૪૮ કરોડ ઉપરાંત સુરેન્દ્રનગરમાં રૂ. ૫૩૯ કરોડ અને બનાસકાંઠાના અંબાજીમાં પ્રથમ તબક્કે રૂ.૯૫૦ કરોડના વિવિધ વિકાસ કામો મળીને તાજેતરમાં રાજ્યના કુલ રૂ. ૩,૦૫૭ કરોડથી વધુનાં વિકાસકાર્યો એ સાબિત કરે છે કે, ગુજરાતમાં વિકાસ માત્ર આંકડાઓ સુધી સીમિત નથી, પરંતુ તે લોકોના જીવનને સ્પર્શતી હકીકત બની રહ્યો છે.

જૂનાગઢની ઐતિહાસિક ધરતી પર વિકાસના નવા અધ્યાય લખાય છે તો આણંદ પોતાની સહકાર સંસ્કૃતિ અને સામાજિક ચેતનાને વિકાસની ધારા સાથે જોડીને આગળ વધે છે, જ્યારે સુરત પોતાની અદમ્ય ગતિ, આધુનિક શહેરીકરણ અને 'ઇઝ ઓફ લિવિંગ'ના મૉડેલ દ્વારા દેશભરમાં વિકાસનું ઉદાહરણ બની રહ્યું છે. ખેડાની પ્રગતિએ આંતરમાળખાકીય સુવિધાઓથી સમૃદ્ધિ તરફ સરકાર આગળ વધારી રહી છે અને આસ્થાના કેન્દ્ર શક્તિપીઠ અંબાજીને પણ શ્રદ્ધાળુઓ માટે અદ્યતન સુવિધાઓથી સંપન્ન બનાવવાના નિષ્ઠાવાન પ્રયાસો થઈ રહ્યા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સમર્થ સ્થિર અને જનકેન્દ્રિત નેતૃત્વ હેઠળ વિકાસની આ વસંત રાજ્યના ખૂણે-ખૂણે અનુભૂતિ બની રહી છે. જેમ વસંત ધરતી પર નવી કૂંપળો, રંગો અને સુગંધ લઈને આવે છે, તેમ ગુજરાતમાં વિકાસની વસંત આજે દરેક શહેર અને ગામમાં નવી આશા અને આત્મવિશ્વાસ ફેલાવી રહી છે.

ગુજરાતના વિકાસપથ પર જો નજર દોડાવીએ તો સૌરાષ્ટ્રનું ગૌરવ જૂનાગઢ, મધ્ય ગુજરાતનું સંતુલિત વિકાસ મૉડેલ આણંદ, દક્ષિણ ગુજરાતનું ઉદ્યોગ-પ્રગતિનું પ્રતીક સુરત, પ્રગતિમાં અગ્રેસર ખેડા, સંસ્કૃતિમાં અગ્રીમ સુરેન્દ્રનગર અને આસ્થાનું કેન્દ્ર અંબાજી વસંતની જેમ નવી ઊર્જા સાથે ખીલી ઊઠ્યાં છે. પર્યાવરણ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ગ્રામ સશક્તીકરણ અને શહેરી સુવિધાઓ - વિકાસના દરેક ક્ષેત્રમાં નવી ચેતના પ્રવાહિત થઈ છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વ અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સંકલ્પબદ્ધ અમલથી ગુજરાતમાં વિકાસ એક સતત, સંવેદનશીલ અને સર્વાંગી યાત્રા બની છે. આ યાત્રામાં જૂનાગઢ, આણંદ, સુરત, ખેડા, સુરેન્દ્રનગર અને અંબાજી પોતાની વિશિષ્ટ ઓળખ સાથે એક જ વિશ્વાસમાં જોડાયેલાં છે.



# જૂનાગઢ – વારસો, વન્યજીવન અને વિકાસનો સંગમ

ગરવા ગિરનારની છાયામાં વસેલું જૂનાગઢ ઐતિહાસિક, આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસાનું પ્રતીક છે. આજે આ શહેર વિકાસનું પણ જીવંત ઉદાહરણ બની રહ્યું છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નરસૈંયાની નગરી જૂનાગઢમાંથી રૂ. ૨૧૫ કરોડથી વધુનાં ૨૬ વિકાસકાર્યોની ભેટ આપી, ત્યારે વિકાસનો અર્થ માત્ર પ્રોજેક્ટ્સ નહીં પરંતુ લોકોના જીવનમાં આવતો બદલાવ બન્યો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જૂનાગઢમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નાનામાં નાના માણસની ચિંતા કરીને તેના ઉત્કર્ષ માટે હરહંમેશ કાર્યરત રહેવાના પ્રશાસનને આપેલા દિશાદર્શનને જૂનાગઢ મહાનગરપાલિકાએ શેરી ફેરિયાઓ માટે હોકર્સ ઝોન બનાવીને સાર્થક કર્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ નરસૈંયાની નગરી જૂનાગઢથી રૂ.૨૧૫ કરોડનાં ૨૬ વિકાસકાર્યોની ભેટ આપી જૂનાગઢ શહેર અને જિલ્લાની જનતાને 'વિકાસ'નો ઉપહાર અર્પણ કરતાં નરસિંહ મહેતા સરોવરના નવીનીકરણ સહિત રૂ.૧૪૩.૬૭ કરોડનાં ૧૮ કામોનાં લોકાર્પણ અને ૭૧.૯૮ કરોડના ખર્ચે નિર્મિત થનાર ૮ કામોનાં ખાતમુહૂર્ત કર્યાં હતાં.













મુખ્યમંત્રીશ્રીએ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સભાગૃહ ખાતેના મુખ્ય કાર્યક્રમમાં જન સુખાકારી અને વિકાસકાર્યોની ઇ - તકતી અનાવરણ કરી લોકાર્પણ - ખાતમુહૂર્ત કર્યું હતું

મુખ્યમંત્રીશ્રીએ ગરવા ગિરનારના સાંનિધ્યમાં અધ્યક્ષસ્થાનેથી સંબોધન કરતાં જણાવ્યું હતું કે, ઐતિહાસિક, આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ગૌરવ રૂપ વિરાસત ધરાવતું જૂનાગઢ શહેર આજે વિકાસનું પણ એક જીવંત ઉદાહરણ બન્યું છે.

તેમણે જણાવ્યું કે, જૂનાગઢ શહેરને નવીનીકરણ પામેલા નરસિંહ મહેતા સરોવરરૂપે એક નવું નજરાણું મળ્યું છે, ત્યારે તેની જાળવણી અને સ્વચ્છતા રાખવાની પણ આપણા સૌની જવાબદારી છે, પ્રવાસનનું પણ હબ ગણાતા જૂનાગઢ શહેરમાં ગુજરાત જ નહીં દેશ અને દુનિયાના લોકો આવતા હોય ત્યારે સ્વચ્છતામાં ઊણપ ન રહેવી જોઈએ, આ માટે તેમણે પદાધિકારીઓ- અધિકારીઓ અને જનસહયોગથી સ્વચ્છતાની નેમને સાકાર કરવા અનુરોધ કર્યો હતો.

વિકાસની રાજનીતિના અભિગમ સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કંડારેલાં પદચિહ્નો પર ગુજરાત સરકાર આગળ વધી રહી છે, તેમણે ખાસ નરસિંહ મહેતા સરોવર માટે હજુ પણ ખૂટતાં કામો માટે પણ ઍસ્ટિમેટ બનાવી મોકલી આપવા જણાવ્યું હતું અને તેને મંજૂર કરવાની પણ પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી.

તત્કાલીન મુખ્યમંત્રી તરીકે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જૂનાગઢ શહેરના વિકાસને ગતિ આપવા માટે ૨૦૦૨માં મહાનગરપાલિકા બનાવવાનો નિર્ણય કર્યો હતો, એ સમયે ખૂબ મર્યાદિત બજેટ હતું, તત્કાલીન મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૫માં શહેરી વિકાસ વર્ષ ઊજવ્યું હતું, ત્યારે સમગ્ર શહેરી વિકાસ વિભાગનું બજેટ રૂ. ૫૮૫ કરોડનું હતું, જે આજે સુદ્રઢ નાણાકીય વ્યવસ્થાપનના પરિણામે રૂ. ૩૦ હજાર કરોડ



સુધી બજેટ પહોંચ્યું છે.

વડાપ્રધાનશ્રીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં દરેક નાના માણસને ધ્યાનમાં રાખી યોજનાઓ બનાવવામાં આવી છે, જૂનાગઢ મહાનગરપાલિકાના વિસ્તારમાં પણ નાના માણસો ગૌરવભેર વ્યવસાય કરી શકે તે માટે હોકર્સ ઝોન બનાવવામાં આવ્યો છે.

વડાપ્રધાનશ્રીએ શૌર્ય અને આધ્યાત્મિકતાનાં ૧૦૦૦ વર્ષની વિરાસતથી આજની પેઢી પરિચિત થાય તે સંકલ્પ સોમનાથ સ્વાભિમાન પર્વની ભવ્ય ઉજવણીથી સાકાર કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ જળ સંરક્ષણ, ગ્લોબલ વોર્મિંગની સમસ્યાના નિવારણ માટે વૃક્ષોના વાવેતર, જમીન અને લોકોના આરોગ્યના રક્ષણ માટે પ્રાકૃતિક કૃષિ અપનાવવા માટે સવિશેષ અનુરોધ કર્યો હતો, તેમણે આ સંદર્ભમાં કહ્યું કે, ગ્લોબલ વોર્મિંગના કારણે વરસાદ, ગરમી, ઠંડીનો અમર્યાદિતપણે પ્રકોપ વધ્યો છે, ત્યારે ગ્રીન કવર વધારવું આવશ્યક છે.

તેમણે 'એક પેડ માં કે નામ' અભિયાનમાં સહભાગી બની વૃક્ષ-ઉછેર માટે પણ અનુરોધ કર્યો હતો, ઉપરાંત કેચ ધ રેઈન અભિયાન અંતર્ગત વરસાદી પાણીને જમીનમાં ઉતારવા માટે કામ કરવા પણ અપીલ કરી હતી, આ માટે રાજ્યના ધારાસભ્યશ્રીઓને અલગથી રૂ. ૫૦ લાખનું અનુદાન આપવામાં આવતું હોવાનો પણ ઉલ્લેખ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તે માટે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના વિશેષ પ્રયાસોનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે, જમીન અને સ્વાસ્થ્યની તંદુરસ્તી માટે પ્રાકૃતિક કૃષિ જરૂરી છે, આજે નાની ઉંમરના લોકોમાં ડાયાબિટીસ, કૅન્સર જેવા રોગોનું પ્રમાણ વધ્યું છે, ત્યારે રાજ્ય સરકાર જન હિતકારી પ્રાકૃતિક કૃષિની પહેલને ક્રમશઃ આગળ વધારી રહી છે.







આ પ્રસંગે ઊર્જા રાજ્ય મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર છેવાડાના માનવી સુધી વિકાસ પહોંચાડવા માટે કટિબદ્ધ છે. તેમણે જૂનાગઢ જિલ્લાને રૂ. ૨૧૫ કરોડથી વધુનાં વિકાસકામોની ભેટ આપવા બદલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર વ્યક્ત કરતાં કહ્યું હતું કે, આજે જૂનાગઢ શહેર અને જિલ્લામાં કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા વિવિધ વિકાસ પ્રકલ્પોનાં લોકાર્પણ અને નવાં કામોનાં ખાતમુહૂર્ત થયાં છે, જેમાં રસ્તાઓના નવીનીકરણ, પીવાના પાણીની વ્યવસ્થા, પ્રવાસન સુવિધામાં વધારો સહિતનાં કામોનો સમાવેશ થાય છે. આ વિકાસકાર્યો જૂનાગઢના અર્થતંત્રને વેગ આપશે અને સ્થાનિક રોજગારીની નવી તકો ઊભી કરશે. દેશના યુવાનો રમત ક્ષેત્રે કારકિર્દી બનાવે એ માટે રાજ્યના દરેક જિલ્લામાં સ્પોર્ટસ સંકુલની સ્થાપના કરવામાં આવી રહી છે.

જૂનાગઢ મહાનગરપાલિકાના મેયર શ્રી ધર્મેશ પોશિયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે વિકાસની કેડી કંડારી છે, તેના પર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેજીથી આગળ ધપી રહ્યા છે. જૂનાગઢ જિલ્લો પ્રવાસન ક્ષેત્રે પણ હરણફાળ ભરી રહ્યો છે ત્યારે નરસિંહ મહેતા સરોવર એ જૂનાગઢવાસીઓ માટે નવું નજરાણું બની રહેશે. આ પ્રસંગે જૂનાગઢના પ્રસિદ્ધ ઢોલક વાદક શ્રી હાજીભાઈ કાસમભાઈ મીર (હાજી રમકડું)ને ભારત સરકાર દ્વારા પદ્મશ્રી ઍવૉર્ડ આપવાનું જાહેર થતાં આ તકે તેઓનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા શાલ ઓઢાડીને વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે જૂનાગઢ મહાનગરપાલિકાનાં વિવિધ વિકાસકાર્યોને દર્શાવતી ટૂંકી ફિલ્મનું નિદર્શન કરવામાં આવ્યું હતું.

## નરસિંહ મહેતા સરોવર – વિકાસનું નવું નજરાણું

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્ય સરકારની શહેરીકરણ સુવિધા અંતર્ગત મહાનગરપાલિકા જૂનાગઢ દ્વારા બ્યુટીફિકેશન નવીનીકરણ કરાયેલા નરસિંહ મહેતા સરોવરના બ્યુટીફિકેશન પ્રોજેક્ટનું લોકાર્પણ કરી રમણીય સરોવરનું નિરીક્ષણ કર્યું હતું. વર્ષો પછી જૂનાગઢને એક નવું નજરાણું મળ્યું છે. આ સરોવર જળસંગ્રહની સાથે તેના સૌંદર્યને લીધે એક આગવી ઓળખ ધરાવે છે, જેને રાજ્ય સરકારની યોજના અંતર્ગત નવાં રંગરૂપ આપવામાં આવ્યાં છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રૂ. ૨૧૫ કરોડથી વધુના પ્રોજેક્ટનું લોકાર્પણ-ખાતમુહૂર્તના મુખ્ય કાર્યક્રમ પૂર્વે જૂનાગઢ શહેરની મધ્યમાં આવેલા નરસિંહ મહેતા સરોવરની મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીશ્રીએ સૌ પ્રથમ શહીદ સ્મારક ખાતે દેશના શહીદો-વીરોને પુષ્પાંજલિ આપી હતી. ત્યારબાદ મુખ્યમંત્રીશ્રીએ ભક્ત કવિ નરસિંહ મહેતાની પ્રતિમાને પુષ્પાંજલિ કરી વંદન કર્યાં હતાં.

મુખ્યમંત્રીશ્રીએ રૂ. ૬૮ કરોડના ખર્ચે નવનિર્મિત નરસિંહ મહેતા સરોવરના બ્યુટીફિકેશનના મહત્ત્વના કાર્યનું લોકાર્પણ કરી તકતીનું અનાવરણ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ નરસિંહ મહેતા સરોવરે બનાવાયેલા રિંગરોડ પર જઈ વિવિધ સુવિધાનું નિરીક્ષણ કર્યું હતું. અહીં મુખ્યમંત્રીશ્રીએ રાજ્ય સરકારની યોજના અંતર્ગત જૂનાગઢ મહાનગરપાલિકાનાં ૯ આધુનિક ફાયર વાહનોનું પણ લોકાર્પણ કરી ફ્લેગ ઑફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું. મ્યુનિસિપલ કમિશનર શ્રી તેજસ પરમારે આ પ્રોજેક્ટસની મુખ્યમંત્રીશ્રીને માહિતી આપી હતી.

આ મુલાકાત દરમિયાન જિલ્લાના સહપ્રભારી મંત્રી શ્રી



કૌશિકભાઈ વેકરિયા, ધારાસભ્ય શ્રી સંજયભાઈ કોરડિયા, મેયર શ્રી ધર્મેશભાઈ પોશિયા અને અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ગીર અને સાસણ - પર્યાવરણ સંરક્ષણ સાથેનો વિકાસ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વહેલી સવારે સાસણ ગીરમાં જંગલ સફારીનો આનંદ માણ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ ગીર સફારીમાં સિંહદર્શન કર્યાં હતાં. નિર્ભય રીતે વિહરતા સિંહ સહિતના વન્યજીવો નિહાળી મુખ્યમંત્રીશ્રી આનંદિત થયા હતા. મુખ્યમંત્રીશ્રીએ ગીર સફારીમાં કેરંભા થાણા વિસ્તારની મુલાકાત લીધી હતી. આ વિસ્તારમાં મુખ્યમંત્રીશ્રીએ જુદા જુદા વિસ્તારમાં સિંહોને નિહાળ્યા હતા.

ગીર અને સમગ્ર સૌરાષ્ટ્રના સિંહોની વસાહતવાળા વિસ્તારમાં વર્ષ ૨૦૨૫ની વસ્તી ગણતરી પ્રમાણે ૮૯૧ સિંહ વિહરે છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં વન્યજીવ, ખાસ કરીને સિંહના સંરક્ષણ માટે પ્રોજેક્ટ લાયનની અમલવારી કરવામાં આવી છે. જે સિંહોના સંરક્ષણ માટે બહુ આયામી સંરક્ષણ શૃંખલાને સાર્થક કરે છે. ગીર સફારી પાર્ક અને સંલગ્ન વિસ્તારમાં હાલ પ્રવાસીઓના જંગલ મુલાકાત અને વન્યજીવ દર્શનના ૧૩ રૂટ કાર્યરત છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ત્રીજી માર્ચની વાઇલ્ડ લાઇફ દિવસની ઉજવણી અંતર્ગત તેમની મુલાકાત બાદ ગીરમાં પ્રવાસીઓનો વધારો થયો છે જેને કારણે રોજગારીની તકો પણ વધી છે. મુખ્યમંત્રીશ્રીને સાસણના નાયબ વન સંરક્ષક શ્રી પ્રશાંત તોમરે સાસણમાં વન વિભાગ દ્વારા સિંહ અને વન્યજીવોના સંરક્ષણની કામગીરીની માહિતી આપી હતી. મુખ્યમંત્રીશ્રીની ગીરની મુલાકાત દરમિયાન વન વિભાગના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### વનકર્મીઓ માટેનાં વાહનોને ફ્લેગ ઓફ

વનસંપદા અને વન્ય જીવસૃષ્ટિમાં સમૃદ્ધ ગુજરાતમાં વન્ય પ્રાણી સંરક્ષણ, સંવર્ધન, રેસ્ક્યૂ અને રિહેબિલિટેશનની વિવિધ કામગીરી માટે ફિલ્ડમાં ફરજ બજાવતા વનકર્મીઓને ચોક્કસ પ્રકારની ખાસ





સુવિધાથી સજ્જ વાહનો આપવામાં આવ્યાં છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સાસણગીરમાં આવાં ૧૮૩ વાહનોને ફ્લેગ ઑફ કરાવ્યું હતું. વન વિભાગે વિવિધ પ્રોજેક્ટ્સ અંતર્ગત ૧૭૪ ફિલ્ડ બાઈક, ૬ બોલેરો કેમ્પર અને ૩ મોડિફાઇડ રૅસ્ક્યૂ વિહિકલ્સ ફૉરેસ્ટ ફિલ્ડ સ્ટાફના પેટ્રોલિંગ, પ્રોટક્શન અને રૅસ્ક્યૂ કામગીરી માટે ઉપલબ્ધ કરાવ્યાં છે.

મુખ્યમંત્રીશ્રીએ ખાસ સુવિધાથી સજ્જ આ વાહનોનું સંબંધિત વનકર્મીઓને ફાળવણી માટે ફ્લેગ ઑફ કરાવ્યું તે અવસરે વન પર્યાવરણ અગ્ર સચિવ શ્રી ડૉ. વિનોદ રાવ, અગ્ર મુખ્ય વન સંરક્ષક ડૉ. જયપાલસિંહ અને વન વિભાગના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ વન વિભાગના રૅસ્ક્યૂ સેન્ટરની પણ આ વેળાએ મુલાકાત લીધી હતી. ગીર, બૃહદ ગીર અને સમગ્ર લાયન લેન્ડસ્કેપ તેમજ રાજ્યના અન્ય વન વિસ્તારોના વનકર્મીઓ માટે આ નવાં ફાળવાયેલાં વાહનો વધુ સક્ષમતાપૂર્વક ફરજો બજાવવા અને રૅસ્ક્યૂ કામગીરી માટે ઉપયોગી બનશે.

## સંવેદનશીલ અને સરળ મુખ્યમંત્રીશ્રી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરળતા, નિખાલસતા, અને સંવેદનાસભર સ્વભાવ સાસણના લોકો, સ્થાનિક વેપારીઓ અને પ્રવાસીને હૃદયમાં સ્પર્શી ગયાં હતાં.

મુખ્યમંત્રીશ્રી જૂનાગઢમાં વિકાસકાર્યોના લોકાર્પણ બાદ સાસણ ગીરમાં પહોંચ્યા હતા. સિંહ સદનમાંથી મુખ્યમંત્રીશ્રી બહાર નીકળી એક કૉમન મૅનની જેમ બજારમાં લોકોને મળ્યા હતા. એટલું જ નહીં તેઓ ગીરની પ્રખ્યાત કેરી પ્રોડક્ટ સહિતની સ્થાનિક સ્વદેશી પ્રોડક્ટ, સિંહની પ્રતિકૃતિવાળી હસ્તકલાની ચીજ-વસ્તુઓ વેચતા વેપારીના સ્ટોલ પર પહોંચ્યા અને સ્વદેશી ચીજ-વસ્તુઓ અને હસ્તકલાની ચીજ-વસ્તુઓ વેચતા વેપારીઓને પ્રોત્સાહન આપ્યું. ત્યાંથી આગળ વધીને મુખ્યમંત્રીશ્રી માર્ગમાં લોકોને મળ્યા, લોકોના ખબર-અંતર પૂછી તેમની સાથે વાતચીત પણ કરી.

વડાપ્રધાનશ્રીની સાસણની મુલાકાત બાદ સાસણમાં સતત પ્રવાસીઓનો વધારો થઈ રહ્યો છે અને સાસણ આજે વિશ્વના પ્રવાસન નકશા પર અંકિત થઈ રહ્યું છે અને તેની સાથે સિંહ સંવર્ધનમાં સૌની સહભાગિતા સહિતની ગૌરવભરી ગાથા જાણીને મુખ્યમંત્રીશ્રીએ રાજીપો વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ વિદ્યાર્થીઓ-બહેનો સાથે પણ સંવાદ કરીને તેમને શુભકામના પાઠવી હતી. પ્રવાસીઓ અને સ્થાનિક વેપારીઓને મળીને લોકલાગણીને સ્વીકારી મુખ્યમંત્રીએ તેમની સાથે બેસીને ચા પણ પીધી હતી.







# આણંદમાં ગ્રામીણ ઉત્કર્ષ અને ટેક્નોલોજીનો સમન્વય

આણંદ જિલ્લાના વિકાસમાં વધુ એક મહત્ત્વપૂર્ણ પડાવ ત્યારે ઉમેરાયો, જ્યારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે રૂ. ૨૩,૪૦૧.૪૦ લાખના ખર્ચે વિવિધ વિભાગોના ૪૯ વિકાસલક્ષી પ્રકલ્પોનાં ઈ-ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યાં. એક જ દિવસમાં આટલી મોટી વિકાસભેટ આપીને રાજ્ય સરકારે આણંદ જિલ્લાના સર્વાંગી વિકાસ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા ફરી એક વાર સ્પષ્ટ કરી.

પૂજ્ય બાપુના નિર્વાણ દિને યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ બાપુનાં સ્વચ્છતા, આત્મનિર્ભરતા અને સામાજિક સમરસતાનાં મૂલ્યોને આત્મસાત કરીને વિકાસની રાજનીતિને નવી દિશા આપી છે. સસ્ટેનેબલ ડેવલપમેન્ટ અને ઈન્ક્લુઝિવ ગ્રોથની આજની ચર્ચામાં ગાંધીજીની સર્વોદયની વિચારધારા વધુ પ્રાસંગિક બની છે.

ગુજરાતને વડાપ્રધાનશ્રીની વિઝનરી લીડરશિપનો મહત્તમ લાભ મળી રહ્યો છે. વાઈબ્રન્ટ ગુજરાતની પહેલથી રાજ્યમાં ઉદ્યોગ, રોજગાર અને મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું થયું છે અને ગુજરાત આજે વૈશ્વિક મંચ પર પોતાની આગવી ઓળખ ધરાવે છે.

ખંભાતની વિશિષ્ટ ઓળખ અંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીના પતંગોત્સવ કાર્યક્રમની પહેલના કારણે આજે ખંભાત સમગ્ર રાજ્યમાં પતંગ ઉદ્યોગનું કેન્દ્ર બન્યું છે. વિકસિત ખંભાતથી વિકસિત આણંદ અને વિકસિત ગુજરાત થકી વિકસિત ભારતના નિર્માણ માટે સૌના સહકારની તેમણે અપેક્ષા વ્યક્ત કરી.

શહેરી વિકાસ અંગે તેમણે ઉમેર્યું કે, ગુજરાત ફાઈનાન્સિયલ મૅનેજમેન્ટનું ઉત્તમ ઉદાહરણ છે. વર્ષ ૨૦૦૫માં શહેરી વિકાસ માટેનું બજેટ રૂ. ૫૮૫ કરોડ હતું, જે આજે વધીને રૂ. ૩૦ હજાર કરોડ સુધી પહોંચ્યું છે. સાથે જ, વિકાસકાર્યોમાં ગુણવત્તા અને નાગરિકોની સહભાગિતાને તેમણે અત્યંત મહત્ત્વપૂર્ણ ગણાવી.

પ્રધાનમંત્રીશ્રીનો અભિગમ છેવાડાના માનવીને વિકાસની મુખ્યધારામાં લાવવાનો રહ્યો છે. 'વિચારથી સેચ્યુરેશન સુધી'ના આ માર્ગમાં ગુજરાત અગ્રેસર છે. આયુષ્માન કાર્ડ, વીજળી, પાણી અને માર્ગ સુવિધાઓ આજે ગામડાં સુધી મજબૂત રીતે પહોંચી રહ્યાં છે.

આ પ્રસંગે અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી રમણભાઈ સોલંકીએ જણાવ્યું કે, આણંદ જિલ્લો હંમેશાં સર્વાંગી વિકાસની દિશામાં આગળ રહ્યો છે. ધારાસભ્યશ્રી ચિરાગભાઈ પટેલે ખંભાતમાં મીઠા પાણીની યોજનાના ખાતમુહૂર્તને વર્ષોની માંગણી પૂર્ણ થવાની ઐતિહાસિક ક્ષણ ગણાવી.

દેવપુરા જેવા નાના ગામમાં રૂ. ૭૫૦ લાખના મેજર રોડ સહિતનાં વિકાસકામો ગ્રામીણ જીવનમાં બદલાવ લાવી રહ્યા છે. ગ્રામજનોએ મુખ્યમંત્રીશ્રીને મળીને પોતાની ખુશી વ્યક્ત કરી, જે વિકાસની લોકભાગીદારીનું સુંદર ઉદાહરણ બન્યું.

### આણંદ - ગામથી શહેરી સુવિધા સુધીનો વિકાસસેતુ

ગુજરાતના ગ્રામ-વિકાસના ઈતિહાસમાં એક મહત્ત્વપૂર્ણ અધ્યાય ઉમેરાતો હોય તેમ, રાજ્યનાં ૨૬૬૬ ગામોને પોતીકાં ગ્રામપંચાયત ઘર કમ તલાટી આવાસ મળવાનો માર્ગ ખૂલ્યો છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રૂ. ૬૬૩ કરોડના કુલ ખર્ચે નિર્માણ થનારાં આ ગ્રામપંચાયત ઘરોનું એકસાથે, એક જ સ્થળેથી ઈ-ખાતમુહૂર્ત યોજાયું - અને એ સાથે જ ગ્રામસ્વરાજનો વિચાર વધુ મજબૂત બન્યો.

### સેચ્યુરેશનનો વિચાર : દરેક ગામમાં પોતાનું પંચાયત ઘર

મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આત્મનિર્ભર ભારત માટે ગામડાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ પર જે ભાર મૂક્યો છે, તેમાં ગુજરાત અગ્રેસર રહેવા પ્રતિબદ્ધ છે. વડાપ્રધાનશ્રીએ આપેલી ૧૦૦ ટકા લક્ષ્યાંક



સિદ્ધિ - સેચ્યુરેશન એપ્રોચ રાજ્યની બધી જ ગ્રામપંચાયતોને પોતીકાં પંચાયત ઘર આપી સાકાર કરવાનો મહત્ત્વાકાંક્ષી નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.

આ ૨૬૬૬ ગામોમાં પંચાયત ઘર કમ તલાટી આવાસોના નિર્માણથી ગ્રામીણ નાગરિકોને સ્થાનિક સ્તરે જ સરકારી સેવાઓ સરળતાથી ઉપલબ્ધ થશે - એવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. સરપંચ અને તલાટી એક જ સ્થળે બેસીને કાર્ય કરી શકે તેવી વ્યવસ્થા ગ્રામ વિકાસને નવી ગતિ આપશે.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ આણંદ જિલ્લાના ભાદરણ ખાતેથી 'મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજના'નું રાજ્યવ્યાપી લોન્ચિંગ પણ કર્યું. પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી રમણભાઈ સોલંકી તથા ગ્રામ-વિકાસ રાજ્યમંત્રી શ્રી સંજયસિંહ મહિડા સહિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ યોજના રાજ્યભરમાં શરૂ થઈ.

પ્રથમ તબક્કામાં જ્યાં નગરપાલિકા નથી એવાં ૧૧૪ તાલુકા મથકનાં ગામોને આ યોજના હેઠળ આવરી લેવામાં આવશે. રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પીવાનું પાણી, સ્વચ્છતા, સોલાર સ્ટ્રીટ-લાઈટ, ઇ-ગ્રામ સેવાઓ, કોમ્યુનિટી હૉલ જેવી શહેર સમકક્ષ આધુનિક સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, આગામી સમયમાં ૧૦ હજારથી વધુ વસ્તી ધરાવતી ગ્રામપંચાયતોને પણ આ યોજના હેઠળ આવરી લેવાનું રાજ્ય સરકારનું લક્ષ્ય છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, શહેરો પર વધતું શહેરીકરણનું દબાણ ઓછું કરવા અને ગામોમાં રોજગાર તથા સુવિધાઓ વધારવા ગ્રામ-વિકાસને કેન્દ્રસ્થાને રાખીને વિશેષ આયોજન થઈ રહ્યું છે. વિકાસનો સ્કેલ અને સ્પીડ બંને વધ્યાં છે - અને એનું કેન્દ્રબિંદુ હવે ગામડાં બની રહ્યાં છે.

"કેચ ધ રેઇન" અભિયાન અંતર્ગત વરસાદી પાણીના સંગ્રહ અને ભૂગર્ભ જળ રિચાર્જ માટે વિશેષ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. દરેક ધારાસભ્યને રૂ. ૫૦ લાખની વિશેષ ગ્રાન્ટ ફાળવીને સ્થાનિક સ્તરે રિચાર્જિંગ માળખાં ઊભાં કરાઈ રહ્યાં છે. સાથે જ, ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવવાની અપીલ કરીને જમીનના સ્વાસ્થ્ય અને આવનારી પેઢીના સુખદ ભવિષ્યનો સંકલ્પ લેવાયો છે.

શહીદ દિવસ અને મહાત્મા ગાંધીજીના નિર્વાણ દિવસ નિમિત્તે મુખ્યમંત્રીશ્રીએ બાપુને શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં જણાવ્યું કે, "ગામડાઓમાં ભારતનો આત્મા વસે છે" - આ વિચારને સાચા અર્થમાં સાકાર કરવાનો માર્ગ આજની ગ્રામ વિકાસ નીતિઓમાં સ્પષ્ટ દેખાય છે. ૧૦ હજારથી વધુ આધુનિક ગ્રામ સચિવાલય બનાવવાની નેમ સાથે ગ્રામ સ્વરાજને આધુનિક સ્વરૂપ મળતું જાય છે.

પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, રૂ. ૬૬૩ કરોડના ખર્ચે સમગ્ર રાજ્યમાં ૨૬૬૬ ગ્રામપંચાયત ભવનોનું નિર્માણ ગુજરાતના ગ્રામ-વિકાસ માટે નવી દિશા પુરવાર થશે. અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી રમણભાઈ સોલંકીએ ભાદરણ ગામના વિકાસ મૉડેલની પ્રશંસા કરતાં જણાવ્યું કે, જનસહયોગ અને કાર્યક્ષમ વહીવટથી ગામડાં પણ વિકાસનું મૉડેલ બની શકે છે.

આ રીતે આણંદ માત્ર દૂધ અને સહકાર માટે નહીં, પરંતુ ગ્રામ વિકાસની નવી વિચારધારા માટે પણ ગુજરાતના નકશા પર આગવી ઓળખ ઊભી કરી રહ્યું છે.





# સુરત : વિકાસનું ગ્રોથ એન્જિન અને ઇઝ ઓફ લિવિંગનું મૉડલ

વર્ષ ૨૦૨૬ના પ્રથમ એવા જાન્યુઆરી માસના એક મહિનામાં રાજ્યને રૂ. ૪૮૭૦ કરોડથી વધુનાં વિકાસકામો મળ્યાં - અને તેમાં સુરતનો ફાળો નોંધપાત્ર રહ્યો. એથી એક ડગલું આગળવધીને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સુરતવાસીઓને તાજેતરમાં રૂ. ૩૪૨ કરોડના વિકાસ-પ્રકલ્પોની ભેટ આપીને સ્પષ્ટ સંદેશ આપ્યો કે, વિકાસ હવે સમયબદ્ધ, પરિણામલક્ષી અને નાગરિક કેન્દ્રિત બની ગયો છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખાતમુહૂર્ત અને લોકાર્પણ એક જ સરકારના કાર્યકાળમાં થાય તેવો સમયબદ્ધ આયોજનનો જે અભિગમ વિકસાવ્યો છે, તેને ગુજરાતે અસરકારક રીતે સાકાર કર્યો છે. પરિણામે વર્ષ ૨૦૨૬ની શરૂઆત જ રાજ્ય માટે વિકાસની નવી ગતિ લઈને આવી છે.

સુરત મહાનગરપાલિકાનાં રૂ. ૧૭૩.૭૮ કરોડનાં વિકાસકામોનાં લોકાર્પણ અને રૂ. ૧૬૯ કરોડનાં વિકાસકામોનાં ખાતમુહૂર્ત મળીને કુલ રૂ. ૩૪૨ કરોડની વિકાસભેટ સુરતને અપાઈ. આ પ્રકલ્પો શહેરના 'ઇઝ ઓફ લિવિંગ'માં નોંધપાત્ર વધારો લાવનારા છે.

### ગોટાલાવાડી ટેનામેન્ટ : ગૌરવપૂર્ણ આવાસનું સ્વપ્ન

રાજ્ય સરકારની 'જાહેર આવાસોના પુનઃવિકાસ યોજના-૨૦૧૬' અંતર્ગત કતારગામ વિસ્તારના ગોટાલાવાડી ટેનામેન્ટના ૧૩૦૪ આવાસોનું PPP ધોરણે રિડેવલપમેન્ટ પૂર્ણ થયું. મુખ્યમંત્રીશ્રીએ નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલની ઉપસ્થિતિમાં આવાસોનું લોકાર્પણ કરી લાભાર્થીઓ માટે કમ્પ્યૂટરાઇઝ્ડ ડ્રો યોજાયો. આ પ્રોજેક્ટથી ૧૩૦૪ પરિવારોને સુરક્ષિત, આધુનિક અને સન્માનજનક આવાસ મળ્યા છે.

### સ્વચ્છતા, શિસ્ત અને આધુનિકતા – સુરત મૉડલ

અક્ષરવાડી-ડભોલી-કતારગામ ખાતે આયોજિત સમારોહમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, સુરત આજે વિકાસ, સ્વચ્છતા અને શહેરી આયોજનનું રાષ્ટ્રીય મૉડેલ બની ગયું છે. સુરતની સ્વચ્છતા એ માત્ર વ્યવસ્થા નહીં, પરંતુ સુરતવાસીઓની બદલાયેલી માનસિકતાનું પરિણામ છે. સ્વચ્છતા, શિસ્ત અને આધુનિક આયોજનના જોરે સુરતે, મુંબઈ જેવાં મહાનગરોને પણ પાછળ છોડ્યાં છે.

સુરતને દેશનું સૌથી ઝડપથી વિકસતું શહેર ગણાવતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ઔદ્યોગિક વિકાસના કારણે સમગ્ર ભારતમાંથી લોકો અહીં રોજગાર માટે આવે છે - તેથી જ સુરતને 'મિની ભારત'નું બિરુદ મળ્યું છે. ડાયમંડ અને ટેક્સટાઇલ કેપિટલ તરીકે ઓળખાતું સુરત આજે ગ્રીન મોબિલિટી, ઇ-મોબિલિટી અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટમાં પણ અગ્રેસર છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વ હેઠળ 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ'ના મંત્રથી 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'નું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે. વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત નિર્માણ માટે સુરત જેવાં શહેરો દેશની આર્થિક ગતિશીલતાનાં કેન્દ્ર બની રહેશે.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, કતારગામમાં રૂ. ૭૦ કરોડના ખર્ચે બની રહેલી રાજ્યની સૌથી મોટી અને અદ્યતન લાઇબ્રેરી આગામી મહિનાઓમાં યુવાનોના ઉજ્જ્વળ ભવિષ્યનું કેન્દ્ર બનશે. ડભોલીનું અટલબિહારી બાજપાઈ ઓડિટોરિયમ, સરદાર સ્મૃતિ-વરાછા અને અન્ય ઓડિટોરિયમ સાથે સુરતની સાંસ્કૃતિક ઓળખને નવી દિશા આપશે.

કેન્દ્રીય મંત્રીશ્રી સી.આર. પાટીલે જણાવ્યું કે, સુરત આજે દેશનું નંબર વન સ્વચ્છ શહેર છે. ૧૨૩થી વધુ બ્રિજ, વેસ્ટ વોટર ટ્રીટમેન્ટથી રૂ. ૪૦૦ કરોડની આવક (ભવિષ્યમાં રૂ. ૭૦૦ કરોડ), તેમજ રૂ. ૯૩૧ કરોડના તાપી શુદ્ધિકરણ પ્રોજેક્ટ જેવા પ્રયાસોથી સુરત પર્યાવરણ સંરક્ષણનું પણ મૉડેલ બની રહ્યું છે.



સુરત મહાનગરપાલિકા સૌર ઊર્જાથી દર વર્ષે અંદાજે રૂ. ૧૦ કરોડની બચત કરી રહી છે અને ૨૦૩૦ સુધીમાં ૧૦૦ ટકા રિન્યૂએબલ એનર્જી તરફ આગળ વધી રહી છે - જે ભવિષ્યની પેઢી માટે મજબૂત આધાર રચી રહ્યું છે. આ રીતે સુરત માત્ર શહેર નહીં, પરંતુ વિકસિત ગુજરાતથી વિકસિત ભારત તરફની યાત્રાનું ગ્રોથ એન્જિન બની રહ્યું છે.

નોંધનીય છે કે, રૂ. ૭૦ કરોડના ખર્ચે ડભોલીમાં નવનિર્મિત અટલબિહારી બાજપાઈ ઓડિટોરિયમ, રૂ.૧૨.૬૬ કરોડના ખર્ચે જીઆવ બુડિયા લેકગાર્ડનનું લોકાર્પણ તેમજ સુરત મનપા દ્વારા બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના વિઠોદર ગામમાં સ્થાપવામાં આવેલા રૂ.૫૫.૫૬ કરોડના ખર્ચે ૧૦ મેગા વોટ ક્ષમતાનો ગ્રાઉન્ડ માઉન્ટેડ ગ્રીડ કનેક્ટેડ સોલાર પાવર પ્લાન્ટ તેમજ લેકગાર્ડન વાંચનાલય, અર્બન હેલ્થ સેન્ટર, શેલ્ટર હોમ સહિતનાં કામોનાં લોકાર્પણ તેમજ હાઈડ્રોલિક, ડ્રેનેજ સહિતના વિભાગોનાં કામોનાં ખાતમુહુર્ત કરવામાં આવ્યાં હતાં.

મેયર શ્રી દક્ષેશભાઈ માવાણીએ જણાવ્યું હતું કે, સુરત શહેરના સાંસ્કૃતિક વારસાને અવિરત રાખવાના ભાગરૂપે લોકાર્પિત આધુનિક સુવિધાયુક્ત ઓડિટોરિયમ કતારગામવાસીઓ માટે સાંસ્કૃતિક કેન્દ્ર બની રહેશે. ગ્રીન એનર્જી કન્સેપ્ટ અંતર્ગત સુરત મહાનગરપાલિકા પોતાની જરૂરિયાતના ૨૮.૫ ટકા રિન્યૂએબલ એનર્જી ઉત્પન્ન કરતી મહાનગરપાલિકા બની છે. જેના કારણે દર વર્ષે ૧૦ કરોડની બચત થશે. સુરતના મૂળ બિલમાં ૭૦ કરોડ બચત કરનારી મહાનગરપાલિકા બની છે. સુરત આગામી વર્ષ ૨૦૩૦ સુધીમાં સોલાર અને પવન ઊર્જા વડે ૧૦૦ ટકા રિન્યૂએબલ એનર્જી મેળવતી દેશની નંબર વન મહાનગરપાલિકા બનશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો. ગોટાલાવાડીનાં ૧૩૦૪ ટેનામેન્ટ સાથે રિડેવલપમેન્ટના કાર્ય સાથે રહીશોના ઘરના ઘરનું સ્વપ્ન સાકાર થયું છે.

આ પ્રસંગે નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, સાંસદ શ્રી મુકેશભાઈ દલાલ સહિત કૉર્પોરેટરો, મનપાની વિવિધ સમિતિના ચેરમૅન્સ, પદાધિકારી-અધિકારીઓ અને શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાત ગાર્ડિયનને અભિનંદન



દક્ષિણ ગુજરાતના અગ્રિમ અખબાર ‘ગુજરાત ગાર્ડિયને’ ૧૪ વર્ષ પૂર્ણ કર્યાં અને ૧૫મા વર્ષમાં પ્રવેશ કર્યો. આ અવસરે સુરતના સરસાણા કન્વેન્શન સેન્ટરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને વિશેષ ઉજવણી યોજાઈ હતી. મુખ્યમંત્રીશ્રીએ કૉફી ટેબલ બુક ‘ધ ગાર્ડિયન્સ ઓફ સિટી’નું વિમોચન કર્યું, જેમાં વિવિધ ક્ષેત્રના આગેવાનોનાં જીવનકવન અને સિદ્ધિઓનો સમાવેશ છે. મુખ્યમંત્રીશ્રીના હસ્તે વિવિધ ક્ષેત્રમાં આગવું પ્રદાન કરનારા નામાંકિત ઉદ્યોગકારો, સમાજસેવકો, તબીબો મળી કુલ ૩૪ લોકોનું ઍવૉર્ડથી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અખબારના સમગ્ર પરિવારને શુભેચ્છા આપતાં મુખ્યમંત્રીશ્રીએ પત્રકાર અને તંત્રી તરીકે સમાજમાં મનોજભાઈના વિશિષ્ટ યોગદાનની પ્રશંસા કરી હતી. આ અવસરે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી, કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલ, નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# સ્માર્ટ સિટિ સુરતની સિદ્ધિ







સુરત મહાનગરપાલિકાએ વિવિધ યોજના, અભિયાન, કાર્યક્રમના સુદ્રઢ, દ્દષ્ટીવંત આયોજન અને અમલીકરણ થકી અનેક કાર્યોની સંકલ્પપૂર્તિ કરી સિદ્ધિઓની હારમાળા સર્જી છે. સ્વચ્છતા ક્ષેત્રે, સ્માર્ટ સિટી, સ્વચ્છ પાણી-વાયુ, સ્પોર્ટસ, પરિવહન, પીએમ સ્વનિધિ યોજના સહિત વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી પ્રદાન કરી બહુવિધ ઍવૉર્ડ સુરતે મેળવ્યા છે.

**બેસ્ટ પરફોર્મિંગ સ્માર્ટ સિટી :** ઈન્ડિયા સ્માર્ટ સિટી એવોર્ડ કોન્ટેસ્ટ ૨૦૨૨ અંતર્ગત તમામ સ્માર્ટ સિટીઓમાં દ્વિતીય ક્રમ હાંસલ કરવા સાથે બિઝનેસ મૉડલ, ઈનોવેટિવ આઈડિયા અને કોવિડ ઈનોવેશન કેટેગરીમાં ઍવૉર્ડ પ્રાપ્ત થયા. ઉમદા કામગીરી બદલ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મૂએ સુરતને ઍવૉર્ડ પ્રદાન કર્યો હતો.

**સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૩ :** સ્વચ્છ સર્વેક્ષણમાં ભારતમાં સુરત પ્રથમ આવતા રાષ્ટ્રપતિશ્રીના હસ્તે ઍવૉર્ડની સાથે ગાર્બેજ ફ્રી સિટી અંતર્ગત સુરતને ૭-સ્ટાર રેટિંગ જાહેર કરવામાં આવ્યું. પાણી પુરવઠા વ્યવસ્થા અને જલ સંરક્ષણના અમલીકરણ બાબતે બેસ્ટ અર્બન લોકલ બોડીનો ઍવૉર્ડ રાષ્ટ્રપતિશ્રીએ સુરતને એનાયત કર્યો. સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૪-૨૫માં ૧૦ લાખથી વધુ વસતી ધરાવતા શહેરોની શ્રેણીમાં શ્રેષ્ઠ પ્રદર્શન બદલ સુરતને ઍવૉર્ડ એનાયત કરવામાં આવ્યો. નિર્મળ ગુજરાત ૨.૦ના સર્વેક્ષણમાં પ્રથમ ક્રમ, જળ સંચય જનભાગીદારી ૧.૦ અંતર્ગત સુરતે મ્યુનિસિપલ કોર્પોરેશન કેટેગરીમાં દ્દશો ક્રમ અને ગુજરાતમાં પ્રથમ ક્રમ મેળવ્યો. ઈન્ટરનેશનલ ડે ઓફ ક્લિન એર ફોર બ્લૂ સ્કાઈઝ ઈવેન્ટમાં સ્વચ્છ વાયુ સર્વેક્ષણ ૨૦૨૪માં પ્રથમ ક્રમે તેમજ સ્વચ્છ વાયુ સર્વેક્ષણ ૨૦૨૫માં દેશના ૧૩૦ શહેરોમાંથી સુરત ત્રીજા ક્રમે રહ્યું.

ઈન્ડિયા સાયકલ ફોર ચેન્જ, સ્ટ્રીટ ફોર પીપલ અને ટ્રાન્સપોર્ટ ફોર ઓલ જેવી વિવિધ ચેલેન્જ અંતર્ગત નોંધપાત્ર કામગીરીને કારણે રાજ્યમાંથી સુરતને ઍવૉર્ડ એનાયત થયો. વર્ષ ૨૦૨૩માં સ્મીમેર આર્ટ સેન્ટરને બેસ્ટ આર્ટ સેન્ટરનો એવોર્ડ મળ્યો, સફાઈ મિત્ર વન વોઈસ, થાઉસન્ડ ઈમ્પેક્ટ અંતર્ગત સુરત મહાનગરપાલિકાને સન્માનિત કરવામાં આવી. વર્ષ ૨૦૨૫માં 'જલ હી અમૃત' યોજના અંતર્ગત ગંદા પાણી વ્યવસ્થાપન, શુદ્ધીકરણમાં સુરતને રાજ્યમાં સૌથી વધુ પ્રોત્સાહક સહાય પ્રાપ્ત થઈ.

**ખેલ મહાકુંભમાં શ્રેષ્ઠ પ્રદર્શનઃ** ખેલપ્રિય સુરતે દેશને યુવા પ્રતિભાઓ આપી છે. ખેલ મહાકુંભ-૨૦માં સૌથી વધુ મેડલ અને સૌથી વધુ ગોલ્ડ મેડલ મળી કુલ ૭૫૭ મેડલ મેળવવા બદલ ઓવરઓલ સ્ટેટ ચેમ્પિયન થવા બદલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ઍવૉર્ડ સુરતને ફાળે રહ્યો. સતત બીજા વર્ષે ખેલ મહાકુભ ૩.૦માં પણ સુરતે પોતાનો દબદબો જારી રાખ્યો. સુરતના યુવાઓએ ૧૯૨ ગોલ્ડ, ૧૭૧ સિલ્વર, ૨૧૪ બ્રોન્ઝ મેડલ સહિત કુલ ૫૭૭ મેડલ મેળવ્યા. ખેલ મહાકુંભમાં પ્રથમ ક્રમે રહેવા બદલ સુરતને નાયબ મુખ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે ઍવૉર્ડ મળ્યો.

**અન્ય સિદ્ધિઓ :** ગાંધીનગરમાં આયોજિત અર્બન મોબિલિટી ઈન્ડિયા કોન્ફરન્સ એન્ડ એક્સ્પોમાં સુરતને સિટી વિથ ધી બેસ્ટ ઈન્ટેલિજન્ટ ટ્રાન્સપોર્ટ સિસ્ટિમ ઍવૉર્ડ એનાયત કરાયો. શેરી ફેરિયાઓ માટે લાભકારી PM Street Vendors AtmaNirbhar Nidhi (PMSVANidhi)ની શ્રેષ્ઠ કામગીરી બદલ સુરતને બીજા ક્રમે રહેવા બદલ ઍવૉર્ડ મળ્યો.

સિટી બ્યૂટી કોમ્પિટિશનમાં હેરિટેજ કેટેગરીમાં સુરતના ચોકબજાર સ્થિત કિલ્લાને ત્રીજો, વોટરફ્રન્ટ કેટેગરમાં ગોપી તળાવને બીજો, સ્માર્ટ વોર્ડ કેટેગરીમાં સુરત વોર્ડ-૨૨ને પ્રથમ ક્રમે ઍવૉર્ડ મળ્યો. જ્યારે વર્ષ ૨૦૨૩-૨૪ માટે બેસ્ટ પ્રેકટીસ ટુ ઈમ્પ્રુવ ધ લીવીંગ એન્વાયરમેન્ટ અંતર્ગત વોટર સપ્લાય રીસાયકલ એન્ડ રીયુઝ ઓફ સીવેજ વોટર ફોર ઈન્ડસ્ટ્રીયલ ગ્રેડ વોટર સપ્લાય માટે ઍવૉર્ડ મેળવી સુરતે પોતાની પ્રતિષ્ઠા વધારી છે.

# ખેડા 'ગોલ્ડન લીફ' થી હવે 'ગોલ્ડન ડેવલપમેન્ટ' તરફ અગ્રેસર



ફાગવેલની પવિત્ર ધરતી પરથી વિવિધ ૩૧ વિકાસકાર્યોનાં લોકાર્પણ- ખાતમુહૂર્ત સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ખેડાની સમૃદ્ધિના નવા પ્રકરણનો પ્રારંભ કરાવ્યો. શૂરવીરોની ભૂમિમાં વહીવટી સરળતા માટે નવા તાલુકા ફાગવેલ માટે સેવાસદન અને કપડવંજમાં અત્યાધુનિક આરોગ્ય સુવિધાઓની ભેટ આપી રાજ્ય સરકારે 'વિકસિત ગુજરાત'ની સંકલ્પપૂર્તિની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

ખેડા જિલ્લો હવે માત્ર તેના ગૌરવશાળી ઈતિહાસ માટે જ નહીં, પરંતુ 'ગોલ્ડન ડેવલપમેન્ટ' માટે પણ ઓળખાશે. ફાગવેલના ભાથીજી મહારાજના સાંનિધ્યમાં આયોજિત ભવ્ય સમારોહમાં મુખ્યમંત્રીશ્રીએ જિલ્લાને રૂ. ૩૪૮ કરોડથી વધુ રકમનાં વિકાસકાર્યોની અમૂલ્ય ભેટ ધરી હતી. એક તરફ વહીવટી પ્રક્રિયાને વેગ આપવા તેમણે જાહેરાત કરી હતી કે, નવનિર્મિત ફાગવેલ તાલુકાના વહીવટને વેગ આપવા માટે અત્યાધુનિક તાલુકા સેવાસદનનું નિર્માણ એક જ વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે, તો બીજી તરફ કપડવંજના ૨.૭ લાખ નાગરિકોને ઘરઆંગણે શ્રેષ્ઠ સારવાર મળે તે હેતુથી અત્યાધુનિક સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને આયુર્વેદિક હૉસ્પિટલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ ફાગવેલ તાલુકા સેવાસદન માટેની જમીન ફાળવણીનો હુકમ મામલતદાર અને ટીડીઓને સુપરત કર્યો હતો.

અન્ન, નાગરિક પુરવઠા મંત્રી શ્રી રમણભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, સિંચાઈ, પાણી પુરવઠા અને ગ્રામીણ માળખાગત સુવિધાઓનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત થયેલાં વિકાસલક્ષી કામોની ભેટ ફાગવેલ અને ખેડા જિલ્લાની કાયાપલટ કરશે.

મહેસૂલ રાજ્યમંત્રી શ્રી સંજયસિંહ મહિડાએ જણાવ્યું હતું કે, ખેડા જિલ્લો જે અગાઉ માત્ર 'ગોલ્ડન લીફ' (તમાકુ) માટે જાણીતો હતો, તે હવે વડાપ્રધાનશ્રી અને મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં 'ગોલ્ડન ડેવલપમેન્ટ' તરફ તેજ ગતિએ આગળ વધી રહ્યો છે. નવા ફાગવેલ તાલુકાથી ૧૬૯ ચોરસ કિલોમીટર વિસ્તારના નાગરિકો માટે તાલુકા મથકનું અંતર ઘટશે અને સરકારી કામોમાં ઝડપ આવશે.

મુખ્યમંત્રીશ્રીના હસ્તે મળેલાં વિકાસકાર્યોની ભેટમાં રૂ. ૨૩૪ કરોડથી વધુનાં લોકાર્પણનાં ૧૩ કામો અને રૂ. ૧૧૩ કરોડથી વધુનાં ૧૮ ખાતમુહૂર્તનાં કામોનો સમાવેશ થાય છે, જેમાં ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), નડિયાદ મહાનગરપાલિકા, આરોગ્ય વિભાગ ઉપરાંત કપડવંજ નગરપાલિકા અને પશુપાલન વિભાગનાં કામોનો સમાવેશ થાય છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં જળસંપત્તિ રાજ્યમંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ તથા ખમીરવંતા ખેડાના નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

### કપડવંજના નાગરિકોને સ્વસ્થ ભવિષ્યની ભેટ

રાજ્યના નાગરિકોને શ્રેષ્ઠ પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવા ગુજરાત સરકાર કટિબદ્ધ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કપડવંજને અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને નવા આયુર્વેદિક દવાખાનાની ભેટ ધરી હતી. જેનાથી કપડવંજ તથા આસપાસના ૨.૭ લાખથી વધુ લોકોને આરોગ્ય સેવાઓનો લાભ મળશે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત બાળકોને ચશ્મા વિતરણ કરવા સાથે તેમની સાથે વાત્સલ્યભાવે સંવાદ કર્યો હતો.

કપડવંજ સામૂહિક આરોગ્ય કેન્દ્ર રૂ. ૬.૫ કરોડ જેટલી રકમના ખર્ચે તૈયાર કરાયું છે, જેમાં અનેકવિધ રોગોની સારવાર નિશુલ્ક ઉપલબ્ધ થશે. ૨૪×૭ કલાક ઈમર્જન્સી સારવાર નાગરિકોને આપવામાં આવશે. આ તમામ વ્યવસ્થાઓનું ખૂબ જ બારીકાઈથી મુખ્યમંત્રીશ્રી દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.



આ સિવાય મુખ્યમંત્રીશ્રીએ રૂ. ૧ કરોડના ખર્ચે તૈયાર થયેલા શ્રી હરિલાલ માણેકલાલ દેસાઈ સેવાસંઘ, સરકારી આયુર્વેદ હૉસ્પિટલના નવીન મકાનની તક્તીનું અનાવરણ કર્યું હતું. નવીન સી.એચ.સી લોકાર્પણ પ્રસંગે અન્ન નાગરિક પુરવઠા મંત્રી શ્રી રમણભાઈ સોલંકી, મહેસૂલ રાજ્ય મંત્રી શ્રી સંજયસિંહ મહિડા તમામ તાલુકા હેલ્થ સ્ટાફ સહિત અગ્રણી મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# ઝાલાવાડમાં વિકાસ ઉત્સવ



છેવાડાના માનવી સુધી સુશાસનના સીધા લાભો પહોંચાડવાના હેતુ માટે રાજ્ય સરકાર સતત કાર્યરત છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે સુરેન્દ્રનગર મહાનગર પાલિકા તથા વિવિધ વિભાગોના વિકાસકામોના લોકાર્પણ અને ખાતમુહૂર્તના આ કાર્યક્રમમાં અંદાજે રૂ. ૫૩૯.૨૬ કરોડના ખર્ચે ઝાલાવાડ પંથકમાં કુલ ૩૩ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આ પ્રકલ્પો આગામી સમયમાં જિલ્લાની માળખાગત સુવિધાઓ, શિક્ષણ અને જનસુખાકારીમાં પાયાનું પરિવર્તન થશે અને પ્રગતિના નવા દ્વાર ખૂલશે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ઝાલાવાડની ધરતી પર વિકાસ ઉત્સવ ઉજવાયો છે. અહીંથી ભેટ અપાયેલા પાણી પુરવઠા, આરોગ્ય, શિક્ષણ, આંતરમાળખાકીય સુવિધાઓ, સાંસ્કૃતિક વિરાસતની જાળવણી અને માર્ગ મકાન વિભાગના વિકાસકામો થકી સુરેન્દ્રનગર શહેર-જિલ્લાના લોકોના "ઈઝ ઓફ લિવિંગ"ને પ્રાથમિકતા આપવામાં આવી છે. સુરેન્દ્રનગરમાં વિકસી રહેલો રિવરફ્રન્ટ અમદાવાદના રિવરફ્રન્ટની



જેમ શહેર-જિલ્લાના લોકો માટે હરવા-ફરવા માટેનું એક નજરાણું બની રહેશે. એક સમયે અહીં પાણીની તંગી, રોજગારીની મર્યાદિત તકો, માળખાકીય સુવિધાનો અભાવ સહિત અનેક તકલીફો હતી પરંતુ તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ વિસ્તારની સમૂળગી કાયાપલટ કરી છે. નર્મદાનું પાણી, રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટી, ઉદ્યોગોને પ્રોત્સાહન તથા કપાસની ખેતીને વેગ આપીને આ સૂકી ધરતી પર વિકાસનું સિંચન કર્યું છે.


શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલાએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૫માં તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે 'શહેરી વિકાસ વર્ષ'નું બીજ રોપ્યું તે આજે વટવૃક્ષ બનીને ગુજરાતના શહેરોને 'વેલ-પ્લાન્ડ' અને 'વર્લ્ડ ક્લાસ' બનાવી રહ્યું છે. સુરેન્દ્રનગર મહાનગરપાલિકા બન્યા બાદ વિકાસની આ ગતિ હવે બુલેટ ટ્રેન જેવી તેજ બની છે, જેનો સીધો લાભ નાગરિકોને મળી રહ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ કુલ રૂ. ૪૫૭.૨૧ કરોડના ખર્ચના ૨૫ જેટલાં કામોના ખાતમુહૂર્તમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના રૂ. ૨૩૩.૩૪ કરોડનાં ૨૩ કામો અને માર્ગ અને મકાન વિભાગનાં રૂ. ૨૨૩.૮૭ કરોડનાં બે કામોનો સમાવેશ થાય છે. આ સાથે જ રૂ. ૮૨.૦૫ કરોડના ખર્ચે પૂર્ણ થયેલા આઠ કામોના લોકાર્પણમાં મુખ્યત્વે શહેરી વિકાસ વિભાગ અને શિક્ષણ વિભાગ સંલગ્ન લોકકલ્યાણલક્ષી કામોનો સમાવેશ થાય છે.

આ કાર્યક્રમમાં શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજા ઉપરાંત સ્થાનિક પદાધિકારીઓ-અધિકારીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# આદ્યશક્તિ મા અંબાના ધામનું હૉલિસ્ટિક અને ફ્યુચરિસ્ટિક ડેવલપમેન્ટ





ગુજરાતની ઉત્તર દિશાએ સ્થિત બનાસકાંઠા જિલ્લો જગતજનની મા અંબાનું શક્તિપીઠનું પવિત્ર સ્થાન છે. આદ્યશક્તિ મા અંબાના ધામમાં અંદાજિત કુલ રૂ. ૧,૬૩૨ કરોડના ખર્ચે વિઝનરી માસ્ટર પ્લાન ‘શક્તિ કૉરિડૉર’ તૈયાર કરવાનું આયોજન છે.વડાપ્રધાનશ્રીએ આપેલા ‘વિકાસ ભી વિરાસત ભી’ના મંત્રને ગુજરાત સાકાર કરી રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અંબાજી કૉરિડૉરના રૂ.૯૫૦ કરોડનાં વિવિધ વિકાસકામોનાં ખાતમુહૂર્ત દ્વારા ‘શક્તિ કૉરિડોર’ના પ્રથમ તબક્કાની શુભ શરૂઆત કરાવી હતી. આ વિકાસકામોથી આવનારા દિવસોમાં યાત્રિકોને મલ્ટિ લેવલ પાર્કિંગ, અન્ડરપાસ રોડ, યાત્રી નિવાસ પાથવે, દિવ્ય દર્શન ચોક, શક્તિપીઠ એમ્ફી થિયેટર અને લાઈટ એન્ડ સાઉન્ડ શો સહિતની બહુવિધ ટૂરિસ્ટ એમેનિટીઝનો લાભ મળશે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આદ્યશક્તિના પરમ ઉપાસક વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનમાં આદ્યશક્તિપીઠ અંબાજીનું હૉલિસ્ટિક અને ફ્યુચરિસ્ટિક ડેવલપમેન્ટ થઈ રહ્યું છે. ૫૧ શક્તિપીઠોમાં વિશિષ્ટ સ્થાન ધરાવતા અંબાજી ધામના વિકાસ માટેનું વડાપ્રધાનશ્રીનું વિઝન સાકાર થઈ રહ્યું છે. અંબાજી-તારંગા રેલ પ્રોજેક્ટથી યાત્રાળુઓની સુવિધા વધશે અને સ્થાનિક આર્થિક વિકાસને ગતિ મળશે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા રાજ્યનાં વિવિધ યાત્રાધામોમાં કરોડોનાં વિકાસકાર્યો પૂર્ણ કરાયાં છે અને આવનારા સમયમાં વધુ વિકાસકામોનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રીશ્રી સાથે આ બહુવિધ વિકાસકામોના ખાતમુહૂર્ત પ્રસંગે વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી પ્રવીણભાઈ માળી, રમત-ગમત રાજ્ય મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત, નાણા રાજ્ય મંત્રી શ્રી કમલેશભાઈ પટેલ, ખાદી રાજ્ય મંત્રી શ્રી સ્વરૂપજીભાઈ ઠાકોર અને સ્થાનિક ધારાસભ્યો, પદાધિકારીઓ અને બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.





# ભગવાન બુદ્ધના અવશેષોની ગુજરાતથી શ્રીલંકાની આંતરરાષ્ટ્રીય યાત્રા

'અપ્પ દીપો ભવ' અને 'ચાર આર્ય સત્ય'ના વિચાર દ્વારા દુનિયાને દુઃખમાંથી મુક્તિ તરફના પથપ્રદર્શન કરનારા ભગવાન બુદ્ધ વિશ્વના દરેક ખૂણે જાણીતા છે. વડોદરાના વિમલેશ્વર મહાદેવના સાંનિધ્યમાં ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષો સચવાયેલા છે. ભગવાન બુદ્ધના અસ્થિ સહિતના આઠમી સદીના અવશેષો મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડાના મહામૂલા યોગદાનથી સુરક્ષિત રાખવામાં આવ્યા છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના શ્રીલંકાના પ્રવાસમાં ભારત અને શ્રીલંકા વચ્ચે સાંસ્કૃતિક આદાનપ્રદાન ઘનિષ્ટ કરવા માટે પરસ્પર સહમતી સાધવામાં આવી હતી. તે પરિપ્રેક્ષ્યમાં બૌદ્ધધર્મની બહુમતી ધરાવતા શ્રીલંકામાં આ અવશેષો તેમના નૂતન વર્ષે મોકલવામાં આવ્યા. સૌ પ્રથમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા વડોદરા યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ આર્કિયોલૉજી એન્ડ એન્શિયન્ટ સ્ટડી સેન્ટરથી આ અવશેષોને શ્રીલંકાના કોલંબોમાં ભાવિકોના દર્શનાર્થે મોકલવાની ગૌરવશાળી વિધિનું નેતૃત્વ કરવામાં આવ્યું હતું.

આ વિધિમાં બુદ્ધિસ્ટ મોંક મહાબોધિ સોસાયટીના સંતો જોડાયા હતા. અવશેષોને વડોદરા શહેર પોલીસની ટુકડી દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. બાદમાં તેની સુરક્ષિત રીતે શોભાયાત્રા યોજવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રી અને મહાનુભાવોએ આ અવસરે પુરાતન સંગ્રહાલયની મુલાકાત લીધી હતી. બૌદ્ધ સાધુઓ દ્વારા પવિત્ર મંત્રોનું ગાન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી. તેઓ પવિત્ર અવશેષોને સંગ્રહાલયમાંથી બહાર લઈ આવ્યા હતા.

પવિત્ર અવશેષો ભારતીય વાયુસેનાના ખાસ વિમાનમાં શ્રીલંકા પહોંચ્યા અને સ્થાપિત ભારત-શ્રીલંકા પ્રોટોકોલ અનુસાર તેમને પૂર્ણ રાજ્ય સન્માન આપવામાં આવ્યું. ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં ભારતીય પ્રતિનિધિમંડળ અવશેષો સાથે શ્રીલંકા પહોંચ્યું હતું. આ ડેલિગેશનમાં વરિષ્ઠ બૌદ્ધ સાધુઓ, સરકારી અધિકારીઓ અને અન્ય પ્રતિષ્ઠિત મહાનુભાવો જોડાયા હતા.

આ અવશેષોના પ્રદર્શનનું ઉદ્ઘાટન કોલંબોના ગંગારામાયા મંદિરમાં શ્રીલંકાના મહામહિમ રાષ્ટ્રપતિ શ્રી અનુરા કુમારા દિસાનાયકે (Anura Kumara Dissanayake), ગંગારામાયા મંદિરના મુખ્ય મઠાધિપતિ ડૉ. કિરીંડે અસાજી થેરો અને ભારતીય તરફથી ગુજરાતના રાજ્યપાલ અને ગુજરાતના નાયબ મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રીલંકા સરકારના અનેક વરિષ્ઠ મહાનુભાવો હાજર રહ્યા હતા. ગંગારામાયા મંદિરના પ્રદર્શન સ્થળ પર "પિપ્રાહવાના પવિત્ર અવશેષોની શોધ" અને "પવિત્ર અવશેષો અને સમકાલીન ભારતની સાંસ્કૃતિક ભાગીદારી" એમ બે પ્રદર્શનોનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

પવિત્ર અવશેષોનું પરંપરાગત ધાર્મિક વિધિઓ સાથે વિધિવત્ સ્વાગત કરી તેમને ગંગારામાયા મંદિરમાં સ્થાપિત કરવામાં આવ્યાં હતાં. આ પ્રદર્શનમાં શ્રીલંકા અને વિશ્વભરના ભક્તોએ પવિત્ર અવશેષોના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. પવિત્ર અવશેષોનું પ્રદર્શન શ્રીલંકાના ૭૮મા સ્વતંત્રતા દિવસે શરૂ થયું જેનાથી આ કાર્યક્રમને વિશેષ મહત્ત્વ મળ્યું. આ પ્રદર્શન ભારતની બહાર દેવનીમોરી અવશેષોની પ્રથમ જાહેર પૂજાનું પ્રતિનિધિત્વ કરે છે. અગાઉ, ભારતે ૨૦૧૨માં કપિલવસ્તુ અવશેષો અને ૨૦૧૮માં શ્રીલંકામાં સારનાથ અવશેષોનું પ્રદર્શન યોજ્યું હતું.

પવિત્ર અવશેષોનું પ્રદર્શન ભગવાન બુદ્ધના શાશ્વત ઉપદેશો - કરુણા, શાંતિ અને અહિંસાનો જીવંત પુરાવો છે તેમજ ભારત અને શ્રીલંકા વચ્ચેના મજબૂત સંબંધોને પ્રતિબિંબિત કરે છે, જે બંને દેશો વચ્ચેના સાંસ્કૃતિક, આધ્યાત્મિક અને સામાજિક વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવે છે.

## જ્યારે વાત્સલ્યમૂર્તિ મુખ્યમંત્રીશ્રીએ દિકરીને આપેલું વચન પાળ્યું

# “ દિકરી કહે ને... દાદા... ન આવે...! ”



"હું જ્યારે ત્યાં આવીશ ત્યારે ચોક્કસ તને મળવા આવીશ." મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉત્તર ગુજરાતના ગામડાની નાનકડી દિકરીને આપેલું વચન એક વર્ષ બાદ પાળી બતાવ્યું છે.

જ્યારે સમગ્ર સરકાર "કહેવું એ કરવું" એવા સૂત્ર સાથે કામ કરતી હોય ત્યારે તેની ધૂરા સંભાળનાર મુખ્યમંત્રીશ્રી પાસે એવી જ અપેક્ષા નાગરિકો રાખતા હોય છે. મુખ્યમંત્રીશ્રી પોતાની વડીલસહજ વાત્સલ્યતા અને માનવીય સંવેદનશીલતાનો પરિચય અવારનવાર આપતા રહ્યા છે. તેમનો આવો જ એક લાગણીસભર પ્રસંગ તાજેતરમાં બન્યો.

વાત એમ છે કે, એક વર્ષ અગાઉ એક કાર્યક્રમના ભાગરૂપે બનાસકાંઠા જિલ્લાના પી.એમ.શ્રી ઉત્તમપુરા (ડાંગીયા) અનુપમ પ્રાથમિક શાળામાં મુખ્યમંત્રીશ્રીનો વિડીયો સંવાદ યોજાયો હતો. સ્કૂલ વ્યવસ્થાપન કમિટીના એક વીડિયો સંવાદ દરમિયાન ધોરણ ૧માં અભ્યાસ કરતી દીકરી સામ્યા પ્રજાપતિએ સહજતા સાથે મુખ્યમંત્રીશ્રીને પૂછ્યું કે, "દાદા, તમે અમારી સ્કૂલમાં ક્યારે આવશો?" આ નિર્દોષ પ્રશ્ન અને દિકરીને વાકપટુતા પર ઓવારી ગયેલા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વાત્સલ્યભાવે જવાબ આપતાં વચન આપ્યું કે, "હું જ્યારે ત્યાં આવીશ ત્યારે ચોક્કસ તને મળવા આવીશ."



તાજેતરમાં જ્યારે મુખ્યમંત્રીશ્રીએ દીકરી સામ્યાની લાગણીને માન આપી, અગાઉ આપેલા વચનને પૂર્ણ કરવા પી.એમ.શ્રી ઉત્તમપુરા (ડાંગીયા) અનુપમ પ્રાથમિક શાળાની રૂબરૂ મુલાકાત લીધી, ત્યારે આખી શાળા સાનંદ આશ્ચર્યમાં મૂકાઈ ગઈ. મુખ્યમંત્રીશ્રીએ શાળાના વિદ્યાર્થીઓ સાથે આત્મીય સંવાદ સાધી તેમના અભ્યાસ, શાળા પરિસર અને શિક્ષણ વ્યવસ્થાની માહિતી મેળવી.

આ પ્રસંગે દીકરી સામ્યાએ પોતાની લાગણી વ્યક્ત કરતાં કહ્યું કે, "મેં દાદાને કહ્યું હતું કે તમે અમને મળવા આવશો ને ! દાદાએ વાત યાદ રાખી અને આજે મારું અને મારી સ્કૂલનું સપનું પૂરું કર્યું."

સામ્યાએ મુખ્યમંત્રીશ્રી સામે શ્લોક પઠન કર્યા, જેના પ્રતિસાદરૂપે મુખ્યમંત્રીશ્રીએ દીકરીને આશીર્વાદ આપતાં કહ્યું "તું ભણીને મોટી થઈને કલેક્ટર બનજે અને પછી મને મળવા આવજે."

દીકરી સામ્યાએ પણ દ્રઢ વિશ્વાસ સાથે દાદાને વચન આપ્યું કે, "હું મોટી થઈને તમને ચોક્કસ મળવા આવીશ."

મુખ્યમંત્રીશ્રીની આ સહજતા અને માનવીય સંવેદનશીલતાથી શાળા પરિવાર તેમજ રાજ્યભરના એસ.એમ.સી. સભ્યોમાં પણ વિશેષ આનંદની લાગણી પ્રસરી ગઈ. આ ભાવનાત્મક પ્રસંગે વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી પ્રવીણભાઈ માળી, શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ તેમજ સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

સહજ લાગતો આ સંવાદ ખરેખર તો મુખ્યમંત્રીશ્રી સાથે સરકારના સંવેદનાસભર અભિગમનો પરિચય છે. સરકાર નાગરિકો માટે કાર્ય કરે છે અને તેની નાનકડી માગને પણ ગંભીરતાથી લઇ તેની પૂર્તિ કરવા પ્રયત્નશીલ છે તે દર્શાવે છે.



## ગુજરાતની જળ-વિરાસતમાં પાંચમું રત્ન

# કચ્છનું 'છારી-ઢંઢ' હવે રામસર સાઇટ

જનક દેસાઇ / ભાવિકા લીંબાસીયા

રેલાય છે જ્યાં કુદરતની હેલી,
એ જ છે આપણી વેટલેન્ડની ભૂમિ;
જેમ જળ ત્યાં જીવન છે,
એમ વેટલેન્ડ ત્યાં પૃથ્વીય સંતુલન.

સમગ્ર વિશ્વ પ્રતિવર્ષ ૨ ફેબ્રુઆરીએ 'વિશ્વ વેટલેન્ડ દિવસ'ની ઉજવણી કરે છે. વેટલેન્ડ્સ (જળપ્લાવિત વિસ્તારો) પૃથ્વીની ઈકોસિસ્ટિમનો અગત્યનો ભાગ છે, જે પૃથ્વીની જૈવવિવિધતા જાળવી પર્યાવરણ સંતુલનમાં પાયાની ભૂમિકા ભજવે છે. આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ જળાશયો, નદીઓ, કાદવ-કીચડવાળા વિસ્તારો અને દરિયાકાંઠાના ભાગોના સંરક્ષણ માટે જાગૃતિ લાવવાનો હોય છે. ૧૯૭૧માં ઈરાનના 'રામસર' શહેરમાં વેટલેન્ડ્સના સંરક્ષણ માટે એક

*"પટના પક્ષી અભયારણ્ય (એટા, ઉત્તર પ્રદેશ) અને કચ્છનું છારી – ઢંઢ (ગુજરાત) રામસર સાઇટ્સ બન્યા તે જાણીને આનંદ થયો. ત્યાંના સ્થાનિક લોકો તથા વેટલેન્ડ સંરક્ષણ માટે કાર્યરત સૌને અભિનંદન. આ માન્યતાઓ જૈવ વૈવિધ્યતાના સંરક્ષણ અને મહત્ત્વપૂર્ણ પરિસ્થિતિક તંત્રોની સુરક્ષા પ્રત્યે અમારી પ્રતિબધ્ધતાને પુનઃસ્થાપિત કરે છે. આ જળપ્લાવિત ભૂમિઓ દેશી તથા પ્રવાસી પક્ષીઓ માટે સુરક્ષિત નિવાસસ્થાન તરીકે સતત ફલતી – ફાલતી રહે તેવી શુભેચ્છા."*

**- શ્રી નરેન્દ્રભાઇ મોદી, વડાપ્રધાન**



આંતરરાષ્ટ્રીય સંધિ થઈ હતી, જે 'રામસર સંમેલન' તરીકે જાણીતું થયું. ભારત આ સંધિમાં ૧૯૮૨માં જોડાયું અને ત્યારથી દેશમાં વેટલેન્ડ્સના સંરક્ષણ માટેના પ્રયત્નો સક્રિય થયા છે. વેટલેન્ડ્સ એ માત્ર પાણીનાં સંગ્રહસ્થાનો નથી પરંતુ તે પૃથ્વીની જૈવિક પ્રક્રિયાઓનું હૃદય છે. આ સંધિ બાદ વેટલેન્ડ્સના સંરક્ષણ માટે જે આંતરરાષ્ટ્રીય અભિયાન શરૂ થયું, તેને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં એક નવી ઊંચાઈ મળી છે. રાજ્ય સરકારની સંકલ્પબદ્ધતાને કારણે આજે કચ્છના રણથી લઈને મધ્ય ગુજરાત સુધીની જળ વિરાસત વધુ સુરક્ષિત અને સમૃદ્ધ બની છે. 'વિકાસ પણ, વિરાસત પણ'ના મંત્ર સાથે પ્રકૃતિના આ અમૂલ્ય વારસાને આગામી પેઢીઓ માટે અકબંધ રાખવા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર કટિબદ્ધ છે.

**વર્ષ ૨૦૨૬ની થીમ :** ધ સેક્રેટરિયેટ ઓફ ધ કન્વેન્શન ઓફ વેટલેન્ડ દ્વારા વર્ષ ૨૦૨૬ માટે "વેટલેન્ડ્સ અને પરંપરાગત જ્ઞાન: સાંસ્કૃતિક વારસાની ઉજવણી" (Wetlands and Traditional Knowledge: Celebrating Cultural Heritage)ની થીમ જાહેર કરવામાં આવી જે ભારતની અસ્મિતા સાથે સીધી જોડાયેલી છે. ભારતની સભ્યતા હજારો વર્ષોથી નદીઓ-સરોવરોના કિનારે વિસ્તરી છે. આપણા પૂર્વજો પાસે જળસંચય અને જળપ્લાવિત વિસ્તારોની જાળવણીનું જે પરંપરાગત જ્ઞાન હતું, તેને આધુનિક વિજ્ઞાન સાથે જોડવાનો પ્રયાસ સરકાર કરી રહી છે. આ થીમ હેઠળ માત્ર પર્યાવરણીય પાસાઓ જ નહીં, પણ સ્થાનિક આદિવાસી સમુદાયો અને ગ્રામીણ જનતાની સાંસ્કૃતિક આસ્થાને ઉજાગર કરી પેઢીઓથી આ કુદરતી સ્રોતોના ખરા રક્ષકોને સન્માન આપવાની નેમ પણ રહેલી છે.

**'છારી-ઢંઢ' ગુજરાતનું પાંચમું રતન :** કચ્છી ભાષામાં 'છારી' એટલે 'ક્ષારવાળી' અને 'ઢંઢ' એટલે 'છીછરું સરોવર'. છારી-ઢંઢ એટલે 'ખારાશવાળું સરોવર', જે ચોમાસામાં હજારો એકર વિસ્તારમાં ફેલાઈ જાય છે. અંદાજે ૨૨૭ ચોરસ કિલોમીટર (૨૨,૭૦૦ હેક્ટર) વિસ્તારમાં ફેલાયેલું આ વેટલેન્ડ રણ અને ઘાસના મેદાનની વચ્ચે એક અદભૂત નિવસનતંત્ર ધરાવે છે. વર્ષ ૨૦૦૮માં તેને ગુજરાતનું પ્રથમ



'કન્ઝર્વેશન રિઝર્વ' જાહેર કરવામાં આવ્યું હતું. ભારતમાં કુલ ૯૮ રામસર સાઈટ્સ છે જેમાંથી પાંચ ગુજરાતમાં છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાદર્શન હેઠળ ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા રાજ્યમાં વેટલેન્ડ્સ સંરક્ષણ માટે નક્કર કામગીરી થઈ છે. વર્ષ ૨૦૨૬ના આરંભે જ ગુજરાત માટે ગૌરવની ક્ષણ એ છે કે, કચ્છના બન્ની અને મોટા રણની વચ્ચે આવેલું 'છારી-ઢંઢ' હવે ગુજરાતની પાંચમી રામસર સાઈટ તરીકે વિશ્વના નકશા પર અંકિત થયું છે. આ વિસ્તારની વિશેષતા એ છે કે તે અત્યંત લુપ્તપ્રાય વનસ્પતિઓ જેવી કે 'ગૂગળ' અને 'કડાયો'નું તે આશ્રયસ્થાન છે.

ઉત્તરપ્રદેશમાં પટના પક્ષી અભયારણ્ય અને ગુજરાતના છારી ઢંઢને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા મળી તેની કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ યાદવે ભારતના રામસર નેટવર્કમાં બે નવા વેટલેન્ડ્સનો સમાવેશ કરવાની જાહેરાત સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મ 'X' પર કરી હતી.

**છારી-ઢંઢની જૈવવિવિધતા :** છારી-ઢંઢ ખાતે પક્ષીઓની ૨૫૦થી વધુ પ્રજાતિઓ નોંધાયેલી છે. શિયાળામાં અહીં સાઈબેરિયા, મધ્ય એશિયા અને યુરોપના ૨૫,૦૦૦થી ૪૦,૦૦૦ જેટલા કોમન ક્રેન (કુંજ), મળતાવડી ટિટોડી અને ચોટીલી પેણ સ્થળાંતર કરીને આવે છે. આ ઉપરાંત લેસર ફ્લેમિંગો અને ગ્રેટર ફ્લેમિંગો (હંજ) તેમજ સારસ પણ જોવા મળે છે. આ ઉપરાંત, અહીં લુપ્તપ્રાય થયેલાં ડાલમેશિયન પેલિકન, ઓરિએન્ટલ ડાર્ટર, બ્લેક-નેક્ડ સ્ટોર્ક અને અનેક શિકારી પક્ષીઓ જોવા મળે છે. માત્ર પક્ષીઓ જ નહીં, પરંતુ આ વિસ્તાર ચિંકારા, રણ લોમડી (Desert Fox), હેણોતરો (કેરેકલ), રણ બિલાડી અને વરુ જેવા વન્યજીવોનું પણ મહત્ત્વનું આશ્રયસ્થાન છે. તે 'સેન્ટ્રલ એશિયન ફ્લાયવે'માં ભારતની ભૂમિકાને સુનિશ્ચિત કરે છે. કચ્છના બન્ની વિસ્તારના માલધારીઓ પેઢીઓથી છારી-ઢંઢના રક્ષક રહ્યા છે. તેમનું પશુપાલન અને કુદરત સાથેનું સહઅસ્તિત્વ જ આ વેટલેન્ડ્સને જીવંત રાખે છે. સરકાર દ્વારા અહીં ઇન્વેસિવ સ્પીસીઝના નિયંત્રણ માટે સ્થાનિક સમુદાયો અને NGOના સહયોગથી

> દેશના કુલ વેટલેન્ડ ક્ષેત્રફળના ૨૧ ટકા કરતાં વધુ હિસ્સો ગુજરાતનો છે, જે અન્ય રાજ્યો કરતાં સૌથી વધુ છે. ગુજરાતના વેટલેન્ડ્સ અંદાજે ૩.૫ મિલિયન હેક્ટર વિસ્તારમાં ફેલાયેલા છે, જે રાજ્યના કુલ ભૌગોલિક વિસ્તારના ૧૭.૮ ટકા જેટલો ભાગ ધરાવે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર પર્યાવરણ સંરક્ષણ, જૈવ વૈવિધ્યતા અને વેટલેન્ડ સંવર્ધન માટે સતત પ્રયત્નશીલ છે.
>
> **- વન અને પર્યાવરણ મંત્રી**
> **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા**

> ગુજરાતમાં પહેલેથી જ નળસરોવર, થોળ, ખીજડિયા અને વઢવાણા પક્ષી અભયારણ્યો રામસર સાઈટ તરીકે માન્યતા પ્રાપ્ત કરી ચૂક્યાં છે. હવે છારી-ઢંઢ પક્ષી અભયારણ્યના સમાવેશથી રાજ્યની પર્યાવરણ સંરક્ષણ અને વેટલેન્ડ સંવર્ધનની પ્રતિબદ્ધતા વધુ મજબૂત બનશે.
>
> **- વન અને પર્યાવરણ રાજ્યમંત્રી**
> **શ્રી પ્રવીણભાઈ માળી**



વિશેષ ઍક્શન પ્લાનનો અમલ થઈ રહ્યો છે. ૮૦ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલું આ ક્ષેત્ર ચોમાસામાં વરસાદી પાણીથી ભરાય છે અને શિયાળો આવતાં જ પક્ષીઓના કલરવથી ગુંજી ઊઠે છે.

**ભારતની રામસર સાઇટ્સની ઐતિહાસિક સિદ્ધિ :** વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતમાં રામસર સાઈટ્સની સંખ્યા સતત વધી રહી છે. ભારતની રામસર સાઈટ્સની સંખ્યામાં થયેલો અભૂતપૂર્વ વધારો એ સરકારની પર્યાવરણીય કટિબદ્ધતાનો જ્વલંત પુરાવો છે. જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં તાજેતરમાં ગુજરાતમાં કચ્છના ‘છારી-ઢંઢ’ અને ઉત્તરપ્રદેશના ‘પટના પક્ષી અભયારણ્ય’નો રામસર સાઈટ્સમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ભારત હવે કુલ ૯૮ રામસર સાઈટ્સ ધરાવે છે, જે દક્ષિણ એશિયાના કોઈ પણ દેશની સરખામણીએ સૌથી વધુ છે.



## ગુજરાતની પંચરત્ન રામસર સાઇટ્સ

**આ સાઇટ્સ રાજ્યની ભૌગોલિક વિવિધતાનું ઉત્તમ ઉદાહરણ છે**

૧. નળ સરોવર (અમદાવાદ): પેલિકન અને ફ્લેમિંગો માટે વિશ્વવિખ્યાત.

૨. થોળ પક્ષી અભયારણ્ય (મહેસાણા): ખેતી અને પ્રકૃતિના અદ્ભુત તાલમેલનું પ્રતીક.

૩. વઢવાણા (વડોદરા): ગાયકવાડી શાસનની જળ-વ્યવસ્થાનની દૂરંદેશીનું પ્રતીક.

૪. ખીજડિયા (જામનગર): મીઠા અને ખારા પાણીના સંગમવાળું અજોડ નિવસનતંત્ર.

૫. છારી-ઢંઢ (કચ્છ): રણ અને જળનું અનોખું મિલનસ્થાન.

‘વિકાસ ભી - વિરાસત ભી’ના મંત્ર સાથે સરકાર વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં 'અમૃત ધરોહર' યોજના હેઠળ રામસર સાઈટ્સની આસપાસના લોકોના પરંપરાગત જ્ઞાનનો ઉપયોગ કરી સંરક્ષણ કરવામાં આવે છે. આ તમામ સ્થળોએ ડ્રોન સર્વેલન્સ, સેટેલાઈટ મેપિંગ અને આક્રમક વનસ્પતિઓના નિયંત્રણ માટે સરકાર દ્વારા સઘન ઍક્શન પ્લાન અમલમાં મૂકવામાં આવ્યો છે.

કચ્છના બન્નીનું રતન ‘છારી-ઢંઢ’ને સત્તાવાર રીતે વૈશ્વિક ‘રામસર સાઈટ’ તરીકેના બહુમાનનું પ્રમાણપત્ર ગાંધીનગરમાં વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ વન વિભાગ તરફથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને અર્પણ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતની આ સિદ્ધિ બદલ મંત્રીશ્રી સહિત વન વિભાગની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા.



# રાજ્યવ્યાપી ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરની દિશામાં વધુ એક માઈલસ્ટોન



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારત ૨૦૪૭ના વિઝનને સાકાર કરવામાં સંગીન ડિજિટલ ગવર્નન્સને અર્થતંત્રની બેકબોન ગણાવી છે. તેમણે આપેલા ડિજિટલ ભારતના સંકલ્પને ગુજરાતના ગ્રામીણ અંતરિયાળ સ્થળો સહિત રાજ્યવ્યાપી વિસ્તારવાની દિશામાં ગુજરાત સરકારે એક મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે ડિજિટલ ગવર્નન્સને મહત્તમ ઉપયોગમાં લેવા એલન મસ્કની SpaceXની સબસિડિયરી સ્ટારલિંક સૅટેલાઈટ કૉમ્યુનિકેશન્સ પ્રાઈવેટ લિમિટેડ સાથે પરસ્પર સહયોગના લેટર ઓફ ઈન્ટેન્ટ (LoI) કર્યા.

મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં LoI એક્સચેન્જ સેરેમની યોજવામાં આવી હતી. રાજ્ય સરકાર વતી ઉદ્યોગ કમિશનર શ્રી પી. સ્વરૂપ અને સ્ટારલિંક વતી સ્ટારલિંક ઇન્ડિયાના હેડ શ્રી પ્રભાકર જયકુમારે આ LoIની પરસ્પર આપ-લે કરી હતી. રાજ્યમાં સીમલેસ અને ઇઝી કનેક્ટિવિટીની જરૂરિયાતોના સંદર્ભમાં આ LoIના અસરકારક અમલીકરણ માટે રાજ્ય સરકાર અને સ્ટારલિંકના પ્રતિનિધિઓની જોઈન્ટ વર્કિંગ ગ્રુપની રચના કરવામાં આવશે.

આ LoIને પરિણામે રાજ્યમાં ડિજિટલ કનેક્ટિવિટી મિશન તથા સ્ટ્રેટેજિક ઈનિશિએટિવથી અંતરિયાળ, છેવાડાના અને ઓછી ટૅલિકોમ સુવિધા અને નેટવર્કની સમસ્યા ધરાવતા વિસ્તારોમાં હાઇ-સ્પીડ સૅટેલાઈટ આધારિત ઈન્ટરનેટ કનેક્ટિવિટી ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ LoI અન્વયે પાયલોટ પ્રોજેક્ટમાં કોમન સર્વિસ સેન્ટર્સ (CSC), ઇ-ગવર્નન્સ સુવિધાઓ, સરકારી શાળાઓ, જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન નિયંત્રણ કક્ષ, પોર્ટ્સ, વન્યજીવ અભયારણ્યોના વિસ્તારોને જોડવાનું આયોજન છે.

નર્મદા અને દાહોદ જેવા એસ્પિરેશનલ જિલ્લાઓ સહિત રાજ્યના આદિજાતિ જિલ્લાઓમાં ડિજિટલ ઇન્ક્લુઝન માટે તે ખૂબ અગત્યનું નીવડશે. આ જિલ્લાઓમાં પોલીસ આઉટપોસ્ટ્સ, આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્રો, વન્યજીવ મૉનિટરિંગ અને કૃષિ સંશોધન કેન્દ્રો માટે મજબૂત કનેક્ટિવિટી દ્વારા સિક્યુરિટી અને સ્ટેબિલિટી વધવા સાથે રિલાયેબલ ડિજિટલ સર્વિસ ડિલિવરી પણ આ LoIનું અમલીકરણ થવાથી સુનિશ્ચિત થશે. આ પહેલ અંતર્ગત રાજ્યની શાળાઓમાં શિક્ષણ માટે સ્માર્ટ કનેક્ટિવિટી તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં (PHC) આરોગ્ય સુખાકારીની સેવાઓ અને ટેલિ-મેડિસિન સુવિધાઓ સરળતાએ અને ઝડપથી ઉપલબ્ધ થશે.

આ સંયુક્ત પ્રોજેક્ટનો અમલ આવનારા ભવિષ્યમાં રાજ્યની ડિજિટલ સેવાઓને વધુ વ્યાપક બનાવવામાં માઈલસ્ટોન સાબિત થશે અને ઇ-ગવર્નન્સની પ્રગતિને વધુ ગતિ આપશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. રાજ્યની જી.આઈ.ડી.સી.ના ઇન્ડસ્ટ્રીયલ પાર્ક્સ, હાઈવે સેફ્ટી સિસ્ટિમ્સ, મેરિટાઈમ-પોર્ટ કનેક્ટિવિટી તેમજ કોસ્ટલ પોલિસ ઓપરેશનમાં પણ કનેક્ટિવિટી વધુ મજબૂત કરવાના વિષયો આ LoIમાં આવરી લેવાયા છે.

# કેન્સર સામેની લડાઈમાં 'આયુષ્માન' કવચ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર કેન્સર જેવી ગંભીર બીમારીઓ સામે લડવા માટે નાગરિકોને આયુષ્માન કાર્ડના માધ્યમથી મોટી તાકાત પૂરી પાડી રહી છે.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન રાજ્યમાં PMJAY હેઠળ નોંધાયેલા કુલ ૧૩,૩૪,૬૦૨ ક્લેઈમ્સમાંથી ૨૭.૯૨% એટલે કે ૩,૭૨,૫૭૫ ક્લેઈમ્સ માત્ર ઑન્કોલૉજી (કેન્સર) સારવાર માટેના છે.

આયુષ્માન કાર્ડ હેઠળ દર્દીઓને સર્જરી, રેડિયોથેરાપી અને કીમોથેરાપી જેવી મહત્ત્વની સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

મુખ્યમંત્રીશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતુ કે, આ કાર્ડ માત્ર કાગળનો ટુકડો નથી, પરંતુ ગરીબ અને મધ્યમ વર્ગ માટે મોટી તાકાત છે. જો કોઈને કાર્ડ કઢાવવામાં મુશ્કેલી હોય, તો તેમને મદદ કરી આપણે સૌ સાથે મળીને કેન્સર મુક્ત ગુજરાત તરફ આગળ વધીએ.

# વીસનગરમાં સાંકળચંદ પટેલ યુનિવર્સિટીનો પદવીદાન સમારોહ



વીસનગર સ્થિત સાંકળચંદ પટેલ યુનિવર્સિટીનો ૮મો પદવીદાન સમારોહ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ અવસરે વિવિધ વિદ્યાશાખાઓના ૨૨૧૩ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી, જેમાં ૩૫ તેજસ્વી વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ અને ૪૧ સ્કૉલર્સને પીએચ.ડી.ની પદવી એનાયત કરાઈ હતી.

યુવાનોને ઉજ્જ્વળ ભવિષ્યની શુભેચ્છા પાઠવતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આજનો યુગ નોલેજ, ટૅક્નોલૉજી અને ઈનોવેશનનો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'વિકસિત ભારત ૨૦૪૭'ના વિઝનમાં યુવા-શક્તિને કેન્દ્રમાં રાખી છે અને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) દ્વારા યુવાનોને વિશ્વ સ્તરે સજ્જ બનાવવાનો માર્ગ ચીંધ્યો છે.

પદવી માત્ર પ્રમાણપત્ર નથી પરંતુ સમાજ પ્રત્યેની જવાબદારીનું પ્રતીક છે. તેમણે કેન્દ્ર સરકારના તાજેતરના બજેટનો ઉલ્લેખ કરી જણાવ્યું કે, સરકાર સ્કિલિંગ, સ્ટાર્ટઅપ, એઆઇ (AI) અને ડિજિટલ લર્નિંગ જેવાં ક્ષેત્રોને વિશેષ પ્રોત્સાહન આપી રહી છે. શિક્ષણ એ જીવન માટે છે, માત્ર જીવિકા માટે નહીં તેવો મંત્ર આપતાં તેમણે યુવાનોને 'જોબ સીકર'ને બદલે 'જોબ ક્રિએટર' બનવા આહ્વાન કર્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ યુનિવર્સિટી કેમ્પસમાં રૂ. ૪.૫ કરોડના ખર્ચે સ્થાપિત ૧૫૦૦ કિલોવોટ ક્ષમતાના સોલાર રૂફટોપ પ્લાન્ટનું લોકાર્પણ કર્યું હતું. વધુમાં રૂ. ૨૫ કરોડના ખર્ચે નિર્માણ પામનાર ઇન્ટરનૅશનલ કક્ષાના 'એસ.પી.યુ. સ્પોર્ટ્સ એરેના'નું ભૂમિપૂજન પણ કરવામાં આવ્યું હતું.

ઊર્જા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું કે, માત્ર ડિગ્રી કે ગોલ્ડ મેડલ કામ નહીં આવે પરંતુ કૌશલ્યથી જ જીવનમાં આગળ વધી શકાશે. પદવીદાન સમારોહમાં એન્જિનિયરિંગના ૬૦૧, કમ્પ્યૂટર સાયન્સના ૩૪૯, મેડિસિનના ૧૪૭ સહિત કુલ ૨૨૧૩ વિદ્યાર્થીઓએ પદવી પ્રાપ્ત કરી હતી. આ અવસરે ધારાસભ્યશ્રીઓ સહિત અનેક મહાનુભાવો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ભારત-યુ.એસ. ટ્રેડ ડીલ અંગે મુખ્યમંત્રીશ્રીની પ્રતિક્રિયા

યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત અને અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલ એ વિશ્વને નવા ભારતની શક્તિનો પરિચય છે. આ ડીલ માત્ર ઉદ્યોગ પૂરતી સીમિત નથી. પરંતુ બે મોટી અર્થવ્યવસ્થાના નાગરિકોના હિતમાં અને નવી તકોના સર્જન માટેની ડીલ છે.જ્યારે વિશ્વની બે સૌથી મોટી લોકશાહી સાથે મળીને આગળ વધે ત્યારે સાચા અર્થમાં વિશ્વકલ્યાણની ભાવના ચરિતાર્થ થાય છે. આ દિશામાં આ ટ્રેડ ડીલ ભારત-અમેરિકા વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોની પ્રગતિમાં નવા અધ્યાયની શરૂઆત પણ છે.

આ ડીલના પરિણામે મેઈક ઇન ઇન્ડિયા-મેઈડ ફોર ધ વર્લ્ડના વડાપ્રધાનશ્રીએ આપેલા વિઝનને બળ મળશે. મેઈડ ઇન ઇન્ડિયા ઉત્પાદનો પર યુએસ ટૅરિફમાં ૧૮ ટકાનો ઘટાડો એ ઉત્પાદન, MSME, નિકાસકારો અને રોજગાર સર્જન માટે પ્રોત્સાહનરૂપ છે. ઉદ્યોગસાહસિકો અને સ્ટાર્ટઅપ્સ માટે વિશ્વના વ્યાપક બજારો માટે નવાં દ્વાર ખૂલશે. ગુજરાત મેન્યુફેક્ચરિંગ હબ સાથે ટેક્સટાઇલ, ફાર્મા, કેમિકલ, પેટ્રોલિયમ, જેમ્સ એન્ડ જ્વેલરી જેવાં ક્ષેત્રોમાં લીડર છે.

ભારત અને અમેરિકા વચ્ચે થયેલા આ ઐતિહાસિક કરારથી આ ક્ષેત્રનાં ઉત્પાદનોના એક્સપોર્ટને પ્રોત્સાહન મળશે. એટલું જ નહિ, ગુજરાતના મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર અને MSME સહિતના વેપાર-ઉદ્યોગને સીધો લાભ થશે. આ કરારથી ભારતની ગ્લોબલ ઇકોનોમિક પ્રેઝન્સ વધશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નિર્ણાયક નેતૃત્વ અને સિટીઝન સેન્ટ્રિક ડિપ્લોમસીથી, ભારત-યુએસ સંબંધોથી વૈશ્વિક શાંતિ અને સમૃદ્ધિને પણ વેગ મળશે. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના નાગરિકો વતી આ ઐતિહાસિક દ્વિપક્ષીય વ્યાપાર કરાર બદલ વડાપ્રધાનશ્રીને અભિનંદન પાઠવ્યા હતા.

# 'પરીક્ષા પે ચર્ચા'નું નવમું સંસ્કરણ ગાંધીનગરમાં સંપન્ન




શિક્ષણનો અર્થ માત્ર પરીક્ષા નથી. શિક્ષણ જીવન જીવવાની કળા શીખવે છે. વિદ્યાર્થીઓએ આત્મવિશ્વાસથી તણાવમુક્ત વાતાવરણમાં પરીક્ષા આપવી જોઈએ. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિદ્યાર્થીઓમાં સકારાત્મક વિચારોની પ્રેરણાના ભાગરૂપે "પરીક્ષા પે ચર્ચા" કાર્યક્રમની શરૂઆત કરાવી હતી. વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાઓ સહિતની વાર્ષિક પરીક્ષા પૂર્વે અનિવાર્ય એવું માર્ગદર્શન મળે તે માટે ૮ વર્ષથી 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમ થાય છે. આ વર્ષે 'પરીક્ષા પે ચર્ચા'ના નવમાં સંસ્કરણમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આનંદ નિકેતન શાળા, ગાંધીનગરના વિદ્યાર્થીઓને મળ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા આપનારા છાત્રોને સફળતાની શુભેચ્છાઓ પાઠવી હતી. શિક્ષણમંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજા પણ સાથે જોડાયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, બાળકો જેમ અભ્યાસ, વાંચન, રમત-ગમતનો સમય નિયત કરે છે તેમ મોબાઈલ જોવાનો પણ સમય નક્કી કરે. પરીક્ષા એ જીવનની કસોટી નથી પણ મહેનતનું પ્રતિબિંબ અને સ્ટ્રેસને સક્સેસમાં બદલવાનું પ્લૅટફૉર્મ છે. ડિપ્રેશન વિના જીવન-સંતુલન જાળવીને કોઈ પણ પરિસ્થિતિમાં સ્વસ્થ મનથી વિદ્યાર્થીઓએ આગળ વધવું. પ્રતિવર્ષ પરીક્ષા પહેલાં વિદ્યાર્થીઓ સાથે પ્રત્યક્ષ સંવાદ કરી, તેમને સારા પર્ફોર્મન્સની પ્રેરણા આપનારા આપણા વડાપ્રધાનશ્રી સંભવત: વિશ્વના એક માત્ર નેતા હશે તેવો પણ ઉલ્લેખ મુખ્યમંત્રીશ્રીએ ગૌરવભેર કર્યો હતો.

# સમૃદ્ધ ગ્રામીણ ગુજરાત દ્વારા વિકસિત ભારતનું નિર્માણ




રાજ્યના ગ્રામીણ વિસ્તારોને આંતરમાળખાકીય સુવિધાઓથી સજ્જ બનાવી દેશની વિકાસયાત્રામાં ગ્રામીણ ગુજરાતનું યોગદાન વધારવા રાજ્ય સરકારે વિવિધ પગલાંઓ લીધાં છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગ્રામપંચાયતોના સરપંચોને ગ્રામીણ સ્તરે વધુ પારદર્શકતા અને જવાબદારી સાથે વિકસિત ભારતના નિર્માણમાં જોડાવા આહવાન કર્યું હતું. તેમણે ગુજરાત વિધાનસભામાં 'ગ્રામ શક્તિ' તાલીમ કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી, ઊર્જા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ તથા શ્રમ, કૌશલ્ય અને રોજગાર વિકાસ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા ઉપસ્થિત રહ્યા હતા. આ તાલીમમાં બનાસકાંઠા, વાવ-થરાદ, મહેસાણા, પાટણ, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના ૨૬૦થી વધુ સરપંચ સહભાગી થયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગામના વિકાસનાં કામો અને ભવિષ્યના આયોજનમાં વધુ યુવાનોને જોડીને ટૅક્નોલૉજીના ઉપયોગથી નાગરિકો સુધી સેવા-સુવિધાઓ પહોંચાડવાનું દાયિત્વ સરપંચોના શિરે છે. ગામના લોકો એક સાથે વિકાસકામોમાં જોડાય તો ગામનો વિકાસ દીપી ઉઠે. સરપંચોની પ્રાથમિક જવાબદારી ગામના છેવાડાના માનવી સુધી યોજનાઓનો લાભ પહોંચાડવાની છે. ગામનાં જાહેર હિતનાં કામોની ગુણવત્તા સાથે કોઈ પણ બાંધછોડ ચલાવી લેવામાં આવશે નહીં.

આ તાલીમમાં સરપંચોને સંસદીય લોકતંત્રમાં પંચાયતની ભૂમિકા અને પંચાયત હિસાબી નિયમો જેવા વિષયો પર જાણકારી આપવામાં આવી હતી.

# સુજલામ સુફલામ જળ અભિયાન આરંભાશે





ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં રાજ્ય મંત્રીમંડળની બેઠક મળી હતી. આ અંગે વિગતો આપતાં પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ચોમાસા પહેલાં જળ અભિયાનનાં કામો ઝડપથી પૂર્ણ થાય તે માટે રાજ્યભરમાં 'સુજલામ સુફલામ જળ અભિયાન'નો પ્રારંભ આગામી તા. ૨૧ ફેબ્રુઆરીથી કરાવશે.


વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પાણીને બચાવવા અને તેના સંગ્રહ માટે અનેક મહત્ત્વની યોજનાઓ અમલમાં મૂકી છે, જે અંતર્ગત મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર દ્વારા છેલ્લાં ૮ વર્ષથી જળ સંગ્રહની કામગીરી કરવા માટે રાજ્યના જુદા જુદા વિભાગોના સંકલનથી દર વર્ષે 'સુજલામ સુફલામ જળ અભિયાન' હાથ ધરવામાં આવે છે. આ અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૧૮થી ૨૦૨૫ સુધી છેલ્લાં ૮ વર્ષમાં અંદાજે ૧૩,૯૯૪ મિલિયન ઘનફૂટ પાણીનો સંગ્રહ કરવામાં આવ્યો છે તથા ૨૬૦ લાખ કરતાં વધુ માનવદિન થકી શ્રમિકોને રોજગારી આપવામાં આવી છે.

રાજ્યમાં મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં મહેસૂલી ક્ષેત્રે લેવાયેલા નિર્ણયોને કૅબિનેટ બેઠકમાં બિરદાવાયા હતા.

આ ઉપરાંત રાજ્યમાં 'જળસંચય જન-ભાગીદારી ૨.૦' અભિયાનની કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા માટે ભારત સરકારના જળશક્તિ મંત્રાલય સાથે વીડિયો કૉન્ફરન્સ યોજાઈ હતી.

મુખ્યમંત્રી ઉપરાંત કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલ તેમજ કેન્દ્ર અને રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓ આ સમીક્ષા બેઠકમાં જોડાયા હતા. રાજ્યના કલેક્ટરોએ પોતાનાં ક્ષેત્રોની જળસંચયના આ અભિયાનની પ્રગતિ અને આયોજનની વિગતો આપી હતી.

# દ્વારકામાં વિશ્વ કલ્યાણ અર્થે કથા-યજ્ઞ અને અભિષેકનો સંગમ



દેવભૂમિદ્વારકા ખાતે વિશ્વ કલ્યાણ અર્થે દેવી ભાગવત કથા, શ્રી મહાચંડી યજ્ઞ અને ૧૦૦૮ મહારુદ્ર અભિષેકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સંમેલિત થયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ નેપાળી બાબા (સંત આત્માનંદદાસ મહાત્યાગી)ના આશીર્વાદ મેળવી વિષ્ણુ લોક હવન યજ્ઞશાળા અને શિવ લોક નામ જપ યજ્ઞશાળાની મુલાકાત લીધી હતી. આ ધાર્મિક આયોજનમાં ભારતભરમાંથી ૨૧ હજાર બ્રાહ્મણો દ્વારા ૫૮ કરોડ જાપ કરવામાં આવ્યા. તેમજ દેશભરમાંથી સાધુ, સંતો, મહાત્માઓ આ આયોજનમાં સંમેલિત થયા છે. મુખ્યમંત્રીશ્રીની મુલાકાત વેળાએ ધારાસભ્ય સર્વશ્રી પબુભા માણેક, મુળુભાઈ બેરા સહિત સ્થાનિક પદાધિકારીઓ, સંતો, મહંતો ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી શ્રીએ ભગવાન દ્વારકાધીશના ચરણોમાં શીશ ઝૂકાવી નાગરિકોની સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટેની હૃદયપૂર્વક પ્રાર્થના કરી હતી તેમજ પાદુકાપૂજન પણ કર્યું હતું. આ સાથે તેમણે મંદિર પરિસરમાં ઉપસ્થિત દર્શનાર્થીઓનું અભિવાદન ઝીલ્યું હતું. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મુખ્યમંત્રીશ્રીને ઉપરણું, દ્વારકા મંદિરની પ્રતિકૃતિ, ફુલ અને તુલસીમાંથી નિર્મિત અનુગ્રહમ અગરબતી તથા પ્રસાદ અર્પણ કરવામાં આવ્યો હતો.

**જન્મોત્સવ :** વડોદરામાં બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (BAPS)ના આધ્યાત્મિક વડા પ.પૂ. સંત મહંત સ્વામી મહારાજની ૯૨મી જયંતી અને તેમની દીક્ષા પૂર્ણ થવાના ૬૯ વર્ષના શુભ અવસરે આયોજિત સત્સંગ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શ્રી મોહન યાદવ ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ સત્સંગને જીવનની દરેક સમસ્યાનું સમાધાન આપતો માર્ગ ગણાવ્યો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં બાળકો દ્વારા ધાર્મિક પઠન અને નૃત્ય નાટિકાઓ રજૂ કરવામાં આવી અને સાથે મંત્રોનું ઉચ્ચારણ પણ કરવામાં આવ્યુ હતું.



**શપથ :** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાત વીજ નિયમન પંચ (GERC)ના સભ્ય તરીકે નિયુક્ત થયેલા શ્રી જતીનભાઈ ઠક્કરને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. આ શપથ લેવાના અવસરે GERCના અધ્યક્ષ શ્રી પંકજ જોષી, મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ શ્રી ડૉ. વિક્રાંત પાંડે તેમજ હાઈકોર્ટના નિવૃત્ત જસ્ટિસ શ્રી રાજેન્દ્ર સરીન અને વીજ નિયમન પંચના સભ્યો સહિત વરિષ્ઠ સચિવો અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



**સમૂહ લગ્નોત્સવ :** પાટણના હારીજ તાલુકાના અડીયા ખાતે શ્રી સત્યાવીસ લેઉવા પાટીદાર સમાજ દ્વારા આયોજિત સમૂહ લગ્નોત્સવમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ૨૨ નવદંપતીને આશીર્વાદ આપી સમૂહ લગ્નના આયોજન થકી અનુસરણીય માર્ગ ચીંધવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું. આ પ્રસંગે ઊર્જા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ સહિત રાજકીય, સામાજિક આગેવાનો તથા સમાજ સંગઠનના હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.





**સન્માન :** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરના લોકભવન ખાતે યોજાયેલી 'એટ હોમ' સૅરિમનીમાં દિલ્હી પ્રજાસત્તાક દિવસ પરેડમાં ભાગ લઈ ગુજરાતનું ગૌરવ વધારનારા NCC કૅડેટ્સનું સન્માન કર્યું હતું. આ સમારોહમાં મુખ્યમંત્રીશ્રીના હસ્તે ૯ કૅડેટ્સને સર્ટિફિકેટ ઑફ એક્સેલન્સ એનાયત કરાયાં અને 'કૅડેટ જર્નલ-૨૦૨૬'નું વિમોચન કરવામાં આવ્યું હતું. NCCની વિવિધ પ્રવૃત્તિઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન બદલ ગુજરાતનું ઇન્ટર ગ્રૂપ ચૅમ્પિયનશિપ બેનર આ વર્ષે NCC રાજકોટને અર્પણ કરાયું. મુખ્યમંત્રીશ્રીએ મેડલ-સર્ટિફિકેટ મેળવનાર કૅડેટ્સને અભિનંદન આપી તેમનાં શિસ્ત, સમર્પણ અને દેશસેવાની ભાવનાની પ્રશંસા કરી.



**દર્શન :** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવા યાત્રાધામ અંબાજી મંદિર શક્તિપીઠ પહોંચ્યા ત્યાં મા અંબાનાં દર્શન બાદ અંબાજી માર્ગ પર ત્રિશૂળિયા ઘાટ પાસે ભવ્ય શ્રી શક્તિ ત્રિશૂળની સ્થાપના વિધિ કરી હતી. આ ત્રિશૂળ અંદાજે ૧૬ ફૂટ ઊંચું અને ૬૦૦ કિલોગ્રામ વજન ધરાવે છે જેના દૂરથી જ દર્શન કરવા સરળ છે. તીર્થાટન માટે આવતા શ્રદ્ધાળુઓમાં આ નવું નજરાણું આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.



**પ્રાર્થના :** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ફાગવેલમાં ભાથીજી મહારાજનાં દર્શન કર્યાં હતાં અને રાજ્ય તથા જનસુખાકારી માટે ભાવપૂર્વક પ્રાર્થના કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ મંદિર પરિસરમાં ઉપસ્થિત જનસમુદાયનું હર્ષભેર અભિવાદન ઝીલ્યું હતું. આ તકે શ્રી ભાથીજી મંદિર ટ્રસ્ટ દ્વારા મુખ્યમંત્રીશ્રીનું તલવાર અને ભાથીજી મહારાજની તસવીર ફ્રેમ અર્પણ કરીને પરંપરાગત રીતે સ્વાગત કરવામાં આવ્યું હતું. ફાગવેલ મંદિર ખાતે મુખ્યમંત્રીશ્રીએ સ્થાનિક દુકાનદારો સાથે વાતચીત પણ કરી હતી.



**અર્પણ :** ગુજરાતના ટૅબ્લોને સતત ચોથા વર્ષે 'પોપ્યુલર ચોઈસ કૅટેગરી'માં પ્રથમ ઍવૉર્ડ મળ્યો છે. ૭૭મા પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં 'સ્વતંત્રતા કા મંત્ર : વંદે માતરમ્' થીમ આધારિત ગુજરાતના ટૅબ્લોને મળેલાં સન્માન ટ્રોફી અને પ્રશંસાપત્ર માહિતી અને પ્રસારણ સચિવ ડૉ. વિક્રાંત પાંડે અને માહિતી કમિશનર શ્રી કિશોર બચાણી દ્વારા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને અર્પણ કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે મુખ્ય સચિવશ્રી એમ. કે. દાસ, મુખ્યમંત્રી કાર્યાલયના અગ્ર સચિવ શ્રી સંજીવકુમાર તથા માહિતી કમિશનર કચેરીના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.



**મુલાકાત :** ભારતમાં આયર્લેન્ડના રાજદૂત શ્રીયુત કેવિન કેલિએ ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સૌજન્ય મુલાકાત લીધી હતી. ગુજરાતની તેમની આ પ્રથમ મુલાકાતમાં તેમણે મુખ્યમંત્રીશ્રી સાથેની બેઠકમાં ભારત અને આયર્લેન્ડ વચ્ચેની ઐતિહાસિક સમાનતાઓ પર ભાર મૂક્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત અને આયર્લેન્ડ વચ્ચેની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસત પર ખાસ ચર્ચા કરી હતી. ડબલિનમાં ભારતીય દૂતાવાસે બે વર્ષ પહેલાં યોજેલી સ્ટેટ કલ્ચરલ ઈવેન્ટ સિરીઝમાં ગુજરાત પર ફોકસ કરવામાં આવ્યું હતું તેનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો.



**કથા :** ગાંધીનગરમાં પર્યાવરણ જાગૃતિ માટે સેવારત નેચર ફર્સ્ટ ફાઉન્ડેશન અને સૌ પ્રકૃતિ પ્રેમીઓના સહયોગથી 'પ્રકૃતિ પ્રેમ ભાગવત કથા' યોજાઈ હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આ ભાગવત કથા-જ્ઞાનયજ્ઞ મહોત્સવમાં સહભાગી થયા હતા. પ્રસિદ્ધ ભાગવત કથાકાર પૂજ્ય ભાઈ શ્રી રમેશભાઈ ઓઝાએ વ્યાસપીઠ પરથી ભાગવત કથાનું રસપાન કરાવ્યું હતું. ભાવિ પેઢીને કુદરતી આફતો સામે સુરક્ષિત કરવાના તેમજ જનમાનસમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવાના મુખ્ય ઉદ્દેશ્ય સાથે શરૂ થયેલી આ કથા કોઈ પણ જાતના મંડપ કે પંડાલ વિના પ્રકૃતિના સંપૂર્ણ સાંનિધ્યમાં વૃક્ષોની વનરાજી વચ્ચે યોજાઈ હતી.

# ગાંધીનગરમાં રિન્યૂએબલ એનર્જી કોન્ક્લેવ સંપન્ન




ભારતમાં 'રિન્યૂએબલ એનર્જી કૅપિટલ' તરીકે ગુજરાત ઊભરી રહ્યું છે. રાજ્યની ભૌગોલિક સ્થિતિ, લાંબો દરિયાકિનારો અને સરકારની પ્રોત્સાહક નીતિઓને કારણે ગુજરાત ગ્રીન એનર્જી ક્ષેત્રે વૈશ્વિક હબ બન્યું છે, જેમાં કચ્છના ખાવડામાં આકાર લઈ રહેલો હાઈબ્રિડ પાર્ક વિશ્વનો સૌથી મોટો રિન્યૂએબલ એનર્જી પાર્ક પ્રોજેક્ટ છે. અહીં સોલર પૅનલ્સ અને વિન્ડ ટર્બાઇન બંનેનો ઉપયોગ કરીને વીજળી ઉત્પન્ન કરવાનું આયોજન છે. ગુજરાત સોલર પાવરના ઉત્પાદનમાં અને ઉપયોગમાં દેશમાં અગ્રેસર છે. ગાંધીનગરમાં ગુજરાત સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ અને The Secretariatના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી રિન્યૂએબલ એનર્જી કોન્ક્લેવમાં નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી તથા ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ સહભાગી થયા હતા.

નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, વર્તમાન વડાપ્રધાનશ્રી અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશિપને કારણે રિન્યૂએબલ એનર્જી ક્ષેત્રે આપણે ક્યાંથી ક્યાં પહોંચ્યા છીએ. વર્ષ ૨૦૦૩માં માત્ર ૯૦ મૅગાવોટ પ્રૉડક્શનથી આજે વર્ષ ૨૦૨૬માં ૪૨,૫૦૦થી વધુ મૅગાવોટ ઉત્પન્ન કરી રહ્યા છીએ. ગુજરાત રિન્યૂએબલ એનર્જીના કુલ ઉત્પાદનમાં ૬૪ ટકા પ્રોડક્શન અને રૂફટોપ સોલારમાં ૩૦ ટકા કામગીરી સાથે પ્રથમ છે. આ કૉન્ફરન્સમાં ઊર્જા અને પેટ્રો કેમિકલ્સ મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે રિન્યૂએબલ એનર્જી ક્ષેત્રે સરકાર તરફથી સહાય માટે તત્પરતા દર્શાવી હતી.

# વંદે માતરમ્ કૉસ્ટલ સાયક્લૉથોન-૨૦૨૬ની પૂર્ણાહુતિ

પ્રત્યેક ભારતવાસી માટે દેશપ્રેમને વ્યક્ત કરનારું લોકપ્રિય ગીત એટલે 'વંદે માતરમ્'. આ ગીતની ૧૫૦મી જયંતી નિમિત્તે કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળે (સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રિયલ સિક્યોરિટી ફોર્સ-CISF) વેસુ ખાતે 'વંદે માતરમ્ તટીય સાયક્લૉથોન-૨૦૨૬'નું નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ભવ્ય આયોજન કર્યું હતું. નાયબ મુખ્યમંત્રીએ CISFના જવાનોને દેશના ખરા પ્રહરી ગણાવી તેમની નિષ્ઠા અને રાષ્ટ્રભક્તિની પ્રશંસા કરી. સાયક્લોથોનમાં ૫૦ ટકા કરતાં વધુ મહિલા કર્મીઓની ભાગીદારીને નારી સશક્તીકરણનું પ્રતીક ગણાવ્યું હતું.



નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, CISF દેશનાં ૭૦થી વધુ ઍરપોર્ટ, બંદરો, સંસદ ભવન સહિત અગત્યનાં સ્થાપનોની સુરક્ષામાં અતિમહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ અભિયાનમાં ૧૩૦ સમર્પિત CISF જવાનો અને ૬૫ મહિલા સૈનિક જોડાયાં હતાં. ૧૧ રાજ્યોને આવરી લેતી ગુજરાતના કચ્છના લખપતથી પશ્ચિમ બંગાળના બકખલી, બન્ને સ્થળોએથી શરૂ થયેલી ૨૫ દિવસીય 'વંદે માતરમ્ કોસ્ટલ સાયક્લોથોન-૨૦૨૬' દેશના ૬,૫૫૩ કિમી લાંબા દરિયાકાંઠાને આવરી લેશે, જેનો મુખ્ય હેતુ 'સુરક્ષિત તટ, સમૃદ્ધ ભારત' થીમ હેઠળ દરિયાકાંઠાની સુરક્ષા અંગે જાગૃતિ લાવવા અને માછીમારોને સુરક્ષા વ્યવસ્થામાં સામેલ કરવાનો છે.

# હોસ્ટેલ માત્ર નિવાસ નહીં, જીવનમૂલ્યોની પાઠશાળા



ભાવનગરમાં કેન્દ્રીય રાજયમંત્રી શ્રીમતી નીમુબહેન બાંભણિયા અને સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજાની ઉપસ્થિતિમાં રૂ.૪.૮૩ કરોડના ખર્ચે નિર્માણ પામેલ ડૉ. આંબેડકર સરકારી કુમાર છાત્રાલયના નવા બિલ્ડિંગનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. લોકાર્પણ બાદ મંત્રીશ્રીઓએ હોસ્ટેલની સુવિધાઓનું નિરીક્ષણ કરીને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ સારી રીતે ઉચ્ચ શિક્ષણ મેળવી શકે તે માટે સુવિધાયુક્ત છાત્રાલયનું નિર્માણ કરાયું છે. આ છાત્રાલયમાં અધિકારીઓ અને સંબંધિત વિભાગ દ્વારા મૉનિટરિંગ કરીને અનેક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

મંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજાએ જણાવ્યું હતું કે, પ્રમાણે, હોસ્ટેલ માત્ર નિવાસસ્થાન નહીં, પરંતુ જીવનનાં મૂલ્યો શીખવાની પાઠશાળા છે. દૂર-દૂરથી આવનારા વિદ્યાર્થીઓને રહેવા-જમવાની અને અભ્યાસની સગવડ મળી રહેતાં, છાત્રાલય ઉપયોગી બનશે. આ લોકાર્પણ અવસરે સ્થાનિક અગ્રણીઓ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# સેવાસેતુ મહોત્સવ : ૫૬ સેવાઓ, મેડિકલ કેમ્પ અને સહાય વિતરણ



જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા માંગરોળના શીલ આઈટીઆઈ ખાતે શ્રમ અને રોજગાર કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવીયાની ઉપસ્થિતિમાં સેવાસેતુ અને મેડિકલ કેમ્પ યોજાયો. આ પ્રસંગે તેમણે અંદાજે રૂ. ૯૯ લાખનાં ૪૪ વિકાસકાર્યોનાં ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યાં, જેમાં રૂ. ૨૨.૭૭ લાખનાં ૧૧ ખાતમુહૂર્ત અને રૂ. ૭૬.૫૧ લાખનાં ૩૩ લોકાર્પણનો સમાવેશ થાય છે. સાથે જ કેન્દ્રીય મંત્રીશ્રીના હસ્તે લાભાર્થીઓને સહાય વિતરણ તેમજ રમતગમતમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા ખેલાડીઓને સન્માનપત્ર આપી બિરદાવવામાં આવ્યા હતા.

કેન્દ્રીય મંત્રીશ્રીએ જણાવ્યું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારની જનકલ્યાણકારી યોજનાઓના સંવેદનશીલ અભિગમથી સામાન્ય લોકોના જીવનમાં સકારાત્મક બદલાવ આવ્યો છે. તેમણે જ્યોતિગ્રામ, આયુષ્માન ભારત, મા અમૃતમ ઉજ્જવલા, પીએમ-કિસાન અને મત્સ્ય સંપદા જેવી વિવિધ યોજનાઓની માહિતી આપી લોકોને તેનો લાભ લેવા અપીલ કરી હતી.

જૂનાગઢ જિલ્લા વહીવટીતંત્રના સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ સરકારી યોજનાઓ અંગે માહિતી આપવા ૧૫ જેટલા સ્ટોલ્સ ગોઠવાયા હતા. કાર્યક્રમમાં ૫૬ સેવાઓનો ૧૮૩૦ જેટલા લાભાર્થીઓએ સ્થળ પર જ લાભ લીધો. ઉપરાંત નિષ્ણાત ડૉક્ટરો દ્વારા મેડિકલ કેમ્પ યોજાયો, જેમાં માંગરોળ તાલુકાના શીલ, સહિતનાં ગામના લોકોએ આરોગ્ય સેવાનો લાભ લીધો હતો.



**ગ્રામોત્થાન :** રાજય કક્ષાના 'ગ્રામોત્થાન યોજનાના શુભારંભ' કાર્યક્રમ અંતર્ગત વલસાડ જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના હસ્તે રૂ. ૧૭.૩૭ કરોડના ખર્ચે ૫૭ ગ્રામપંચાયતના નવા ભવનનું ઇ -ખાતમુહૂર્ત અને રૂ. ૧૮.૨૭ કરોડના ખર્ચે ૯૭૬ વિકાસકાર્યોનું ઇ - લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આણંદના ભાદરણ ખાતે મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલા રાજ્યકક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ સૌએ નિહાળ્યું હતું.



**ઉદ્ઘાટન :** અમદાવાદ રિવરફ્રન્ટ ખાતે 'પરંપરાગત આદિવાસી હસ્તકલાકૃતિ, આહાર, વનૌષધીય વેચાણ-પ્રદર્શન મેળા'નું ઉદ્ઘાટન આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલે કર્યું હતું. મંત્રીશ્રીએ આદિવાસી હસ્ત કલાકારો અને વૈદુ ભગતોના સ્ટોલોની મુલાકાત લીધી હતી. આ મેળામાં ૭૫ સ્ટોલ તથા ૧૦૦થી વધુ આદિવાસી કલાકારો-વૈદુ ભગતો ઉપસ્થિત રહ્યા હતા. મેળાના ૭ દિવસમાં આદિવાસી ભાઈઓ-બહેનોએ રૂ. ૧૫ લાખની કમાણી કરી હતી.



**અભ્યાસક્રમ :** મહિલા અને બાળ કલ્યાણ રાજ્ય મંત્રી ડૉ. મનીષાબહેન વકીલના અધ્યક્ષસ્થાને સ્ટેટ ઇ.સી.સી.ઇ. (ECCE) કાઉન્સિલની બેઠક મળી હતી. બેઠકમાં રાજ્યની આંગણવાડીઓનાં ૩થી ૬ વર્ષનાં બાળકો માટે નવો પૂર્વ પ્રાથમિક અભ્યાસક્રમ 'આધારશિલા' મંજૂર કરવામાં આવ્યો હતો, જે રાજ્યની તમામ આંગણવાડીઓમાં જૂન ૨૦૨૬થી અમલી બનાવાશે. ઉપરાંત બાળકોના વિકાસના માપદંડ ધરાવતી પુસ્તિકા 'મારી વિકાસ યાત્રા'ને પણ મંજૂરી આપવામાં આવી હતી.



**બેઠક :** ભુજમાં શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર રાજ્યમંત્રી શ્રી કાંતિલાલ અમૃતિયાના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે સંકલન બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મંત્રીશ્રીએ વિવિધ વિભાગની કામગીરીની સમીક્ષા કરી એક પણ પડતર પ્રશ્ન ન રહે અને ગુણવત્તાયુક્ત કામ કરવા અધિકારીશ્રીઓને સૂચન કર્યું હતું. કચ્છનાં નાનાં- મોટાં યાત્રાધામનો વિકાસ કરવાની નેમ વ્યકત કરીને તેમણે કચ્છમાં પાણી, રસ્તા સહિતના પ્રશ્નોના ઉકેલની ખાતરી આપી હતી.



**શુભારંભ :** દાહોદમાં આદિજાતિ મ્યૂઝિયમ ખાતે કૃષિ અને ખેડૂત કલ્યાણ રાજ્યમંત્રી શ્રી રમેશભાઈ કટારાના અધ્યક્ષસ્થાને સંપૂર્ણતા અભિયાન ૨.૦નો શુભારંભ સમારોહ યોજાયો હતો. સંપૂર્ણતા અભિયાન ૨.૦માં દાહોદ ઉત્કૃષ્ટ કામગીરી કરીને અગ્રેસર આવે તે માટેના પ્રયાસો કરવા તેમજ ગરબાડા તાલુકો આકાંક્ષી બ્લોકમાંથી આદર્શ તાલુકો બને એ દિશામાં કાર્ય કરવા મંત્રીશ્રીએ સંબધિત અધિકારીઓને સૂચના આપી હતી.



**ખાતમુહૂર્ત :** અમરેલીના જાળીયા અને રાંઢીયામાં ઊર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાએ વિવિધ વિકાસકાર્યોનાં ખાતમુહૂર્ત કર્યાં હતાં. જાળીયા મુકામે અંદાજે રૂ. ૨ કરોડથી વધુના ખર્ચે સુવિધાપથ (સી.સી રોડ) બનશે, રૂ.૨૫ લાખના ખર્ચે ગ્રામપંચાયતનું નવું ભવન આકાર પામશે. અંદાજિત રૂ. ૬.૫ કરોડના ખર્ચે જાળીયા-કેરાળા-હડાલા રોડ પર સ્ટ્રક્ચર નિર્માણ કામગીરીનું ખાતમુહૂર્ત કરાયું હતુ.



**આરોગ્ય સેવા :** તાપી જિલ્લાની મુલાકાત દરમિયાન રમતગમત રાજ્યમંત્રી ડૉ. જયરામભાઇ ગામીત જિલ્લાના આરોગ્ય માળખાને વધુ મજબૂત બનાવતાં રૂ. ૬૩.૧૦ લાખથી વધુના ખર્ચે તૈયાર થયેલા બે નવનિર્મિત સબ સેન્ટર, અંતુર્લી (રૂ. ૩૧.૫૫ લાખ) અને સરવાળા (રૂ. ૩૧.૫૫ લાખ) સબ સેન્ટરોનું લોકાર્પણ કર્યું હતું. મંત્રીશ્રીએ આ નવનિર્મિત ઇમારતોની સ્વચ્છતા અને જાળવણીને આપણી નૈતિક ફરજ ગણાવી હતી.

**લોકાર્પણ :** ભુજ તાલુકાના ઝીકડી ગામે રૂ.૧.૯૩ કરોડના ખર્ચે તૈયાર થયેલ આધુનિક માધ્યમિક શાળાના નૂતન ભવનનું ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્યમંત્રી શ્રી ત્રિકમભાઈ છાંગાએ લોકાર્પણ કરી શાળાના સ્માર્ટ ક્લાસરૂમ, કમ્પ્યૂટર રૂમ અને સ્ટેમ લેબને પણ ખુલ્લી મૂકી હતી. મંત્રીશ્રીએ શાળા કેમ્પસની તેમજ વિજ્ઞાન પ્રયોગશાળા અને કમ્પ્યૂટર રૂમની રૂબરૂ મુલાકાત લઈ ઉપલબ્ધ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું.





**શિલાન્યાસ :** સુરેન્દ્રનગરના માલવણ ખાતે નાણા રાજ્યમંત્રીશ્રી કમલેશભાઈ પટેલે ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડ દ્વારા પોલીસ પરિવારોની સુવિધામાં વધારો કરવાના હેતુથી રૂ. ૧૬ કરોડના ખર્ચે નવા પોલીસ આવાસોના બાંધકામનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિધિવત્ રીતે ભૂમિપૂજન અને શિલાન્યાસ વિધિ સંપન્ન થઈ હતી. આધુનિક સુવિધાઓથી સજ્જ પોલીસ આવાસ જવાનોના પરિવાર માટે રાહતરૂપ બનશે.



**મુલાકાત :** શિક્ષણ રાજ્યમંત્રી શ્રીમતી રિવાબા જાડેજાની જૂનાગઢની પીએમ શ્રી પ્રાથમિક કન્યા શાળા નંબર ૪ની મુલાકાત દરમિયાન તેઓ શાળાની શૈક્ષણિક પદ્ધતિઓ અને પ્રવૃત્તિઓથી અવગત થયાં હતાં, મંત્રીશ્રીએ વિદ્યાર્થિનીઓ સાથે સંવાદ કર્યો હતો. ઉપરાંત વિદ્યાર્થિનીઓ સાથે બેસીને મધ્યાહન ભોજન પણ લીધું હતું અને વિદ્યાર્થિનીઓ સાથે ખો ખો રમતમાં સહભાગી થઈ તેમનો ઉત્સાહ પણ વધાર્યો હતો.

# ચરખા અને સૂતરના તાંતણે વણાયેલી જેનુબહેનની આત્મનિર્ભર ઝીંદગાની

**ડૉ. સપના ભટ્ટી**



શહેરોની દોડધામથી દૂર, ભાલ નળકાંઠાના વિસ્તારમાં જીવે છે એક એવા બહેન કે જેમના હાથની મહેનત માત્ર કાપડ જ નહીં પરંતુ આખા પરિવારની જીંદગી વણી રહ્યાં છે. છેલ્લા ચાર દાયકાથી નળકાંઠા ખાદી ગ્રામ ઉદ્યોગ સાથે સંકળાયેલા જેનુબહેન ખલાણી માટે સૂતરની આંટી અને ખાદી માત્ર રોજગાર નથી પરંતુ જીવનનો અન્યોન્ય અંગ બની રહ્યું છે.

જેનુબહેનના ઘરમાં કુલ ૧૧ સભ્યો છે. મોટા પરિવારના મોભીને માથે અનેક જવાબદારીઓ છે છતાં સમય સાથે સતત બદલાતી પરિસ્થિતિઓ વચ્ચે પણ તેમણે ક્યારેય હિંમત હારી નથી. ઘરની આર્થિક વ્યવસ્થાને મજબૂત રાખવામાં તેઓ ઘરના વડીલ તરીકે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. પરિવારના અન્ય સભ્યો સાથે ખભાથી ખભો મિલાવી સૂતરની આંટીની મદદથી કમાણીમાં સહભાગી બની રહ્યા છે.

તેઓ ગ્રામોદ્યોગ સાથે જોડાયા ત્યારે શરૂઆતમાં મર્યાદિત સાધનો, ઓછી આવક અને સમાજની અનેક અણકહી અપેક્ષાઓ વચ્ચે પોતાનો રસ્તો ચરખાને અપનાવી કંડાર્યો. સમય જતાં તેમની મહેનત, નિષ્ઠા અને ધીરજે તેમને એક પ્રેરણાસ્રોત બનાવ્યા. દૈનિક રોજગારી થતા રાજ્ય સરકારની કાંતણ સહાય યોજના ઉપરાંત રાજ્ય-કેન્દ્ર સરકારની KVB - KVIC MDA યોજના અંતર્ગત સીધી રોજી તેમનાં એકાઉન્ટમાં જમાં થાય છે. ચરખાની સાથે હાથની લયબદ્ધ ગતિ અને ચક્રની ધીમી ધ્વનિ સાથે જેનુબહેન આપણને જીવન શિસ્ત સાથે જીવતા શીખવે છે. ખાદી ગ્રામોદ્યોગ દ્વારા મળતી તાલીમ, માર્ગદર્શન અને નિયમિત રોજગાર તેમને આત્મવિશ્વાસ આપે છે.

જેનુબહેન કહે છે કે, "ખાદીએ મને રોજગારની સાથે સન્માન અને ઓળખ પણ આપ્યા છે. આજે મારા હાથની કમાણીથી ઘર ચાલે છે એ જ મારી સૌથી મોટી મૂડી છે." આજે જ્યારે આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે સ્વદેશી અપનાવવા સરકારે હાકલ કરી છે ત્યારે જેનુબહેન જેવા વડીલો આ વિચારના જીવંત સાક્ષી છે. નળ કાંઠા ખાદી ગ્રામ ઉદ્યોગ માત્ર ગ્રામ્ય રોજગારનું સાધન નથી પરંતુ મહિલાઓને સ્વાભિમાન, ઓળખ અને આત્મનિર્ભરતા આપતું એક મજબૂત માધ્યમ છે. જેનુબહેનની આ ૪૦ વર્ષની સફર આપણને પ્રેરણા આપે છે કે જ્યારે સંકલ્પ મજબૂત હોય ત્યારે સાદા સાધનો પણ અસાધારણ બદલાવ લાવી શકે છે.

# ઑપરેશનનો ખર્ચ સાંભળીને મને ચિંતા થઈ....

**બળવંતસિંહ જાડેજા**

વધતી જતી ઉંમરની સાથે ઘૂંટણના દુખાવાની સમસ્યા શારીરિક વેદનાની સાથે આર્થિક બોજ પણ બની જતી હોય છે. જ્યારે ઘૂંટણ સંપૂર્ણ ઘસાઈ ગયા હોય ત્યારે 'ની-રિપ્લેસમેન્ટ' (Knee Replacement) એકમાત્ર વિકલ્પ રહેતો હોય છે, પરંતુ ખાનગી હૉસ્પિટલોમાં લાખો રૂપિયાનો ખર્ચ જોઈને અનેક જરૂરિયાતમંદ લોકો આ વેદના સહન કરતા રહેતા હોય છે. આવા કપરા સમયે સરકારની 'આયુષ્માન ભારત' યોજના ગરીબ પરિવારો માટે આશીર્વાદ સમાન સાબિત થઈ રહી છે. મોરબીનાં જ્યોતિબહેન જોશી પણ આ યોજના થકી આજે ફરી કોઈ પણ સહારા વિના ચાલતાં થયાં છે.

'આયુષ્માન ભારત યોજના' ભારત સરકારની એક મહત્ત્વપૂર્ણ આરોગ્ય સુરક્ષા યોજના છે, જે નિ:શુલ્ક સારવારની સુવિધા આપે છે. આ યોજનાના લાભાર્થી જ્યોતિબહેને પણ અન્ય લાભાર્થીઓની જેમ જ સરકારનો આભાર માન્યો છે. ૭૦ વર્ષનાં જ્યોતિબહેન જોશી છેલ્લાં ૧૧ વર્ષથી ઘૂંટણના ગંભીર દુખાવાથી પીડાતાં હતાં. ઑપરેશનની અનિવાર્યતા હોવા છતાં આર્થિક સંજોગો આડે આવતા હતા. જ્યોતિબહેન જણાવે છે કે, "દુખાવો એટલો વધી ગયો હતો કે ઑપરેશન સિવાય કોઈ રસ્તો નહોતો, પણ રૂ. ૧.૨૦થી ૧.૫૦ લાખનો ખર્ચ સાંભળીને હું ચિંતાગ્રસ્ત બની ગઈ. આ તબક્કે આયુષ્માન કાર્ડ અમારા માટે આશીર્વાદરૂપ સાબિત થયું. ડૉક્ટરે જ્યારે કહ્યું કે, આ કાર્ડ પર તમામ સારવાર મફત થશે, ત્યારે અમને હાશકારો થયો. આ સફળ ઑપરેશન બાદ હું કોઈના પણ ટેકા વગર હરી-ફરી શકું છું અને મારા તમામ કામ જાતે કરી શકું છું. અમારા જેવા સામાન્ય માણસો માટે આ કાર્ડ વિના ઑપરેશન કરાવવું શક્ય નહોતું, ભલું થજો સરકારનું"

### જ્યાં કચરો બન્યો કલાનો ખજાનો

# વ્યારાનાં જાગૃતિબહેન ગામીતનું અનોખું સ્ટાર્ટઅપ

**રોશન સાવંત**




'સશક્ત નારી મેળા'ના માહોલમાં વ્યારાનાં જાગૃતિબહેન ગામીતે પોતાની કલાના અજોડ નમૂનાઓ સાથે સૌનું ધ્યાન ખેંચ્યું હતું. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અને બાજીપુરાની ગ્રામ ટૅક્નોલૉજી સંસ્થાના સહયોગથી વિશેષ તાલીમ મેળવી તેમણે નારિયેળના નકામા રેસાઓમાંથી અનોખી અને પર્યાવરણમિત્ર ચીજવસ્તુઓ તૈયાર કરી આત્મનિર્ભરતાની નવી ઓળખ બનાવી છે. 'સશક્ત નારી મેળા'એ તેમની કલાને યોગ્ય મંચ આપ્યો છે, જ્યાં તેમની સર્જનાત્મકતા માત્ર રોજગાર નહીં, પરંતુ નારીશક્તિનું જીવંત પ્રતીક બની રહી છે.

તેમણે સરકારનો આભાર માનતાં જણાવ્યું કે, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની તાલીમ અને 'સશક્ત નારી મેળા' જેવા પ્લૅટફૉર્મને કારણે તેમની કલાને આજે લોકો સુધી પહોંચવાની તક મળી છે. વ્યારામાં આયોજિત 'સશક્ત નારી મેળા' માં સ્ટોલની ફાળવણી બદલ હું ગૌરવ અનુભવું છું. હું નારિયેળના રેસામાંથી ભગવાન ગણેશજીની સુંદર પ્રતિમાઓ, આકર્ષક ટોપલીઓ અને હોમ-ડેકોરની વસ્તુઓ બનાવી રહી છું. મેળામાં આવતા ગ્રાહકો આ અનોખી પ્રોડક્ટ્સને ખૂબ જ પસંદ કરી રહ્યા છે.

જાગૃતિબહેન નારિયેળના રેસાઓને કલાત્મક સર્જનમાં ફેરવી પર્યાવરણ સંરક્ષણ અને સ્વરોજગાર—બન્ને ક્ષેત્રે આદર્શ ઉદાહરણ પૂરું પાડી રહ્યાં છે. 'સશક્ત નારી મેળા' જેવી પહેલો દ્વારા મળતો મંચ અનેક મહિલાઓને આગળ વધવા માટે નવી દિશા અને નવી આશા આપે છે.

---

જ્યોતિબહેનના પુત્રે જણાવ્યું હતું કે, "અમે દસ વર્ષથી મમ્મીને ઑપરેશન માટે મનાવતા હતા, પણ ઘરની આર્થિક સ્થિતિને જોતાં મમ્મી હંમેશાં અચકાતાં હતાં. પરંતુ આયુષ્માન કાર્ડની સરળ પ્રક્રિયાને કારણે તેમનું ઑપરેશન વિનામૂલ્યે અને સફળતાપૂર્વક થઈ ગયું. આજે ૧૦ વર્ષ પછી મમ્મીને પોતાની રીતે ચાલતાં જોઈને હું ખૂબ ખુશ છું. આ યોજના દરેક પરિવાર માટે એક આજીવન 'હેલ્થ બેકઅપ' છે. હું દરેક નાગરિકને આગ્રહ કરું છું કે તેઓ આયુષ્માન કાર્ડ જરૂર કઢાવે".

આજે જ્યોતિબહેન કોઈ પણ જાતના દુખાવા કે ટેકા વગર ચાલી શકે છે. જો આયુષ્માન કાર્ડ ન હોત, તો કદાચ તેમના જેવા અનેક જરૂરિયાતમંદોને આજીવન લાકડીના ટેકે અથવા પથારીવશ થઈને જીવવું પડત! આયુષ્માન કાર્ડના માધ્યમથી મોરબીના અનેક પરિવારો મોંઘી સર્જરીના આર્થિક બોજમાંથી મુક્ત થઈને આરોગ્યપ્રદ જીવન જીવી રહ્યા છે.





# સ્વાસ્થ્યવર્ધક અને ગુણવત્તાયુક્ત
# અમલસાડના ચીકુ

**યજ્ઞેશ ગોસાઇ**

હાલમાં ભારતની ૬૦૫, જેમાંથી ગુજરાતની ૨૮ વસ્તુઓ પાસે GI ટૅગ છે, તેમાં પણ ગીરની કેસર કેરી, ભાલિયા ઘઉં, કચ્છી ખારેક અને અમલસાડનાં ચીકુ એમ કૃષિ ક્ષેત્રનાં ૪ ઉત્પાદનોનો સમાવેશ થાય છે. 'અમલસાડનાં ચીકુ' માટે GI ટૅગની અરજી વલસાડ નવસારી જિલ્લા ફળ અને શાકભાજી સહકારી સંઘ લિ., નવસારી કૃષિ યુનિવર્સિટી (ન.કૃ.યુ.) અને ગુજરાત વિજ્ઞાન અને ટૅક્નોલૉજી કાઉન્સિલ (ગુજકોસ્ટ) દ્વારા સંયુક્તપણે દાખલ કરાઈ હતી.

GI ક્ષેત્રના નિષ્ણાત વકીલ અને ન.કૃ.યુ.ના સંશોધકોની ટીમ તેમજ અમલસાડ સહકારી મંડળીના પ્રતિનિધિઓ દ્વારા સંયુક્તપણે એકત્રિત કરાયેલી માહિતીથી ચીકુ સંલગ્ન દસ્તાવેજી પુરાવા, ચીકુ ઉગાડતા ખેડૂતોના ઇન્ટરવ્યૂ, ૮૦થી ૯૦ વર્ષ જૂનાં વૃક્ષોની ડૉક્યુમેન્ટરી બનાવી રજિસ્ટ્રેશન માટેની જરૂરી કાર્યવાહી કરવામાં આવી. વર્ષ ૨૦૨૦માં કરવામાં આવેલી અરજીને GI રજિસ્ટ્રી ઑફિસ, ચેન્નાઈ દ્વારા વર્ષ ૨૦૨૫માં મંજૂરી આપવામાં આવી હતી.

'અમલસાડી ચીકુ'એ હવે GI Tag ધરાવતું કૃષિ ઉત્પાદન છે. ચીકુ ઉત્પાદનમાં સંકળાયેલા સૌ ખેડૂતમિત્રો માટે આ અનેરું બહુમાન છે. આ ટૅગ મળવાથી દેશમાં અને વિશ્વફલક ઉપર આ ચીકુની ખાસ ઓળખ ઊભી થઈ છે જેથી તેની માંગમાં વધારો થયો છે, જે આ ક્ષેત્રના ચીકુ ઉગાડતા ખેડૂતો માટે ખૂબ ફાયદાકારક છે. અમલસાડી ચીકુ તેના સ્વાદ, નરમ માવા અને ગુણવત્તા માટે ખૂબ જાણીતાં છે.

ગુજરાતમાં સૌપ્રથમ ચીકુની ખેતી વર્ષ ૧૯૨૪-૨૫માં નવસારીના ગણદેવી તાલુકાના અમલસાડ ગામે કરવામાં આવી હતી, જેનું સંપૂર્ણ શ્રેય ખેડૂત અને અમલસાડના કાપડના વેપારી શ્રી ગુલાબભાઈ દેસાઈને ફાળે જાય છે. ગુલાબભાઈ અને તેમના મિત્ર શ્રી ફકીરભાઈ મહેતાએ આ પ્રદેશની જમીન અને આબોહવાની અનુકૂળતા જોઈ ચીકુ ઉગાડ્યાં.

ચીકુ ફળપાક બાગાયતી પ્રવૃત્તિઓના વિકાસ માટે ૧૯૩૫ બાદ ખેતી પદ્ધતિઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું અને રાયણના મૂલકાંડ ઉપર વિશ્વમાં સૌ પ્રથમ વખત ચીકુની કલમ કરવામાં આવી. સમયાંતરે, ચીકુ ફળપાક ઉપર ડૉ. ઝેડ.પી. પટેલ, કુલપતિ દ્વારા દેશમાં પહેલી વખત ચીકુ પાક જીવાત નકશો અને જીવાત કૅલેન્ડર તૈયાર કરવામાં આવ્યાં છે, જે ખેડૂતોને માટે માર્ગદર્શનરૂપ છે. યુનિવર્સિટીના સંશોધકો દ્વારા કોલ્ડ ચેઇન વ્યવસ્થાપન, ફળોની મૂલ્યવૃદ્ધિ, ચીકુનો ગોળ, ચીપ્સ, પાઉડર વગેરે માટે ટૅક્નોલૉજી વિકસાવાઈ છે, જે જીઆઇ ટૅગ મેળવવામાં ઉપયોગી સાબિત થઈ છે.

આમ, દક્ષિણ ગુજરાતનો નવસારી જિલ્લો દેશમાં ચીકુનો સૌથી મોટો ઉત્પાદક પ્રદેશ છે, જેમાં અમલસાડી ચીકુના GI ક્ષેત્રમાં ગણદેવી તાલુકાનાં ૫૧ ગામો, જલાલપોર તાલુકાનાં ૬ ગામો અને નવસારી તાલુકાનાં ૩૦ ગામોનો સમાવેશ થાય છે, જે કુલ ઉત્પાદનમાં ૩૦% ફાળો આપે છે. વળી અહીં ૧૦ જેટલી ચીકુ માર્કેટિંગની કો-ઑપરેટિવ સોસાયટી પણ સક્રિય છે.



# મોટા ઉદ્યોગો અને ટેક્સટાઇલ એકમોને કરોડોની સહાય

**મંજૂરી :** ગુજરાતને ઉદ્યોગ અને રોકાણનું વૈશ્વિક હબ બનાવવાની દિશામાં રાજ્ય સરકારે વધુ એક મજબૂત પગલું ભર્યું છે. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને મળેલી ઉચ્ચસ્તરીય સમિતિની બેઠકમાં મોટા ઉદ્યોગો માટે મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. લાર્જ અને થર્સ્ટ સેક્ટર માટેની 'આત્મનિર્ભર ગુજરાત-૨૦૨૨' યોજના હેઠળ રાજ્યનાં ત્રણ મોટાં ઔદ્યોગિક એકમોને ફાઇનલ એલિજિબિલીટી પ્રમાણપત્ર એનાયત કરવાની મંજૂરી આપવામાં આવી છે. આ નિર્ણયો દ્વારા હજારો નવી રોજગારીની તકો સર્જાશે.

**રોજગારીની તકો :** આ બેઠકમાં કુલ રૂ. ૧૩૭૧.૩૮ કરોડનું મૂડીરોકાણ ધરાવતી ૩ મોટા ઉદ્યોગોની અરજીઓને મંજૂરી આપવામાં આવી છે, જેનાથી રાજ્યમાં નવી રોજગારીની તકો ઊભી થશે. ભરૂચ જિલ્લામાં કેમિકલ સેક્ટરમાં રૂ. ૪૯૧.૨૮ કરોડ, હિંમતનગર જિલ્લામાં ફૂડ અને એગ્રો સેક્ટરમાં રૂ. ૪૦૨.૦૮ કરોડ તથા વડોદરા જિલ્લામાં મિનરલ્સ સેક્ટરમાં રૂ. ૪૭૮.૦૨ કરોડના મૂડીરોકાણને પ્રોત્સાહક સહાય માટે મંજૂરી મળી છે. આ મંજૂર થયેલા પ્રોજેક્ટ્સ રાજ્યના ઔદ્યોગિક માળખાને વધુ સક્ષમ બનાવવામાં અને પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રોજગારી વધારવામાં પાયાની ભૂમિકા ભજવશે.



**લાભ :** રાજ્ય સરકાર દ્વારા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે Investor Facilitation Portal (IFP) હેઠળ ઓનલાઇન મોડ્યૂલનો અસરકારક અમલ કરવામાં આવ્યો છે, જે અંતર્ગત તમામ દસ્તાવેજો ઓનલાઇન અપલોડ કરવાના રહે છે, જેથી કોઈ પણ હાર્ડકોપીની જરૂર રહેતી નથી. એટલું જ નહીં, સરકારના 'ફિઝિકલ ટચ પોઇન્ટ' નિવારવાના અભિગમને કારણે અરજીઓનો નિકાલ અત્યંત ઝડપી અને પારદર્શી બન્યો છે. લાર્જ અને થર્સ્ટ સેક્ટરની આ અરજીઓ પર ૨ મહિનાથી પણ ઓછા સમયમાં કાર્યવાહી પૂર્ણ કરી મંજૂરી આપવામાં આવી છે. મંજૂર થયેલાં એકમોને નેટ એસ.જી.એસ.ટી. (Net SGST), વ્યાજ સહાય અને ઈ.પી.એફ (EPF) રિએમ્બર્સમેન્ટ જેવા લાભો મળવાપાત્ર થશે.

**ગુજરાતનું ટેક્સટાઈલ સેક્ટર વધુ મજબૂત :** રાજ્યના ટેક્ષટાઈલ ઉદ્યોગને વધુ મજબૂત બનાવવાના ઉદ્દેશ સાથે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય કક્ષાની એમ્પાવર્ડ સમિતિની છઠ્ઠી બેઠકમાં વધુ એક મહત્ત્વનો નિર્ણય લેવાયો છે. 'ટેક્સટાઈલ વૅલ્યુ ચેઈનમાં ચોક્કસ ક્ષેત્રોને મજબૂત કરવા માટેની સહાય યોજના-૨૦૧૯' હેઠળ કુલ ૧૧ નવાં એકમોને વ્યાજ સહાય અને પાવર ટેરીફ સહાય માટે મંજૂરી આપવામાં આવી છે. આ પ્રોજેક્ટ્સ દ્વારા રાજ્યમાં રૂ. ૬૬૮.૩૪ કરોડનું નવું મૂડીરોકાણ આવશે અને અંદાજે ૧૪૭૮ જેટલી પ્રત્યક્ષ રોજગારીનું સર્જન થશે. આ મંજૂર થયેલાં એકમોને આગામી ૫ વર્ષમાં સરકાર દ્વારા અંદાજે રૂ. ૨૦૨ કરોડ જેટલી નાણાકીય સહાય પૂરી પાડવામાં આવશે, જે ગુજરાતના ટેક્સટાઈલ સેક્ટરને વૈશ્વિક સ્પર્ધામાં વધુ સક્ષમ બનાવશે.

## ઈનામી જમીનનો કબજાહક્ક હવે સરળ બનશે

**નિર્ણય :** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મહેસૂલી ક્ષેત્રે રાજ્યમાં વિવિધ ઈનામી જમીનોના કબજાહક્ક નિયમબદ્ધ કરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

**લાભ :** આ નિર્ણય અનુસાર, રિગ્રાન્ટ કરી હોય કે કરવાને પાત્ર હોય પણ રિગ્રાન્ટ ન થઈ હોય તેવી જમીન સરળતાથી નિયમબદ્ધ કરી શકાશે. આ માટે જમીનની પ્રવર્તમાન જંત્રીના ૨૦ ટકા કબજાહક્કની રકમ ભરી નિયમબદ્ધ કરી શકાશે. ઉપરાંત જે જમીનો રિગ્રાન્ટ કરેલી હોય પરંતુ કબજાકિંમત ભરપાઈ ન કરી હોય તેવી જમીનના કબજેદારો, રિગ્રાન્ટ કરવાને પાત્ર હોય પરંતુ કોઈ કારણસર રિગ્રાન્ટ થઈ ન હોય તેમજ વારસદારો જો આવી જમીનના ધારણકર્તા હોય તેમને લાભ મળશે. આવી જમીનોની તબદીલીઓ થઈ ગઈ હોય અને હાલ જમીનો અન્ય કોઈના કબજામાં હોય તેવા કબજેદારોને તેમજ રાજ્યના ખેડૂતોને આનાથી મોટો ફાયદો થશે.



સંપાદન સહયોગ : સમાચાર શાખા, ગાંધીનગર



# ૧૦ હજાર ખેડૂતોને પ્રેરણા આપતું 'મૉડલ ફાર્મ'

**સુખદેવ વસાવા**

"જમીન માતા છે - તેને ઝેર આપશો તો તે શું આપશે?" આ વિચારને જીવનમાં ઉતારી નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકામાં આવેલા ઈન્દ્રવર્ણા ગામના ખેડૂત રાજેશભાઈ તડવીએ પ્રાકૃતિક કૃષિ દ્વારા હજારો ખેડૂતોને નવી દિશા આપી છે. તેમણે ભીલવશી ગામે બે એકર જમીનમાં ૧૫૦થી વધુ જાતનાં ફળ, ફૂલ, શાકભાજી, મસાલા, ઔષધીય તથા પૂજામાં ઉપયોગી છોડ ઉગાડી પ્રાકૃતિક ખેતી અપનાવી સુંદર મૉડલ ફાર્મ વિકસાવ્યું છે. એક આદર્શ ફાર્મ જ્યાં રાજેશભાઈ પ્રાકૃતિક ખેતી દ્વારા ઉત્પાદન કરે છે સાથોસાથ તેમની પાસે શીખવા આવતા અન્ય ખેડૂતોને પણ તેઓ પ્રાકૃતિક ખેતી વિશે જાણકારી આપે છે.

શરૂઆતમાં રાજેશભાઈ તડવી પણ પરંપરાગત રાસાયણિક ખેતી કરતા હતા. વધતો ખર્ચ, ઘટતી જમીનની ફળદ્રૂપતા અને આરોગ્ય પર પડતી અસરોને કારણે તેમણે વિચાર બદલ્યો અને છેલ્લાં આઠ વર્ષથી તેઓ સંપૂર્ણ રીતે પ્રાકૃતિક ખેતી અપનાવી રહ્યા છે. આજે તેઓ જીવામૃત, ઘનજીવામૃત, નીમાસ્ત્ર, અગ્નિઅસ્ત્ર અને બ્રહ્માસ્ત્ર જેવા દેશી ગાય આધારિત કુદરતી ઈનપુટ્સનો ઉપયોગ કરીને ખેતી કરે છે, જેના પરિણામે જમીનમાં ભેજનું પ્રમાણ વધ્યું, જમીન પોચી અને ફળદ્રુપ બની, અળસિયાનું પ્રમાણ વધ્યું અને ઉત્પાદન ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

ખેડૂત રાજેશભાઈની મહેનતને પગલે શાકભાજી અને મસાલા ઉપરાંત ફળફળાદિ અને પૂજામાં ઉપયોગી છોડ મૉડલ ફાર્મની સુંદરતા અને આવક બંનેમાં વધારો કરી રહ્યા છે. આ ફાર્મની સૌથી મોટી વિશેષતા એ છે કે અહીં વૈજ્ઞાનિક અંતર મુજબના પાક આયોજન સાથેની મિશ્ર ખેતી છે.

તેમણે જણાવ્યું હતું કે, નર્મદા જિલ્લા આત્મા પ્રોજેક્ટ અને ખેતીવાડી વિભાગના સહયોગથી પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અંગે તાલીમ લેવા સાથે દિલ્હી, ઉત્તરાખંડ જેવાં રાજ્યોનાં મૉડલ ફાર્મનો અભ્યાસ કરી મળેલા જ્ઞાનનો સફળતાપૂર્વક અમલ કર્યો. હાલમાં તેઓ નર્મદા જિલ્લામાં માસ્ટર ટ્રેનર તરીકે કામગીરી કરી રહ્યા છે. તેમના મૉડલ ફાર્મની અત્યાર સુધી ૧૦ હજારથી વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતીની તાલીમ મેળવી કુદરતી ખેતી કરતા થયા છે.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. નૅશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ (NMNF) અંતર્ગત રસાયણમુક્ત ખેતી અને જમીનની તંદુરસ્તી સુધારવાનો જે સંકલ્પ છે. તેને નર્મદા જિલ્લામાં રાજેશભાઈ તડવી જેવા ખેડૂતોએ જીવંત સ્વરૂપ આપ્યું છે.

આજે રાજેશભાઈ તડવી નહિવત ખર્ચે સારી આવક મેળવી આત્મનિર્ભર ખેડૂતની જીવતી જાગતી સાફલ્યગાથા છે. તેમનું મૉડલ ફાર્મ એ સાબિત કરે છે કે, "ખેતી માત્ર વ્યવસાય નથી, પરંતુ યોગ્ય દિશા મળે તો આત્મનિર્ભર ભારતના મજબૂત પાયાનો સ્તંભ બની શકે છે." નર્મદા જિલ્લાનું આ મૉડલ ફાર્મ કુદરતી ખેતી, વૈજ્ઞાનિક આયોજન અને ખેડૂત સશક્તીકરણનું જીવંત પ્રતીક છે.





# શ બ્દ ર મ ત

**અરુણા ડાવરા**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| આ | ઠ | સો | રો | ગા | ન | સુ | ર | જ |
| જ | ગાં | ચ્છ | ટ | ટાં | ગ | યા | હ | લા |
| ડો | ધી | ન્ય | સુ | લી | ના | જ્યોં | સ્ત | રી |
| હા | જી | તિ | ર | સો | અ | કી | ક | ચ્છ |
| મ | માં | વા | ત | ફૂ | તો | મૂ | લા | ગા |
| સો | જ | સા | મા | ન્ય | વા | મ | વા | ન |
| ગા | પે | ગ | કે | રો | ગ્રા | ધી | જી | પે |
| ન | જૉ | શો | | તિ | ન | કી | ક | કે |
| જી | ગ | લો | જ્યો | લા | હ | સ્ત | ગાં | જ |

૧. અત્યાધુનિક પીએમ એકતા મોલનું નિર્માણ કયા થશે ?

૨. વર્ષ ૧૯૪૨માં કોણે 'સ્વદેશી' અપનાવો'ની હાકલ કરી હતી?

૩. સરકારની ........ યોજના અંતર્ગત રાજ્યનાં ગામોને વીજ પુરવઠો ૨૪ કલાક માટે પૂરો પાડવામાં આવે છે.

૪. આદિવાસીઓની કઈ ખાસ ચિત્રકળા દેશ-વિદેશમાં ખ્યાતિ પામી છે ?

૫. વર્ષ ૧૯૭૩માં ગુજરાત રાજ્ય ............ વિકાસ નિગમની સ્થાપના કરવામાં આવી હતી.

૬. ટાંગલિયા કેટલા વર્ષ જૂની કળા છે ?

૭. ............ પેઇન્ટિંગ એકમાત્ર કળા છે જે હજુ પણ યંત્રથી વિમુખ છે.

૮. ભરતકામના આહિર, મુટવા, સુફ અને ખારેક જેવા વિવિધ પ્રકાર હસ્તકલા પ્રેમીઓમાં નામના ધરાવે છે તે કયા પ્રદેશના છે?

૯. ૧૮મી સદીમાં ખંભાતનો અખાત ................ ઉદ્યોગનું કેન્દ્ર હતું.

૧૦. સંખેડાનું ફર્નિચર કયા લાકડામાંથી બનાવવામાં આવે છે?

૧૧. પીઠોરાનું ભીતચિત્ર બે ભાગમાં વહેંચાય છે : ૧) મુખ્ય નકશી, ૨) .....નકશી.

૧. સુરત, ૨. ગાંધીજી, ૩. જ્યોતિગ્રામ, ૪. વારલી, ૫. હસ્તકલા, ૬. સાતસો, ૭. રોગાન, ૮. કચ્છ, ૯. અકીક, ૧૦. સાગ, ૧૧. સામાન્ય



# વિરુદ્ધ આહાર : ભોજન કે ધીમું ઝેર?

**ડૉ. શીતલ ભાગીયા**

આયુર્વેદમાં આરોગ્યના સંરક્ષણ માટે યોગ્ય આહાર-વિહારને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. આહાર જો શરીરનાં પ્રકૃતિ, ઋતુ, દેશ, કાળ અને અગ્નિ અનુસાર ન હોય, તો તે રોગનું મૂળ બની શકે છે. હેલ્થ ટિપ્સ અંતર્ગત વિરુદ્ધ આહારના પ્રકારો વિશે જાણીએ.

- દેશ વિરુદ્ધ - સૂકા પ્રદેશમાં અત્યંત રૂક્ષ ભોજનનું સેવન કરવું
- કાલ વિરુદ્ધ - ઉનાળામાં અતિ ગરમ અને શિયાળામાં અતિ ઠંડા આહારનું સેવન કરવું.
- અગ્નિ વિરુદ્ધ - ભૂખ ન હોય તે અવસ્થામાં અતિ ભારે ભોજનનું સેવન કરવું.
- માત્રા વિરુદ્ધ - અતિશય વધારે અથવા અતિ અલ્પ માત્રામાં ભોજનનું સેવન કરવું.
- સંયોગ વિરુદ્ધ - દૂધ સાથે મીઠું, માછલી સાથે દૂધ વગેરે.
- વીર્ય વિરુદ્ધ - ગરમ અને ઠંડા ગુણ ધરાવતા પદાર્થો સાથે લેવા.
- પાક વિરુદ્ધ - અડધા પાકેલાં કે બળેલા પદાર્થોનું સેવન કરવું.
- ક્રમ વિરુદ્ધ - ભોજન પહેલાં મીઠાઈ અને પછી મુખ્ય આહારનું સેવન કરવું.
- ઉપચાર વિરુદ્ધ - રોગસ્થિતિમાં અયોગ્ય આહારનું સેવન.
- પ્રકૃતિ વિરુદ્ધ - વ્યક્તિની પ્રકૃતિથી વિરુદ્ધ આહારનું સેવન કરવું.
- સંસ્કાર વિરુદ્ધ - ખોટી રીતે પ્રક્રિયા કરેલ આહારનું સેવન કરવું.
- પરિહાર વિરુદ્ધ - પરહેજ પાળ્યા વગર આહારનું સેવન કરવું.
- હૃદય વિરુદ્ધ - મનને વિરુદ્ધ આહારનું સેવન કરવું.
- સંપદ વિરુદ્ધ - અશુદ્ધ અથવા બગડેલા આહારનું સેવન કરવું.
- વિધિ વિરુદ્ધ - આયુર્વેદિક ભોજનવિધિનો ભંગ કરીને આહારનું સેવન કરવું.
- સાત્મ્ય વિરુદ્ધ - શરીરને ન સહન થાય એવા આહારનું સેવન કરવું.
- અવસ્થા વિરુદ્ધ - વૃદ્ધાવસ્થા કે રોગાવસ્થામાં અયોગ્ય આહારનું સેવન કરવું.
- કોષ્ઠ વિરુદ્ધ- શરીરના કોષ્ઠ વિરુદ્ધ આહારનું સેવન.

વાચક મિત્રો, આવતા અંકમાં વિરુદ્ધ આહારના પ્રકારો વિસ્તૃતમાં જાણીશું.

***જે આહાર શરીરના દોષ, ધાતુ અને અગ્નિ સાથે વિરુદ્ધ અસર કરે, દોષોને દૂષિત કરે અને ધાતુઓને બગાડે, તેને વિરુદ્ધ આહાર કહેવામાં આવે છે.***

# ડિજિટલ દુનિયાની છુપી યુક્તિઓ તમે છેતરાઈ તો નથી રહ્યા ને? ડાર્ક પૅટર્ન

જીગર ખૂંટ

ધારો કે તમે ઓનલાઈન શૉપિંગથી કંઈક ખરીદ્યું અને સ્ક્રીન પર લખાઈને આવે કે,

"માત્ર બે જ નંગ બાકી,
અત્યારે જ ખરીદો!"

અથવા તમે કોઈ ફ્રી ઍપ ડાઉનલોડ કરો અને તે વાપરવા માટે ફરજિયાતપણે ક્રેડિટ કાર્ડની વિગતો આપવી પડે. આ ખરેખર તમારી સુવિધા માટે નથી, આ 'ડાર્ક પૅટર્ન'ની મનોવૈજ્ઞાનિક જાળ છે.

ડાર્ક પૅટર્ન એટલે વેબસાઈટ્સ અથવા ઍપ્સમાં વપરાતી ચાલાકીભરી ડિઝાઈન, જે યૂઝરને એવું કામ કરવા મજબૂર કરે છે જે તે કરવા માંગતો જ નથી. એ 'માયાજાળ' છે જે તમારી પસંદગીની સ્વતંત્રતા છીનવી લે છે. તે માનવીય મનોવિજ્ઞાન સાથે રમત છે. તેનો ઉદ્દેશ તમને વધુ પૈસા ખર્ચાવવા, તમારી અંગત માહિતી કઢાવવી કે તમને કોઈ સબ્સ્ક્રિપ્શનમાં ફસાવી રાખવાનો હોય છે. વર્ષ ૨૦૧૦માં યૂઝર એક્સપિરિયન્સ (UX) ડિઝાઈનર હેરી બ્રિગનલે આ શબ્દ આપ્યો હતો. આજે ભારત સહિત વિશ્વભરની સરકારો આ પૅટર્ન સામે કડક કાયદા ઘડી રહી છે.

**ડાર્ક પૅટર્નના પ્રકારો: (૧) ફૉલ્સ અર્જન્સી:** હોટેલ બુકિંગ કે ઈ-કૉમર્સ સાઈટ્સ પર "માત્ર ૧ મિનિટ બાકી" કે "અત્યારે આ રૂમ બીજા ૧૦ લોકો જોઈ રહ્યા છે" તેવા મૅસેજ બતાવવા. આનાથી ગ્રાહક ગભરાઈને વિચાર્યા વગર ખરીદી કરી લે છે. **(૨) બાસ્કેટ સ્નીકિંગ :** તમે માત્ર એક વસ્તુ ખરીદવા માંગતા હો, પણ ચૅક-આઉટ કરતી વખતે બિલમાં ઑટોમૅટિકલી 'ડૉનેશન' કે 'પૅકેજિંગ ફી' જેવી વધારાની રકમ ઉમેરાઈ જાય છે, જેના પર ધ્યાન જતું નથી. **(૩) કન્ફર્મશેમિંગ :** જ્યારે તમે કોઈ સબ્સ્ક્રિપ્શનને ના પાડો છો, ત્યારે વિકલ્પમાં "ના, મારે ડિસ્કાઉન્ટ નથી જોઈતું, મને મોંઘી વસ્તુઓ ખરીદવી ગમે છે." આવું વાંચીને યૂઝરને અપરાધભાવ અનુભવાય અને તે હા પાડી દે. **(૪) રોચ મોટેલ :** કોઈ ઍપમાં મૅમ્બરશિપ લેવું સરળ હોય છે જ્યારે તેને કૅન્સલ કરવા કસ્ટમર કેરને ફોન કરવાથી લઈને ડઝનબંધ ઈ-મેલ કરવાના હોય છે.




**છેતરપિંડી સામે બચાવ :** ડિજિટલ દુનિયામાં જાગૃતિ એ જ તમારું સૌથી મોટું હથિયાર છે. (૧) જ્યારે પણ કોઈ સાઈટ તમને 'લિમિટેડ ઑફર' બતાવે, ત્યારે સમજી લેવું કે આ તમને પ્રભાવિત કરવાની રીત હોઈ શકે. શાંતિથી કિંમતની સરખામણી કરો. (૨) 'I Agree' કે 'Check-out' બટન ક્લિક કરતાં પહેલાં આખા પેજને ધ્યાનથી જુઓ. ક્યાંક નાના અક્ષરે શરત તો છુપાયેલી નથી ને? (૩) તમારાં બૅંક સ્ટેટમેન્ટ દર મહિને ચૅક કરો. ક્યારેક આપણે કોઈ ફ્રી ટ્રાયલ લીધી હોય અને ઑટોમૅટિક પૈસા કપાવા લાગે છે. (૪) કોઈ પણ વેબસાઈટ પર જતી વખતે 'Accept All Cookies'ને બદલે માત્ર જરૂરી કૂકીઝ જ સ્વીકારો.

**સરકારનું વલણ :** ભારતના ગ્રાહક બાબતોના મંત્રાલયે ડાર્ક પૅટર્ન પર પ્રતિબંધ મૂકતી માર્ગદર્શિકા બહાર પાડી છે. ઈ-કૉમર્સ કંપનીઓ ગ્રાહકોને ગેરમાર્ગે દોરનારી ડિઝાઈન વાપરી શકશે નહીં. જો તમને લાગે કે કોઈ ઍપ તમારી સાથે છેતરપિંડી કરી રહી છે, તો તમે 'નૅશનલ કન્ઝ્યુમર હેલ્પલાઈન' (1915) પર ફરિયાદ કરી શકો છો.

# મૂલ્યનિષ્ઠ શિક્ષણ થકી સશક્ત પેઢીનું નિર્માણ કરનાર સમાજનાયિકા



જ્યારે એક દીકરી ભણે ત્યારે તે બે પરિવારના ભાવિને ઉજ્જવળ બનાવે છે, સક્ષમ બનાવે છે, પણ જ્યારે એક શિક્ષિકા સેવાનું વ્રત લે ત્યારે આખો સમાજ સક્ષમ બને છે. રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત શ્રીમતી સરોજીની નાયડુ ગર્લ્સ હાઈસ્કૂલના આચાર્યા ડૉ. સોનલબહેન ફળદુ આજે હજારો વિદ્યાર્થિનીઓ માટે આશાનો દીપક બન્યા છે. પીએચડી સુધીની શૈક્ષણિક સફર અને લોહીમાં વણાયેલા સેવાના સંસ્કાર થકી ડૉ. સોનલબહેન મૂલ્યનિષ્ઠ શિક્ષણના સિંચન દ્વારા સશક્ત પેઢીનું નિર્માણ કરી સાચા અર્થમાં સમાજનાયિકા બન્યાં છે.

વાત એમ છે કે, એક દીકરીને યુરોપમાં આર્કિટેક્ચર અભ્યાસ માટે એડમિશન તો મળી ગયું પરંતુ આર્થિક સ્થિતિ તેના સપનાની પાંખો કાપવા ઉભી હતી. હવે, જ્યાં ડૉ. સોનલબહેન જેવા આચાર્યા હોય ત્યાં કોઈપણ દીકરીના સપનાની પાંખો કપાય ખરી. પોતે અને દાતાઓના સહયોગથી જરૂરી રકમ એકત્ર કરી તેમણે આ દીકરી જ નહીં તેના આખા પરિવારના ભાવિ સપનાઓનું "ભાવિ" ભાખી દીધું.

તેઓ કહે છે કે, "ગરીબ અને પછાત વર્ગની દીકરીઓ શિક્ષિત બનશે, ત્યારે જ સમાજ સાચા અર્થમાં સશક્ત બનશે. નાનપણથી બાળકોમાં સારા સંસ્કારો અને જીવનમૂલ્યોનું સિંચન અનિવાર્ય છે." આ વિચાર માત્ર શબ્દોમાં નહીં, પરંતુ તેમના જીવનમાં ઉતરેલો છે. કોલેજના દિવસોમાં અંધ વિદ્યાર્થીઓ માટે રાઈટર તરીકે સેવા આપવી, રવિવારે મુક-બધિર શાળામાં બાળકો સાથે સમય વિતાવવો, વડીલોની સેવા, બ્લડ ડોનેશન, થેલેસેમિયા અંગે જાગૃતિ—આ બધું તેમના માટે 'સેવા' નહીં, પરંતુ જીવનનો સ્વાભાવિક પ્રવાહ રહ્યો છે. ધોરણ ૧૨ પછી ઉચ્ચ અભ્યાસ માટે આર્થિક સહાય, વાલી વગરની દીકરીઓ માટે અનાજ-કરિયાણાની કીટ, બીમારી સમયે મેડિકલ સહાય વગેરે માટે તેઓ મદદરૂપ બનતા રહે છે.



તેમને નારી ગૌરવ એવોર્ડ, બેસ્ટ ટીચર એવોર્ડ, ઉમા નારી રત્ન એવોર્ડ, બેસ્ટ પ્રિન્સિપલ એવોર્ડ સહિત અનેક સન્માનો મળ્યા છે, છતાં તેઓ માને છે કે સાચો પુરસ્કાર તો દીકરીઓના ચહેરા પર દેખાતો આત્મવિશ્વાસનો પ્રકાશ છે.

આજે તેમના નેતૃત્વમાં શાળા આધુનિક સુવિધાઓથી સજ્જ બની છે. શાળાનું પરિણામ સતત ઉત્તમ રહ્યું છે. વ્યસનમુક્તિ, સ્વચ્છતા અભિયાન, પર્યાવરણ જાગૃતિ, એનિમિયા નિવારણ જેવી પ્રવૃત્તિઓ નિયમિત રીતે યોજાઈ રહી છે. સૈનિક દિવસ નિમિત્તે શાળાની વિદ્યાર્થીનીઓએ વર્ષ ૨૦૨૩માં રૂ. ૬૫,૦૦૦, વર્ષ ૨૦૨૪માં રૂ. ૧,૨૧,૦૦૦ અને વર્ષ ૨૦૨૫માં રૂ.૧,૩૧,૦૦૦નો ફાળો આપી દેશની રક્ષા માટે અડીખમ ઊભા સૈનિકો પ્રત્યે પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરી. આ સંસ્કારથી જ આ શાળા આજે દીકરીઓના આત્મવિશ્વાસ, સ્વપ્નો અને સશક્ત ભવિષ્યનું ઘડતર કરતું તીર્થ બની રહ્યું છે. ડૉ. સોનલબહેનના સદ્ વિચારોને સલામ.

# ગુજરાત પાક્ષિક ક્વિઝ

- મૃગેશ એસ. દવે

૧. કેન્દ્રીય બજેટ-૨૦૨૬ કયા મુખ્ય લક્ષ્યો/કર્તવ્ય પર આધારિત છે?
(A) આર્થિક વિકાસને વેગ આપવો.
(B) જનશક્તિનું કેપેસિટી બિલ્ડીંગ અને ભાગીદારી.
(C) કૃષિ, ગ્રામીણ અર્થતંત્ર અને સર્વગ્રાહી વિકાસ.
(D) ઉપરના તમામ

૨. કેન્દ્રીય બજેટ-૨૦૨૬માં બાયોફાર્મા શક્તિ કાર્યક્રમ માટે રૂ. ....... હજાર કરોડની ફાળવણી કરવામાં આવી છે.
(A) ૧૦ (B) ૮ (C) ૫ (D) ૩

૩. ૧૬મા નાણાપંચ અંતર્ગત ગુજરાત માટે સેન્ટ્રલ ડિવોલ્યુશન ૩.૪૮ ટકાથી વધારીને ........ ટકા કરવામાં આવ્યું છે.
(A) ૩.૫૦ (B) ૩.૭૫ (C) ૩.૬૫ (D) ૩.૭૦

૪. ....... ના પ્રસિદ્ધ ઢોલક વાદક શ્રી હાજીભાઈ કાસમભાઈ મીરને ભારત સરકાર દ્વારા પદ્મશ્રી એવોર્ડ આપવાનું જાહેર થતાં માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે તેઓનું સન્માન કર્યુ હતું.
(A) વાવ-થરાદ (B) જૂનાગઢ (C) પાટણ (D) કચ્છ

૫. ગીર અને સમગ્ર સૌરાષ્ટ્રના સિંહોની વસાહતવાળા વિસ્તારમાં વર્ષ ૨૦૨૫ ની વસ્તી ગણતરી મુજબ સિંહોની સંખ્યા કેટલી છે?
(A) ૭૯૭ (B) ૮૧૨ (C) ૮૯૧ (D) ૮૯૯

૬. કયા ધર્મસ્થાને રૂ. ૯૫૦ કરોડના વિકાસકાર્યો સાથે 'શક્તિ કૉરિડોર'ના પ્રથમ તબક્કાનો શુભારંભ કરવામાં આવ્યો ?
(A) બહુચરાજી (B) ચોટીલા (C) પાવાગઢ (D) અંબાજી

૭. MS યુનિવર્સિટી, વડોદરાના ડિપાર્ટમેન્ટ ઓફ આર્કિયોલોજી એન્ડ એન્શિયન્ટ સ્ટડી સેન્ટરથી ભગવાન બુદ્ધના અવશેષો કયા દેશમાં પ્રદર્શન માટે મોકલવામાં આવ્યા?
(A) મલેશિયા (B) થાઈલેન્ડ (C) શ્રીલંકા (D) ભૂટાન

૮. નીચેનામાંથી કયો દિવસ વિશ્વ વેટલેન્ડ દિવસ તરીકે ઉજવવામાં આવે છે?
(A) ૨ ફેબ્રુઆરી (B) ૩ ફેબ્રુઆરી
(C) ૪ ફેબ્રુઆરી (D) ૫ ફેબ્રુઆરી

૯. ગુજરાતની પાંચમી રામસર સાઈટ બનનાર છારી-ઢંઢ નીચેનામાંથી કયા જિલ્લામાં આવ્યું ?
(A) સુરેન્દ્રનગર (B) જામનગર
(C) કચ્છ (D) ભાવનગર

૧૦. મોડર્ન ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સીમલેસ કનેક્ટિવિટી માટે ગુજરાતે કઇ કંપનીની સબસિડિયરી સાથે LoI એક્સચેન્જ કર્યા?
(A) એનવિડિયા (B) સ્પેસએક્સ
(C) ગુગલ (D) માઇક્રોસોફ્ટ

૧૧. મુખ્યમંત્રીશ્રીએ નીચેનામાંથી કયા જિલ્લામાં આવેલા નરસિંહ મહેતા સરોવરના બ્યુટીફિકેશન પ્રોજેક્ટનું લોકાર્પણ કર્યું?
(A) ભાવનગર (B) બોટાદ
(C) ગીર સોમનાથ (D) જૂનાગઢ

૧૨. ૭૭મા પ્રજાસત્તાક દિવસની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતના ટૅબ્લોને સતત કેટલામા વર્ષે પોપ્યુલર ચોઈસ કેટેગરીમાં પ્રથમ એવોર્ડ મળ્યો?
(A) બીજા (B) ત્રીજા
(C) ચોથા (D) પાંચમા

૧૩. આંગણવાડીઓના ૩થી ૬ વર્ષના બાળકો માટે તૈયાર કરવામાં આવેલ નવીન પૂર્વ પ્રાથમિક અભ્યાસક્રમનું નામ શું છે?
(A) આધારશિલા (B) શિલાલેખ
(C) તારામંડળ (D) આકાશગંગા

૧૪. દેશની કુલ પુનઃપ્રાપ્ય ઊર્જા ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો કેટલા ટકા છે?
(A) ૪૬ (B) ૫૧ (C) ૬૧ (D) ૬૪

૧૫. નવસારી ખાતે ઉત્પાદન કરવામાં આવતા અમલસાડી ........ ને GI ટેગ મળ્યું છે.
(A) ચોખા (B) ચીકુ (C) કેળા (D) કાપડ

૧૬. રાજ્યના ખૂણે ખૂણે સીસીટીવી કેમેરાનું નેટવર્ક મજબૂત કરવા માટે શરૂ કરવામાં આવેલા પ્રોજેક્ટનું નામ શું છે?
(A) વિશ્વાસ (B) ગરૂડ (C) ત્રિનેત્ર (D) ચક્ષુ

૧૭. રિગ્રાન્ટ કરવાની બાકી હોય તેવી જમીન પ્રવર્તમાન જંત્રીના કેટલા ટકા રકમ ભરીને નિયમબદ્ધ કરવાનો નિર્ણય લેવાયો?
(A) ૫ ટકા (B) ૧૦ ટકા (C) ૧૫ ટકા (D) ૨૦ ટકા

૧૮. ગુજરાતના કયા શહેરમાં રિન્યૂએબલ એનર્જી કોન્ક્લેવનું આયોજન થયું?
(A) અમદાવાદ (B) ગાંધીનગર
(C) સુરત (D) વડોદરા

૧૯. વંદે માતરમ્ ગીતની ૧૫૦મી જયંતી નિમિત્તે શરૂ થયેલ ૨૫ દિવસીય 'વંદે માતરમ્ કોસ્ટલ સાયક્લૉથોન-૨૦૨૬' કેટલા રાજ્યોને આવરી લેશે?
(A) ૮ (B) ૧૦
(C) ૧૧ (D) ૧૩

૨૦. ઈ.સ. ૧૯૭૧માં નીચેનામાંથી કયા દેશમાં પ્રથમ વાર રામસર સંમેલન યોજાયું હતું?
(A) ઈરાન (B) ઈરાક
(C) ઓમાન (D) યુ.એ.ઈ.

**જવાબ: 1(D), 2(A), 3(B), 4(B), 5(C), 6(D), 7(C), 8(A), 9(C), 10(B), 11(D), 12(C), 13(A), 14(D), 15(B), 16(A), 17(D), 18(B), 19(C), 20(A)**

*ગુજરાત ક્વિઝ અંગે આપના પ્રતિભાવ gujaratmagazine@gmail.com પર મોકલવા વિનંતી છે.*

સુરક્ષિત ગુજરાત માટે ઓનલાઇન પહેલ

# ગુજરાત પોલીસ – સિટીઝન પોર્ટલ

બેલા મહેતા

*રાજ્યની સમૃદ્ધિનો પાયો તેની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર નિર્ધારિત હોય છે. ગુજરાત તેની શાંતિ, સલામતી અને શિસ્ત માટે જાણીતું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં રાજ્યનો ગૃહ વિભાગ ગુજરાત પોલીસ અને વહીવટી તંત્રના ટૅક્નોલૉજિકલ સમન્વયથી નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરી રહ્યું છે. ગુજરાત પોલીસ હવે આધુનિક સાધનો અને ડ્રોન સર્વેલન્સથી સજ્જ બની છે. 'વિશ્વાસ' (Video Integration and State Wide Advanced Security) પ્રોજેક્ટ હેઠળ રાજ્યના ખૂણે ખૂણે સીસીટીવી કૅમેરાનું નેટવર્ક મજબૂત કરવામાં આવી રહ્યું છે, જેનાથી ગુનાખોરી ડામવામાં મોટી સફળતા મળી રહી છે.*

## Gujarat Police - Citizen Portalની ઓનલાઇન સેવાઓ

ડિજિટલ ગુજરાતના અભિગમ હેઠળ, હવે નાગરિકોએ નાની-મોટી બાબતો માટે પોલીસસ્ટેશન કે કચેરીઓની પ્રત્યક્ષ મુલાકાત લેવાની આવશ્યકતા રહેતી નથી. નાગરિકો ઘરબેઠાં ઘણી સેવાઓનો લાભ લઈ શકે છે:

### સિટીઝન પોર્ટલ (Citizen Portal) અને 'Citizen First' App

- **e-FIR (ઈ-ફરિયાદ) :** જો તમારો મોબાઈલ કે વાહન ચોરાઈ ગયું હોય, તો તમે પોલીસસ્ટેશન રૂબરૂ ગયા વિના જ ઓનલાઇન First Information Report (FIR) નોંધાવી શકો છો.
- **ખોવાયેલી વસ્તુની જાણ :** જો તમારા ડૉક્યુમેન્ટ્સ કે અન્ય કિંમતી વસ્તુ ખોવાઈ હોય, તો તેની ઓનલાઇન અરજી કરી તેની રિસીપ્ટ મેળવી શકો છો, જે ડુપ્લિકેટ ડૉક્યુમેન્ટ મેળવવા માટે આવશ્યક હોય છે.

### વેરિફિકેશન સેવાઓ (Verification Services):

- **ભાડૂત નોંધણી (Tenant Registration) :** જો તમારે ઘરે ભાડૂત રહેતા હોય તો સુરક્ષાના હેતુથી ભાડૂતની વિગતો રાજ્યના પોલીસતંત્રને આપવાની હોય છે. આ સેવા પણ ઓનલાઇન ઉપલબ્ધ છે.
- **ઘરઘાટીની નોંધણી (Domestic Help Registration) :** ઘરે કામ કરવા આવતા દૈનિક કામકાજના સહાયકો જેમકે રસોઈ, સફાઈ માટે આવતી વ્યક્તિ કે ડ્રાઈવરની વિગતો પણ ઓનલાઇન અપડેટ કરી શકાય છે.
- **ચરિત્ર પ્રમાણપત્ર (Police Verification Certificate):** વિદેશ જવા માટે કે નવી નોકરી માટે જરૂરી 'કૅરેક્ટર સર્ટિફિકેટ' માટે ઓનલાઇન અરજી કરી શકાય છે.

## સેવાનો ઉપયોગ કરવાની રીત

1. સૌ પ્રથમ gujhome.gujarat.gov.in વેબસાઇટ પર જાઓ.
2. હોમ પેજ પર 'Citizen/Online Services' પર ક્લિક કરો.
3. સેવાનો લાભ લેવા મોબાઈલ નંબરથી પ્રથમ વખત રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.
4. જે-તે સેવાનું ફોર્મ ભરો અને જરૂરી ડોક્યુમેન્ટ્સ અપલોડ કરો.
5. તમારી અરજીનું સ્ટેટસ પણ તમે ઓનલાઇન ટ્રેક કરી શકો છો.



*ઓનલાઇન અરજી કર્યા બાદ મળેલી 'ઍપ્લિકેશન આઈડી' અથવા 'પહોંચ' સાચવી રાખો, જેથી ભવિષ્યમાં સંબંધિત સેવાઓના સંદર્ભ તરીકે તે ઉપયોગી નીવડી શકે છે.*



# નવદંપતીને ભેટમાં આપવા જેવું પુસ્તક

# અજન્મા શિશુની અંતર્યાત્રા

**કિશોર જિકાદરા**

ગુજરાતની અસ્મિતા અને સંસ્કૃતિને લોકહૃદયમાં જીવંત રાખનાર રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનો જાણીતો દુહો છે :

**"જનની જણ તો ભક્ત જણ,**
**કાં દાતા કાં શૂર,**
**નહીં તો રે'જે વાંઝણી,**
**(પણ) મત ગુમાવીશ નૂર"**

કેવો સરસ દુહો છે ! જનનીને ઉપદેશ છે કે તારી કૂખેથી જન્મ લે એ ભક્ત, દાતા અથવા શૂરવીર થાય એ જોજે, અન્યથા બહેતર છે કે તું માતા ન બન ! પણ સવાલ એ છે કે શું ઈચ્છિત બાળકને જન્મ આપવો એ કંઈ જનનીના હાથની વાત છે? જવાબ છે, હા.

તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક સૂત્ર આપ્યું હતું. "પ્રત્યેક બાળક મહત્ત્વનું છે". આ સૂત્રને ધ્યેય મંત્ર બનાવીને તે સમયે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની સ્થાપના થઈ. આ યુનિવર્સિટીનું એક પુસ્તક એટલે "અજન્મા શિશુની અંતર્યાત્રા." મનોવાંછિત સંતાન પ્રાપ્ત કરવા ઈચ્છતાં માતાપિતાએ આ પુસ્તક વાંચવું અને વસાવવું જ રહ્યું.

પુસ્તકની પ્રસ્તાવનામાં યુનિવર્સિટીના કુલપતિ શ્રી ટી. એસ. જોષી કહે છે કે બાળકને માત્ર જન્મ આપવો એ માતૃત્વ નથી, પણ સશક્ત, સંસ્કારયુક્ત અને સજીવ વક્તૃત્વ ઘડવું એ સાચું માતૃત્વ છે. Pregnancy should be by choice and not by chance, it should be by appointment and not by accident. સભાનપણે, planning સાથે સ્વયંના સંકલ્પ અને વૈચારિક બળ વડે કોઈ આદર્શને મૂર્તિમંત કરી શકે તેવા પાત્રના સર્જન માટે ગર્ભધારણ કરવો એ મનુષ્ય જાતિના હિતમાં છે.

ગર્ભાધાન સંસ્કારથી લઈને, શ્રેષ્ઠ સંતાનની તૈયારી, ઉત્તમ સંતતિ પ્રાપ્ત કરવા માટે પતિપત્ની માટેની આચારસંહિતા, ગર્ભાધાન પૂર્વે પતિપત્નીએ પોતપોતાના સ્વાસ્થ્ય સંબંધી રાખવાની કાળજી, ગર્ભધારણ



કર્યા પછીના નવેનવ માસની સગર્ભાની માનસિક અને શારીરિક સ્થિતિ, ગર્ભસ્થ શિશુના વિકાસનાં રંગીન ચિત્રો, સગર્ભાએ લેવાનો પૌષ્ટિક આહારવિહાર, વિશેષ કાળજી, ગર્ભાવસ્થામાં થતી શારીરિક તકલીફોમાં લઈ શકાય તેવી આયુર્વેદિક ઔષધિઓ, ગર્ભિણી માટે સામાન્ય રીતે વર્જ્ય આહારવિહાર, સુખપૂર્વક પ્રસૂતિના ઉપાય, સગર્ભા સ્ત્રી માટેનું વાચન (પુસ્તકોની સૂચિ તેના લેખક, પ્રકાશક, ભાષા અને કિંમત સાથે), સંગીત શ્રવણ, પ્રાર્થના, આસન, પ્રાણાયામ, ધ્યાન અને ખાસ કરીને જે મનોવાંછિત સંતાન માટે ખૂબ ઉપકારક છે તે ગર્ભસ્થ શિશુ સાથેના સંવાદ બાબતે આ પુસ્તકમાં વિગતે છણાવટ કરવામાં આવી છે.

ધ્રુવ, પ્રહલાદ, નચિકેતા, અભિમન્યુ, શિવાજી, મહારાણા પ્રતાપ, ઝાંસીની રાણી, જગદીશચંદ્ર બોઝ જેવી પ્રતિભાવાન વિભૂતિ જેવું બાળક હોય તેમ ઈચ્છતા હોઈએ તો "અજન્મા શિશુની અંતર્યાત્રા" અવશ્ય વાંચી તેની માર્ગદર્શક સૂચનાઓનો અમલ કરવો જોઈએ. આ પુસ્તકની ૨૦૨૫માં થયેલી તૃતીય આવૃત્તિ જ તેના સાફલ્યની દ્યોતક છે.

આ પુસ્તકનું પ્રકાશન ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીએ કર્યું છે. પુસ્તક સચિત્ર છે, ૧૫૦ ગ્લેઝ્ડ પૃષ્ઠો છે અને તેનું મૂલ્ય ફક્ત રૂ.૧૨૫ છે. આ પુસ્તકને મેળવવા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની સત્તાવાર વેબસાઈટ https://publication.cugujarat.ac.in ની મુલાકાત લઈ શકો છો.

તો વાચક મિત્રો કહી શકાયને કે, ઝવેરચંદ મેઘાણીએ તેમના દુહામાં કહ્યું તેમ ભક્ત, દાતા કે શૂરવીર સંતાનને જન્મ આપવાનું છે ને જનનીના હાથમાં ?



# પીએચ.ડી.ના અભ્યાસક્રમ માટેની યોજના

## યોજનાનો ઉદ્દેશ / હેતુ

રાજ્યના ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માંગતા તેજસ્વી અને જરૂરિયાતમંદ બાંધકામ શ્રમિકના વિદ્યાર્થીઓની કારકિર્દીના ઘડતર માટે.

## પાત્રતાના ધોરણો

- એક જ લાભાર્થીના બે બાળકોની સહાય હોય, તો બંન્ને બાળકોના અલગ-અલગ ફોર્મ ભરવાના રહેશે. (ઓનલાઈન/ઓફલાઈન)
- બાંધકામ શ્રમયોગીના બાળકોને શિષ્યવૃત્તિ મેળવવા માટે ઉમરની મર્યાદા વધુમાં વધુ 30 વર્ષની હોવી જોઈએ. જો પુત્ર કે પુત્રી મૂકબધિર કે અપંગ હશે તો વય મર્યાદાનો બાધ રહેશે નહી.
- જે-તે શૈક્ષણિક વર્ષમાં પ્રથમ Trial પૂરતી મર્યાદિત રહેશે. તે-જ ધોરણ /વર્ગમાં નાપાસ થનારને તે જ ધોરણ/વર્ગ માટે બીજીવાર સહાય મળવાપાત્ર રહેશે નહીં.
- ઓપન યુનિવર્સિટીમાં સહાય મળવા પાત્ર નથી.

## અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા

- શાળા/કોલેજ/સંસ્થાનું લાભાર્થીના ચાલુ અભ્યાસક્રમનું ઓરીજનલ બોનાફાઈડ સર્ટિફિકેટ.
- લાભાર્થીના તથા બાળકના પાસપોર્ટ સાઈઝના ફોટા
- બાળકના આધારકાર્ડની નકલ.
- બાળકની ગત વર્ષના પરિણામની નકલ અને ફી ભર્યાની પહોંચ.
- જો, લાભાર્થી હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતા હોય તો રજિસ્ટર હોસ્ટેલ/શાળા/કોલેજ/સંસ્થાનું સહી-સિક્કાવાળું પ્રમાણપત્ર મેળવવું.
- હોસ્ટેલ ફી ભર્યાની પહોંચ.
- પુસ્તક સાધન સહાય માટે લાભાર્થી પાસેથી પુસ્તક ખરીદીનું ઓરીજનલ બીલ.
- જો, લાભાર્થીની અટક તેમજ નામ અલગ-અલગ પડતા હોય તો તેઓની પાસેથી ગેઝેટ/એફિડેવીટ.
- બેંકની પાસબુકના પહેલા પાનાની વિગત.
- એફિડેવીટ (રૂ. ૫૦૦૦ કે તેથી વધુની સહાય માટે) અથવા સંમતિપત્ર (સરકારશ્રીના જાહેરનામા મુજબ)

પીએચ.ડી.ના અભ્યાસક્રમ માટેની યોજનાની વધુ માહિતી તથા અરજી માટે સ્કેન કરો

'મારી યોજના' પોર્ટલ એ રાજ્ય સરકારની પ્રજાલક્ષી વિવિધ યોજનાઓની પ્રાથમિક માહિતી એક જ મંચ પર ઉપલબ્ધ કરાવતું યુઝર ફ્રેન્ડલી ડિજિટલ પ્લેટફોર્મ છે, જે માત્ર એક ક્લિકથી પૂરી પાડશે તમામ યોજનાઓની માહિતી.

# વિકાસ અને વસંતના વધામણા



**Published on Date : 16-2-2026**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2024-26 Valid upto 31/12/2026, LPWP No. WPP PMG/NG/061/2024-26 Valid upto 31/12/2026
• Licensed to Post without Prepayment At Post : Ahmedabad Unaccountable L1 on every 3 to 15 and 22 to 30 E.M., Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**48 + 4 Cover = Total 52 Pages • Editor and Published by** Commissoner of Information on behalf of Commissonerate of Information,
Block No-19/1, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Government Photo Litho Press, Ahmedabad
• If undeliverd pl. return to, Information Department, Sector no. 10, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦